ભ. વ. ૨	बीजदाढर्यप्रकास्तु गृहे स्थित्वा स्वधर्मतः	**ગૃહ સેવા**	**૫૫**
ભ. વ. ૨	अव्यावृत्तो भजेत कृष्णं **બીજભાવ દઢ કરવા માટે બીજાનો સંગ કર્યા વિના ઘરમાં રહીને એકાગ્રતા પૂર્વક કૃષ્ણસેવા અને કથા–શ્રવણ કરવા.**	**અવ્યાવૃત્ત / અસંગ**	**૫૬**
ભ. વ. ૩	व्यावृत्तोऽपि हरौ चित्तं श्रवणादौ न्यसेत् सदा **લૌકિક સંગ થાય તો પણ શ્રીહરિમાં ચિત્ત રાખીને સદા કથા શ્રવણ વ. પ્રયત્ન કરવો.**	**વ્યાવૃત્તની ભક્તિ**	**૫૭**
ભ. વ. ૩	ततः प्रेम तथासक्तिः व्यसनं च यदा भवेत् **તેથી જ્યારે પ્રેમ – આસક્તિ – વ્યસન સિદ્ધ થાય ત્યારે બીજ ભાવ દઢ થાય છે.**	**ભક્તિ**	**૫૮**
ભ. વ. ૪	स्नेहाद् रागविनाशः स्याद् आसक्त्या स्याद् गृहारुचिः गृहस्थानां बाधकत्वम् अनात्वमत्वं च भासते यदा स्यात् व्यसनंकृष्णे **બીજ દઢ થતાં સ્નેહથી રોગનો નાશ થાય છે. આસક્તિથી ઘરમાં અરૂચિ થાય છે.** **ઘરમાં રહેનારાનો સંબંધ બાધક બને છે અને તેનામાં આત્મીયતા જાગતી નથી.** **જ્યારે વ્યસન થાય છે ત્યારે જ કૃતાર્થ થવાય.**	**સ્નેહઆસક્તિવ્યસન**	**૫૯**

ભ. વ. ૮	अतः स्थेयं हरिस्थाने तदीयैः सह तत्परैः अदूरे विप्रकर्षे वा यथा चितं न दुष्यति **આથી હરિસ્નાનમાં તદિયો સાથે તત્પર થઈને નજીક અથવા દૂર એવી રીતે રહેવું કે જેથી ચિત્તમાં દોષ ન આવે.**	**તદીયસંગ**	**૬૦**
ભ. વ. ૭	त्यागे बाधकभूयस्त्वं दुःसंसर्गात् तथान्नतः **સત્સંગનો ત્યાગ કરવામાં દુઃસંગને લીધે તથા અન્નને લીધે ઘણા બાધક આવે છે.**	**બાધક સંગ–અન્ન**	**૬૧**
ભ. વ. ૯	सेवायां वा कथायां वा यस्यासक्तिर्दृढा भवेत् यावद्जीवं तस्य नाशो न क्वापीति मर्तिर्ममम **જેની સેવા અથવા કથામાં જીવે ત્યાં સુધી આસક્તિ થઈ હોય તેના ભાવનો કોઈ પણ પ્રસંગે નાશ થતો નથી. એવો મારો (શ્રીવલ્લભનો) અભિપ્રય છે.**	**સેવા / કથા**	**૬૨**
જ. ભે. ૧૭	सर्वानेव गुणान् विष्णोः वर्णयन्ति विचक्षणाः तें ऽमृतोदाः' समाख्याताः तद्–वाक्–पानं सुदुर्लभम् **જેઓ નિર્ગુણપણે સચ્ચિદાનંદરૂપ શ્રી હરિના બધા જ ગુણોનું વર્ણન કરે છે તેવા વિચક્ષણો અમૃતના સમુદ્ર જેવા છે. તેમના રચનામૃતનું પાન અતિ દુર્લભ છે.**	**ઉત્તમ વક્તા**	**૬૩**
પં. પ. ૧	श्रीकृष्णरसविक्षिप्त – मानसारतिवर्जिताः अनिर्वृता लोकवेदे ते मुख्याः श्रवणोत्सुकाः **શ્રીકૃષ્ણના રસમાં જેમનું મન તલ્લીન છે, ભગવાન સાથે જેમને આંતર રમણ છે, જેઓ લોક તથા વેદમાં સ્વસ્થતાને પામેલા નથી અને કથા શ્રવણમાં ઉત્સાહવાળા છે તેઓ કથાશ્રવણના મુખ્ય અધિકારી છે.**	**ઉત્તમ શ્રોતા**	**૬૪**
સં. નિ. ૬	विषयाक्रान्तदेहानां नावेशः सर्वदा हरेः **વિષયથી ભરપુર દેહવાળાઓનું કોઈ પણ સમયે હરિમાં આવેશ થતો નથી.**	**વિષયી**	**૬૫**
સં. નિ. ૭	विरहानुभवार्थन्तु परित्यागः प्रशस्यते **વિરહના અનુભવ માટે ઘર વ. ના ત્યાગની પ્રસંશા કરવામાં આવી છે.**	**ત્યાગ – વિરહ**	**૬૬**
સં. નિ. ૮	कौण्डिन्यो गोपिकाः प्रोक्ताः गुरवः साधनं च तद् **કૌણ્ડિન્ય ઋષિ અને ગોપીઓને ગુરુ કયા છે તેમને કરેલા સાધનો શ્રેષ્ઠ છે.**	**ગુરુ**	**૬૭**
સં. નિ. ૮	तत् भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते **ભાવના દ્વારા ભાવ સિદ્ધ થાય છે તે સિવાય બીજું સાધન ઈચ્છવા યોગ્ય નથી.**	**ભાવના**	**૬૮**

સં. નિ. ૯	विकलत्वं तथास्वास्थ्यं प्रकृतिः प्राकृतं नहि ज्ञानं गुणाश्च तस्यैवं वर्तमानस्य बाधकाः **વિકળતા અને અસ્વસ્થતા વિરહનો સ્વભાવ છે, તે ખરેખર પ્રાકૃત નથી, તે રીતે રહેનારને જ્ઞાન તથા ગુણો બાધક છે.**	વિકળતા	૬૯
સં. નિ. ૧૯	हरिरत्र न शक्नोति कर्तुं बाधां कुतोऽपरे ! अन्यथा मातरो बालान् न स्तन्यैः पुपुषुः क्वचित् **હરિ અહીં વિઘ્ન કરી શકતા નથી તો બીજાઓ કયાંથી કરી શકે ? એમ ન હોય તો માતાઓએ બાળકોને ધાવણથી કોઈ સ્થળે પોષણ કર્યું ન હોય.**	સ્નેહ	૭૦
નિ. લ. ૩	उद्धवागमने जात उत्सवः सुमहान् यथा वृन्दावने गोकुले वा तथा मे मनसि क्वचित् **ઉદ્ધવજી પધાર્યા ત્યારે શ્રી વૃંદાવનમાં અથવા શ્રીગોકુળમાં જેઓ અત્યંત મોટો ઉત્સવ થયો તેવો મારા મનમાં કોઈકવાર આવો.**	મનોરથ	૭૧
નિ. લ. ૬	गुणगाने सुखावाप्तिः गोविन्दस्य प्रजायते **ભગવાનના ગુણગાન ગાવાથી સુખ પ્રાપ્તિ થાય છે.**	ગુણગાન	૭૨
નિ. લ. ૭	क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत् तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहिः **ભગવાન પોતાની પ્રાપ્તિ માટે કલેશ પામતા ભક્તજનોને જોઈને કૃપાવાળા થાય ત્યારે હૃદયમાં રહેલા સર્વાંશ સંપૂર્ણ સદાનંદ શ્રીકૃષ્ણ બહાર પ્રકટ થાય છે.**	વિરહભાવ	૭૩
નિ. લ. ૮	कृपानन्दः सुदुर्लभः **ભગવાનનો કૃપારૂપી આનંદ અત્યંત દુર્લભ છે.**	કૃપાનંદ	૭૪
નિ. લ. ૧૩	गुणेष्वाविष्ट–चित्तानां सर्वदा मुरवैरिणः? संसार–विरह–क्लेशौ न स्यातां हरिवत् सुखम् **મુરારીભગવાનના ગુણોમાં સર્વ વખતે જેમનું ચિત્ત એકતાન થયું છે તેવા ભક્તને અહંતા મમતાત્મક સંસાર અને પ્રભુના વિરહથી થતો કલેશ નહિ થાય. પ્રભુની માફક સુખ જ થાય છે.**	સંસાર નિવૃત્તિ	૭૫
નિ. લ. ૧૮	श्रवणं कीर्तनं स्पष्टं पुत्रे कृष्णाप्रिये रतिः **શ્રવણ – કીર્તન સ્પષ્ટ રીતે થઈ શકે છે તે સંતાનોને કૃષ્ણ પ્રિય છે તેનામાં પ્રિતિ રાખવી.**	પ્રભુમાં વિનિયોગ	૭૬

સે. ફ. ૨	फलं वा ह्यधिकारो वा न कालोऽत्र नियामकः **ફળ અથવા અધિકાર મળવામાં કાળ અહીં નિયામક નથી.**	કાળની અબાધકતા	૭૭
સે. ફ. ૨	उद्वेगः प्रतिबन्धो वा भोगो वा स्यात्तु बाधकम् **સેવમાં ઉદ્વેગ, પ્રતિબંધ અથવા ભોગ ચોક્કસ બાધક છે.**	પ્રતિબંધ	૭૮
સે. ફ. ૭	पुष्टौ नैव विलम्बयेत् **ભગવાન કૃપા કરવામાં કદિ વિલંબ કરતા નથી.**	પુષ્ટિ	૭૯
સે. ફ.વિ.	सेवायां फलं त्रयम् अलौकिकः सामर्थ्यम् सायुज्यम् सेवोपयोगि देहो वा वैकुंठादिषु **સેવાના ત્રણ ફળ છે. અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય અથવા વૈકુંઠ વ. માં સેવામાં ઉપયોગી દેહ મળવો તે છે.**	સેવાના ફળ	૮૦

વાર્તા – ૧

I

(શ્રીગુસાંઈજીના પ્રથમ સેવક)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
	પદ્માવતી	**તામસ**	**સાઠોદરા બ્રાહ્મણ**	**ગોધરા**
ભટ્ટાણી	**કંદુકી**			

પૂર્વ પ્રસંગ

સગાં વહાલાનું મૃત્યુ – ધન લૂંટાઈ ગયું જેથી દુઃખી થયા

વિ.ધૈ.આ. ૧ विवेकस्तु हरिः सर्वं निजेच्छातः करिष्यति **હરીચ્છા**

રાણાવ્યાસની કૃપાથી શરણે આવ્યા.

પ્રસંગ

૧. નાગજીના દીકરીના લગ્ન માટે ખંતાતના વૈષ્ણવોએ હૂંડી મોકલી તે નાગજીએ ન વાપરતાં શ્રીગુસાંઈજી પાસે લઈ આવ્યા. તેમની ગેરહાજરીમાં દીકરીનું લગ્ન ભગવદ્ કૃપાથી સારી રીતે સંપન્ન થયું.

અં. પ્ર. ૫ सेवकस्यतु धर्मोऽयं स्वामी स्वस्य करिष्यति **સેવકધર્મ**

૨. હાકેમે પટ્ટો વધરાવવા આપેલા ૨૦૦)– શ્રીગુંસાઈજી માટેના ચીરમાં વાપરી નાખ્યા.

સિ. ૨. ૫ निवेदिभिः समर्प्यैव सर्वं **સમર્પણ**

૩. નાગજી શ્રીગુસાંઈજીને આરોગાવવા કેરી લાવ્યો હતો તે તેમને શ્રીરણછોડજી, શ્રીનાથજી તથા શ્રીનવનીતપ્રિયજીને માટે મોકલી દીધી તેથી નાગજી શ્રીગુંસાઈજી માટે બીજી કેરી લાવી આરોગાવી.

સિ. ૨. ૬ तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् **સમર્પણ**

૪. તે શ્રીગુસાંઈજીના દર્શને આવ્યા હતા પણ આપ અડેલ બિરાજતા હતા અને અહીં ભિતરીયાઓ બિમાર હોવાથી રામદાસની વિનંતીથી શ્રીજીદ્વાર રોકાઈ જવું પડ્યું.

ન. ૨. ૭ सेवा कृतिर्गुरोराज्ञा बाधनं वा हरीच्छया **ગુરુ આજ્ઞા/ભગવદ્સુખ**

અં. પ્ર. ૪ आज्ञेव कार्या सततं स्वामिंद्रोहोऽन्यथा भवेत् **આજ્ઞા પાલન**

૫. શ્રીગુસાંઈજી માટે કેરી લાવીને ધરી.

અં. પ્ર. ૪ सत्यसङ्कल्पतो विष्णुः नान्यथातु करिष्यति **સત્ય સંકલ્પતા**

અં. પ્ર. ૮ सर्वं समर्पितं भक्त्या कृतार्थोऽसि सुखी भव **સમર્પણ**

ઉદ્‌ગાર વાકયો

૧. શ્રીમહાપ્રભુજી – તમે લાલન પાસે જઈ નામ પામો.
૨. શ્રીગુસાંઈજી – મારો નાગ આજ આવવો જોઈએ.
૩. નાગજી – મહારાજ ! પેલા ડોશીમાને ત્યાં ત્રણ દિવસ સખડી મહાપ્રસાદ લઈને અબઘડી આવ્યો છું.

૪. શ્રીગુસાઈજી – આ તો મારા નાગનું કામ છે.
૫. શ્રીગુંસાંઈજી – આ ચીર તો શ્રીસ્વામીનીજીને લાયક હતું તમે કેમ પહેર્યું ?
૬. નાગજી – રાજ, મારે દ્વારિકા સાથે શી લેવા દેવા ? મને તો આપનાં દર્શન થયા એટલે બધા મનોરથો પૂરા થયા.
૭. શ્રીગુસાંઈજી – આ શ્રીરણછોડજી, શ્રી આચાર્યજી મહાપ્રભુએ માનેલા છે તેથી આ સ્થળે મારો સંબંધ છે.
૮. શ્રીગુસાંઈજી – તું બધી કેરી રણછોડજીમાં કેમ ન લાવ્યો ? અમારાથી છૂપાવ્યું કેમ ?
૯. નાગજી – અમે તો આપને વેચાઈ ચૂકયા છીએ અમને તો શ્રીરણછોડજી આપે બતાવ્યા છે વળી અમે બધું છોડીને આપના ચરણોમાં લાગ્યા છીએ માટે કેરીઓ અંગીકાર કરો.
૧૦. શ્રીગુસાંઈજી – શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયજી આરોગ્યા ત્યાં હું પણ આરોગ્યો તુ ત્યાં જ બધી કેરીઓ કેમ ન આપી આવ્યો ?

તત્વબોધ

૧. વૈષ્ણવો શ્રીગુંસાઈજીના અંગરૂપ છે. આવા વૈષ્ણવો પ્રતિ શ્રીગુરુદેવ સમાન જ ભાવ રાખવો.

૨. વૈષ્ણવના અપરાધથી ડરતા રહેવું. શ્રીઠાકોરજી અને વૈષ્ણવોમાં પણ કંઈ ભેદ નથી.

૩. વૈષ્ણવોનું ધન લૌકિકમાં ખરચવું નહિ. વૈષ્ણવનું ધન તો પ્રભુ અર્થે જ વપરાય.

સિ. ૨. ૬ तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् **સમર્પણ**

૪. વૈષ્ણવ ઘરમાં પધારવાના હોય તો તેમના આવવાની આતુરતા જોઈએ.

૫. પ્રભુ તો ભકતવત્સલ છે તે સદૈવ પોતાના ભકતની ચિંતા રાખે છે માટે ભકતે ચિંતા ન કરવી.

ન. ૨. ૮ हरिर्यद्यत् करिष्यति तथैव
तस्य लीलेति मत्वा चिन्तां द्रुतं त्यजेत **પ્રભુની લીલા**

૬. વૈષ્ણવના સંગે રહેવાથી વૈષ્ણવના હૃદયનો ભાવ જણાય.

ન. ૨. ૨ निवेदनन्तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः **સત્સંગ**

૭. સખડી પૂર્ણ સ્નેહનું સ્વરુપ છે. ઉત્તમ વૈષ્ણવ જાણીએ તેનો જ્ઞાતિબાધ ન રાખવો.

૮. વૈષ્ણવનું સ્વરુપ જણાય તો શ્રીગુંસાઈજી પ્રસન્ન થાય.

૯. આસક્તિવાળાને ઘરમાં અરુચી થાય.

ભ. વ. ૪ स्नेहाद् रागविनाशः स्याद् आसक्त्या स्याद् गृहारुचिः
गृहस्थानां बाधकत्वम् अनात्वमत्वं च भासते
यदा स्यात् व्यसनंकृष्णे **સ્નેહ આસક્તિ વ્યસન**

૧૦. દ્રવ્ય ન હોય તો વહેવાર સાદાઈથી કરવો.

૧૧. લૌકિક દ્રવ્ય ભૌતિકમાં વપરાય તથા અલૌકિક અલૌકિકમાં અને જે દ્રવ્ય વાપરવું પડે તે પ્રભુની આજ્ઞા લઈને વાપરવું કે જેથી સેવામાંથી ચિત્ત ન ચળે.

૧૨. પ્રભુ ઉત્તમ વસ્તુના ભોકતા છે. તેથી તેવી વસ્તુ ખરીદીને ધરવી. જો તે શકય ન હોય તો માનસીમાં પણ ધરવી.

૧૩. પોતાનો ભાવ ગુપ્ત રાખવો. પોતાનો યશ ન વધારવો.

૧૪. પ્રભુ સ્વપ્નમાં આજ્ઞા કરે તે પ્રભુ સુખાર્થે હોય તો માથે ચઢાવવી.

ન. ૨. ૭ सेवा कृतिर्गुरोराज्ञा बाधनं वा हरीच्छया **ગુરુઆજ્ઞા/ભગવદ્ સુખ**

૧૫. ઉત્તમ ભકત મનોરથ પૂરક છે.

૧૬. તીર્થનું માહાત્મ્ય જાણીને જાય તો અન્યાશ્રય થાય, પણ શ્રીવલ્લભના સંબંધે જવું.

વિ.ધૈ.આ. ૧૪ अन्यस्य भजनं तत्र स्वतोगमनमेव च,
प्रार्थना कार्यमात्रेऽपि तथान्यत्र विवर्जयेत् **અન્યાશ્રય**

૧૭. વૈષ્ણવોમાં દઢતાની સાથે દીનતા પણ જોઈએ.

વિ.ધૈ.આ. ૩ अभिमानश्च सन्त्याज्यः स्वाम्यधीनत्व–भावनात् **અભિમાન**

૧૮. વૈષ્ણવને પોતાના ઠાકોરથી દૂર જવાનું થાય તો તાપ – આર્તી રહેવી જોઈએ.

૧૯. ગુરુથી સમાનતા કોઈ પણ પ્રકારે ન કરવી.

૨૦. ભાવની વૃદ્ધિ માટે શ્રીઆચાર્યજી વ. ના ગ્રંથોનો અભ્યાસ કરવો. અને દીનતાપૂર્વક ગુરુ પાસેથી સમજવા.

૨૧. આપણી એક નિષ્ઠાવાળી અવ્યભિચારીણી ભકિત જોઈએ. અને શ્રીઠાકોરજીનું પ્રાગટય જ ફળ છે. આપણે ત્યાં પ્રેમ લક્ષણા ભક્તિની મુખ્યતા કહી છે. વ્રજભકતો સાથે પ્રભુની લીલાભાવના કરવાથી સર્વફળનો અનુભવ થાય.

૨૨. ભાવમાં ઉતર – ચઢ ન આવવો જોઈએ. એક સરખો ભરપૂર ભાવ રહેવો જોઈએ.

વાર્તા – ૨

(પદ્મા રાવળના દિકરા)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
	રસવિલાસીની	**સાત્વિક**	**સાંચોરા બ્રાહ્મણ**	**ઉજ્જૈન**
ભટ્ટાણી	**વસુધા**			

પૂર્વ પ્રસંગ શ્રીગુંસાઈજી ઉજજૈન પધાર્યા ત્યારે સપરિવાર સેવક થયા.

પ્રસંગ

૧. કૃષ્ણભટ્ટ માટે સુબોધીનીજી ઉપર ટીપ્પણી કરી.

સિ. મુ. ૧૮ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः **અનુગ્રહ**

૨. કૃષ્ણભટ્ટનો શ્રીગોવર્ધનનાથજીના ચરણસ્પર્શ કરવાનો મનોરથ શ્રીગુસાંઈજીની કૃપાથી પૂરો થયો.

સિ. મુ. ૧૮ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः **અનુગ્રહ**

૩. કૃષ્ણભટ્ટને શ્રીગુંસાઈજીએ શ્રીનાથજીના લીલા સમગ્રી સહિત દર્શન કરાવ્યા.

સિ. મુ. ૧૮ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः **અનુગ્રહ**

૪. કૃષ્ણભટ્ટ આવ્યા–ગયા વૈષ્ણવોની સરભરા સારી કરતા.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૫. પ્રભુ કઈ રીતે રિઝે તેનો ઉપાય કૃષ્ણભટ્ટે વૈષ્ણવોને બતાવ્યો.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૬. શ્રીગુસાંઈજીની આજ્ઞા થતાં (જોકે શ્રીઠાકોરજી તેમને ન્હોતા જવા દેવા માંગતા તો પણ) અત્યંત સ્નેહ વિવશતાના કારણે ગોકુળ ગયા.

ન. ૨. ૪ यैः कृष्णसात्कृतप्राणैः तेषां का परिदेवना **કૃષ્ણમાં ચિત્ત**

૭. નાગજી ભટ્ટ સાથે રાતદિવસ સુધી એકાંતમાં સત્સંગ કર્યો.

નિ. લ. ૬ गुणगाने सुखावाप्तिः गोविन्दस्य प्रजायते **ગુણગાન**
ન. ૨. ૨ निवेदनन्तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः **સત્સંગ**

૮. રાસધારીઓ પાસે રાસ કરાવી અલૌકિક રાસના દર્શન કરાવ્યા.

સે.ફ.વિ. सेवायां फलं त्रयम् अलौकिकः
सामर्थ्यम् सायुज्यम् सेवोपयोगि देहो वा वैकुंठादिषु **સેવાના ફળ**

૯. કૃષ્ણભટ્ટે વસંત પંચમી થોડીક ચોથમાં મનાવી.

૧૦. નિહાલચંદભાઈ સાથે મહાવનમાં ગુફામાં બેસી સત્સંગ કરતાં દેહભાન ન રહ્યું.

નિ. લ. ૬ गुणगाने सुखावाप्तिः गोविन्दस्य प्रजायते **ગુણગાન**
ન. ૨. ૨ निवेदनन्तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः **સત્સંગ**

૧૧. વેણુગીતનો પ્રસંગ વૈષ્ણવોને જે શ્રીગુસાંઈજીથી ન સમજાયો તે કૃષ્ણભટ્ટથી સમજાઈ ગયો.

૧૨. વૈષ્ણવો માંગી માંગીને પ્રસાદ લેતા તે જ શ્રીઠાકોરજીનું માંગવું જાણવું.

૧૩. વૈષ્ણવો ચાચાજી સાથે સત્સંગ કરતા ત્યારે શ્રીઠાકોરજીની હાજરીના કારણે સોંધાની સુગંધ આવતી.
સિ. મુ. ૧૧ परमानन्द–रूपेतु कृष्णो स्वात्मनि निश्चयः

૧૪. કૃષ્ણભટ્ટ સેવા કથામાં જ રહેતા હોવાથી વેદકર્મ કરી શકતા નહિ.
સિ. મુ. ૧ कृष्णसेवा सदा कार्या **કૃષ્ણ સેવા**
પુ.પ્ર.મ. ૧૨ भगवद्–रूप–सेवार्थं **સેવા**

૧૫. છેલ્લી વેળા હતી ત્યારે નાથદ્વારા જતાં રસ્તામાં જ કૃષ્ણભટ્ટનો દેહ છૂટયો ત્યારે શ્રીગોકુળનાથજીએ તેમને શ્રીનાથમંદિરમાં દેખ્યા.

ઉદ્‌ગાર વાકયો

૧. કૃષ્ણભટ્ટ – મહારાજ, મારી ઈચ્છા રાજની સેવા કરવાની છે.

૨. કૃષ્ણભટ્ટ – (મનમાં) આમ તો શ્રીનાથજીનો ચરણસ્પર્શ માખી પણ કરે છે પણ એને જ્ઞાન તો છે નહિ. એટલે જયારે શ્રીગોવર્ધનનાથજી પોતે કૃપા કરીને શ્રીગુંસાઈજીની કાનીથી પોતે જ પોતાના બંને ચરણારવિંદ મારા માથે ધરે ત્યારે હું જાણીશ કે શ્રીગોવર્ધનનાથજીએ ચરણારવિંદનો સ્પર્શ કરાવ્યો.

કૃષ્ણભટ્ટ – મહારાજાધિરાજ, શ્રીગોવર્ધનનાથજી પોતે સાચું કહે છે પણ એક વિનંતી મારી પણ શ્રીગોવર્ધનનાથજીને પૂછો કે કૃષ્ણભટ્ટને આપના ચરણારવિંદની યોગ્યતા થઈ છે ? અને થઈ હોય તો આપ કૃષ્ણભટ્ટને સ્પર્શ કરાવશો ?

૩. શ્રીગુસાંઈજી – કૃષ્ણભટ્ટ, તારું મોટું ભાગ્ય છે ! હવે તું ચરણારવિંદનો સ્પર્શ કર.

૪. શ્રીનાથજી – કૃષ્ણભટ્ટ એ દર્શન તો અલૌકિક દેહથી થાય.

૫. કૃષ્ણભટ્ટ વૈષ્ણવોને કહેતા – ગોકુળ જઈને કંઈક કમાઈ આવજો એવું ન કરતા કે કંઈક ગાંઠનું પણ ગુમાવી આવો !

૬. શ્રીઠાકોરજી – કૃષ્ણભટ્ટ તું ઝટ આવ. તારા વગર તો મને અહીં ગોઠતું નથી.

૭. કૃષ્ણભટ્ટ – મહારાજ ! મને તો શ્રીગુસાંઈજીએ બોલાવ્યો છે અને તમને તો શ્રીગુસાંઈજીએ મને દેખાડયા છે, તેથી પહેલા, હું શ્રીગોકુળ જઈ શ્રીગુસાંઈજીના દર્શન કરી ઝટ કરતોકને આવું છું.

૮. શ્રીગુસાંઈજી – નાગીયા, તને માર્ગમાં ઘણા દિવસ થયા.

૯. બાઈએ પૂછયું – ‘બીજા પાંચ વૈષ્ણવો કયાં છે ?’

૧૦. કૃષ્ણભટ્ટ – હાય હાય મેં શ્રી ઠાકોરજીને ખૂબ શ્રમ આપ્યો !

૧૧. રામદાસજી – મહારાજ, આજ શ્રીનાથજી કોને ઘેર વસંત ખેલ્યા છે ?

૧૨. શ્રીગુસાંઈજી – તમે બન્ને જણ કૃષ્ણભટ્ટ પાસે જાવ એ તમારો સંદેહ દૂર કરશે.

૧૩. શ્રીગુસાંઈજી – ભોર ભયે જાનીયે

૧૪. રામદાસજી ગોકુલનાથજીને – મહારાજ કૃષ્ણભટ્ટને શ્રીનાથજીના મંદિરમાં જતાં તો જોયા પણ બહાર નીકળતા જોયા નથી.

તત્વબોધ

૧. કાચી દશાવાળાને ખૂબ જ વિરહ થાય. વિરહને જીરવી ન શકે.

૨. વૈષ્ણવના સંગે માર્ગમાં દ્રઢતા થાય.

૩. વૈષ્ણવોનો યથા યોગ્ય સત્કાર કરવો તથા ગુપ્ત રીતે મદદ પણ કરવી કે જેથી પોતાની મોટાઈ ન થાય.

૪. માર્ગના ગ્રંથોનો અભ્યાસ કરી સાથેના વૈષ્ણવોની સાથે પણ સત્સંગ કરવો.

૫. ચરણસ્પર્શ કરવા એ તો ક્રિયા છે જયારે શ્રીનાથજી અધિકાર જાણીને સ્પર્શ કરાવે તેમાં સાર્થકતા છે.

૬. અપાર દીનતાથી પ્રભુ રીઝે.

૭. ભાવ દ્દઢ થયા પછી ક્રિયાની અપેક્ષા નથી.

૮. શ્રીગુસાંઈજી કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્ સમર્થ છે.

૯. અલૌકિક સ્ત્રીભાવ વિના પુરુષદેહથી વ્રજભકતો સહિત લીલાનાં દર્શન ન થાય.

૧૦. જીવે શ્રીઆચાર્યજી તથા શ્રીગુસાંઈજીનો આશ્રય દ્દઢ રાખવો.

૧૧. ગોકુળમાં જઈએ તો શ્રીઠાકોરજીનાં દર્શન હ્રદયમાં રાખવા. ત્યાંના લોકોના દોષ ન જોવા.

૧૨. પ્રભુ તો તદીયની આડીથી જ રીઝે.
ભ. વ. ૮ अतः स्थेयं हरिस्थाने तदीयैः सह तत्परैः
अदूरे विप्रकर्षे वा यथा चितं न दुष्यति **તદીયસંગ**

૧૩. સામાન્ય રીતે ગુરુ આજ્ઞા કરતાં જો અન્ય આજ્ઞા પ્રભુ સુખાર્થે હોય તો તે ભગવદ્ આજ્ઞા માનવી પણ ગાઢ પ્રેમમાં આજ્ઞા ઉથાપાઈ જાય તો તે બાધક નથી.
ન. ૨. ૭ सेवा कृतिर्गुरोराज्ञा बाधनं वा हरीच्छया **ગુરુઆજ્ઞા/ભગવદ્ સુખ**

૧૪. ગુરુદેવનો પત્ર આવે તે પણ મહા ઉત્સવરૂપ છે.
નિ. લ. ૩ उद्धवागमने जात उत्सवः सुमहान् यथा
वृन्दावने गोकुले वा तथा मे मनसि क्वचित् **મનોરથ**

૧૫. સત્સંગ એવો કે જેમાં દેહભાન પણ ભૂલાઈ જાય.
પં. ૫. ૧ श्रीकृष्णरसविक्षिप्त – मानसारतिवर्जिताः
अनिर्वृता लोकवेदे ते मुख्याः श्रवणोत्सुकाः **ઉત્તમ શ્રોતા**

૧૬. પ્રભુને શ્રમ થાય તેવું કયારેય ન કરવું.

૧૭. શુદ્ધ દિવસ – કાળ જોઈને ઉત્સવ મનાવવો તે માર્ગની શાસ્ત્રીય મર્યાદા છે અન્યથા ભકતવત્સલતા વશ શ્રીઠાકોરજીને શ્રમ થાય.

૧૮. સત્સંગ કે સેવાથી અધિક શ્રીગુસાંઈજીમાં પ્રીતિ હતી.

૧૯. વૈષ્ણવ ઘરે આવે તો પ્રસન્નતાથી તેમનું સમાધાન કરવું.

૨૦. વૈષ્ણવોના હ્રદયમાં શ્રીઠાકોરજી બીરાજે છે જેથી તેઓ માંગી માંગીને લે ત્યારે શ્રીઠાકોરજી માંગીને લે છે તેમ જાણવું.

૨૧. વૈષ્ણવો સત્સંગ કરે ત્યાં શ્રીઠાકોરજી અવશ્ય પધારે છે. શ્રીઠાકોરજી વૈષ્ણવોની વાર્તા સાંભળવાના ખૂબ વ્યસની છે.

૨૨. ભગવદ્ સેવા સર્વોપરી છે. તેમાંથી સમય મળે ત્યારે વેદકર્મ કરવા. (સ્વદાસોર્થ કૃતઃ અંશેન સાધન) ભગવદ્ સેવા આગળ લૌકિક વૈદિક તુચ્છ છે.

પુ. પ્ર. મ. ૨૦ लौकिकत्वं वैदिकत्वं कापटयात् तेषु नान्यथा **કાપટય**

૨૩. સ્નેહની આ રીત છે કે સ્નેહીને મળ્યા વગર ન રહ્યું જાય.

૨૪. ભાવનાથી સ્વરુપનો આવિર્ભાવ થાય.

સં. નિ. ૮ तत् भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते **ભાવના**

| |

વાર્તા – 3

(જેમના સંગે અનેક દૈવી જીવો શરણે આવ્યા.)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
	ચંદ્રકળા	**રાજસ**	**ક્ષત્રીય**	**પટના પાસે**
માઘોદાસ	**કોકીલકંઠી**		**ક્ષત્રીય**	**ખંભાત**
જીઉ પારેખ	**મહીમતિ**		**વૈશ્ય**	**ખંભાત**
સહજપાલ	**ચંદ્રભાનગોપ**		**વૈશ્ય**	**ખંભાત**
રજપૂત દીકરી	**નવીના**		**રજપૂત**	**ખંભાત**

પૂર્વ પ્રસંગ બાળપણમાં માતા–પિતા મર્યા. વૈરાગી સ્વભાવના કારણે યાત્રા કરતાં કાશીમાં શ્રીગુસાંઈજીના અલૌકિક દર્શન થતાં તથા વિદ્વત્તા જાણતાં શરણે આવ્યા.

પ્રસંગ

૧. ચાચાજીના સંગે ખંભાતના માઘોદાસ, સહજપાલ દોશી તથા જીઉ પારેખ સેવક થયા.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૨. ભીલોને શ્રીગુસાંઈજીના સેવક કરાવ્યા.

સિ. ૨. ૨ ब्रह्म–सम्बन्ध–करणात् सर्वेषां देह–जीवयोः सर्व–दोष–निवृत्तिः **દોષનિવૃત્તિ**

૩. રજપૂતની દીકરી શ્રીનાથજીને અંગીકાર કરાવી.

અં. પ્ર. ૮ सर्वं समर्पितं भक्त्या कृतार्थोऽसि सुखी भव **સમર્પણ**

૪. ચાચા હરિવંશજી જે માર્ગે જાય તે માર્ગે કોઈને કોઈ વૈષ્ણવ તો થાય જ.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૫. ક્ષત્રી વૈષ્ણવે આપેલ લોટીથી ચાચાજીએ જળ પીધું.

પુ. પ્ર. મ. ૧૬ शुद्धाः प्रेम्णातिदुर्लभाः **શુદ્ધભક્તો**
પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**
પુ. પ્ર. મ. ૨૦ लौकिकत्वं वैदिकत्वं कापटयात् तेषु नान्यथा **કાપટય**

૬ ચાચાજી તથા શ્રીગુંસાઈજીએ ઊભે ઊભે જ કલાકો સુધી અલૌકિક સત્સંગ કર્યો કે દેહભાન ન રહ્યું.

ન. ૨. ૮ हरिर्यद्यत् करिष्यति तथैव तस्य
लीलेति मत्वा चिन्तां द्रुतं त्यजेत **પ્રભુની લીલા**
ભ. વ. ૧ बीजभावे दृढे तु स्यात् त्यागात् श्रवणकीर्तनात् **શ્રવણ કીર્તન**
ન. ૨. ૨ निवेदनन्तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः **સત્સંગ**

૭ ચાચાજીએ ભીતરીયાઓને શંખનાદ કરી ઠાકોરજીને જગાડતાં રોકયા.

૮ શ્રીનાથજીના શ્રીગુસાંઈજી પરના સ્નેહના ચાચાજીને દર્શન થયા.

૯ ચાચાજીની પીડાથી શ્રીગુસાંઈજીને વિપ્રયોગ રહ્યો.

પુ. પ્ર. મ. ૯ पुष्टिं कायेन निश्चयः **પુષ્ટિ / સેવા**

૧૦ ચાચાજીએ શ્રીગુસાંઈજીને કહ્યું : આપ, શ્રીગોકુળ બિરાજો અને હું પરદેશ જઈશ.

બા. બો. ૧૫ नियतार्थ–प्रदानेन तदीयत्वं तदाश्रयः **તદાશ્રય**
સિ. મુ. ૨૦ अन्यथाभावमापन्नः तस्मात् स्थानात् च नश्यति **અન્યથા ભાવ**
વિ.ધૈ.આ. ૩ अभिमानश्च सन्त्याज्यः स्वाम्यधीनत्व–भावनात् **અભિમાન**
વિ.ધૈ.આ. ૫ धर्माधर्माग्र–दर्शनम् **ધર્મ–અધર્મવિચાર**

૧૧ અષ્ટાક્ષર મંત્રના બળે શ્રીજમુનાજીના જળ પર ચાલી શકયા.

ન. ૨. ૨. सर्वेश्वरश्च सर्वात्मा निजेच्छातः करिष्यति **સામર્થ્ય**

૧૨ ચાચાજીની વિનંતીથી શ્રીગોકુળનાથજી, દ્વારિકાજીના મીસે વૈષ્ણવો પર કૃપા કરી દર્શન દેવા પધાર્યા.

પુ. પ્ર. મ. ૧૨ भगवद्–रूप–सेवार्थं **સેવા**
નિ. લ. ૮ कृपानन्दः सुदुर्लभः **કૃપાનંદ**

૧૩ ચાચાજીએ શ્રીગોકુળનાથજી તથા શ્રીઘનશ્યામજીને માર્ગના ગ્રંથોનું વાંચન કરવા ટકોર કરી ત્યારે શોભાબેટીજી, શ્રીબાળકૃષ્ણજી તથા શ્રી ઘનશ્યામજી, શ્રીગોકુળનાથજીના મુખે કથા સાંભળતા હતા.

બા. બો. ૧૬ दोषाभावाय सर्वदा, श्रवणादि ततः प्रेम्णा सर्वं कार्यं हि सिध्यति **શ્રવણ**
ભ. વ. ૧ बीजभावे दृढे तु स्यात् त्यागात् श्रवणकीर्तनात् **શ્રવણ – કીર્તન**
જ. ભે. ૧૭ सर्वानेव गुणान् विष्णोः वर्णयन्ति विचक्षणाः
ते' ऽमृतोदाः' समाख्याताः तद्–वाक्–पानं सुदुर्लभम् **ઉત્તમ વક્તા**
પં. પ. ૧ श्रीकृष्णरसविक्षिप्त – मानसारतिवर्जिताः
अनिर्वृता लोकवेदे ते मुख्याः श्रवणोत्सुकाः **ઉત્તમ શ્રોતા**
નિ. લ. ૬ गुणगाने सुखावाप्तिः गोविन्दस्य प्रजायते **ગુણગાન**

ઉદ્ગાર વાક્યો

૧. શ્રીગુસાંઈજી – ચાચાજી અમે તો તમારે માટે જ અહીં સુધી આવ્યા છીએ.
૨. ચાચાજી – મહારાજ, રાજના વગર હું કયાં રહું ?
૩. ચાચાજી (સ્વગત) – સામગ્રી અતિ ઉત્તમ ભગવદ્ ભોગની યોગ્ય છે પણ વૈષ્ણવ થયા વીના આ સામગ્રી શ્રીનાથજીબાવા કેમ કરી અંગીકાર કરે ?
૪. શ્રીગુસાંઈજી – બાવા આજે પ્રેમમાં મગન, રસમાં તળબોળ કેમ છો ?
૫. શ્રીગુસાંઈજી – સેવકનો તો એ જ ધર્મ છે પણ પ્રભુને શ્રમ થાય ને !

૬. ચાચાજી – આ ક્ષત્રી શ્રીગુસાંઈજી પાસે નામ પામવા બેઠો હતો ત્યારે હું પણ તે સમયે ત્યાં બેઠો હતો. તે સમયની યાદ મને આવી ગઈ.
૭. વૈષ્ણવ – ધણીની વસ્તુ ધણી પાસે પહોંચે તો સારું.
૮. ચાચાજી – આપ શ્રીગોકુળ બિરાજો અને હું પરદેશ જઈશ.
૯. ચાચાજી – મેં ભગવન્નામ લીધું તે તો શ્રીઠાકુરજીએ સાંભળ્યું અને તારું હજી નથી સાંભળ્યું
૧૦. ચાચાજી શ્રીગોકુળનાથજીને – રાજ, આપ દ્વારિકાજી નહિ પધારો તો વલ્લભ કુળના કોઈ શ્રીદ્વારિકાજી નહિ પધારે.
૧૧. રામદાસજી – ચાચાજી સમાચાર તો ત્યારે કહેવાય કે કશું બાકી છોડી પધાર્યા હોય !
૧૨. ચાચાજી – રામદાજી, હવે તો પંચાધ્યાયી સઘળી પાઠ કરીએ છીએ.
૧૩. ચાચાજી શ્રીગોકુળનાથજી તથા શ્રી ઘનશ્યામજીને – બાવા બીજી વાત શી કરો છો ? હવે તો પોથી સંભાળો.
૧૪. શ્રીગિરધરજી – શ્રીવલ્લભ (શ્રીગોકુળનાથજી) વીના કોણ જુએ વિચારે !

તત્વબોધ

૧. ભગવાનને મેળવવાનો સતત ઉચાટ જીવમાં હોય તો પ્રભુ કૃપા કરે.

નિ. લ. ૭ क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत्
तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहिः **વિરહભાવ**

૨. વૈષ્ણવ સ્નેહીના સંબંધવાળાની પાસે દોડી જાય.
૩. શ્રીઠાકોરજી માટે ઉત્તમ વસ્તુ પૈસા આપીને લાવવી.

પુ. પ્ર. મ. ૧૨ भगवद्–रूप–सेवार्थं **સેવા**

૪. વૈષ્ણવ વિના શ્રીઠાકોરજી કોઈની વસ્તુ અંગીકાર કરતા નથી.
૫. અન્ય બહિર્મુખોથી પોતાનો ભગવદ્ સંબંધ છૂપાવવો.
૬. અવૈષ્ણવની વસ્તુ કિંમત ચૂકવ્યા વગર લેવાય નહિ કેમ કે તેને અન્ય સંબંધ છે.
૭. વૈષ્ણવથી અભક્ષ્ય કશું ખવાય નહિ. અનાજમાં મસૂર, ફળમાં ગાજર, મૂળા, ઉમરડાનું ફળ, તરબૂચ ન ખાવું કેમ કે તે તામસી છે જેથી ખાવાથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, લીલા પ્રાપ્તિમાં અંતરાય આવે.
૮. સેવાની રીતમાં બીજાનાં વાપરેલાં વાસણ ન વાપરવાં, નવા વાસણ વાપરવા, ઘર લીંપીને શુદ્ધ કરવું.
૯. વૈષ્ણવે પોતાનું રક્ષણ કરવું પણ બીજા પર આક્રમણ ન કરવું.
૧૦. જે કંઈ ખાઈએ તે શ્રીનાથજીને ભોગ ધરીને ખાવું.

સિ. ૨. ૬ तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम्**સમર્પણ**

૧૧. વૈષ્ણવ પ્રેમથી શ્રીઠાકોરને જે સામગ્રી ધરે તે આપ શ્રીગુસાંઈજીની આડીથી અંગીકાર કરે છે.
૧૨. આપણું ચાખેલું શ્રીઠાકોરજીને ન ધરાય.
૧૩. બધું પ્રભુની ઈચ્છાથી થાય છે પણ જીવે પોતાના તરફે તો ઉત્તમ સંગ જ કરવો.

૧૪. શરણે આવ્યા વિના આ માર્ગમાં દઢ અંગીકાર નથી.

કૃષ્ણાશ્રય ૧ कृष्णएव गतिर्मम **કૃષ્ણ શરણ**

૧૫. શ્રીઠાકોરજીના સુખાર્થે સેવા રીતમાં યોગ્ય ફેરફાર થઈ શકે, શ્રીઠાકોરજીને શ્રમિત જાણી શ્રીગુંસાઈજીએ જલ્દી સેન કરાવ્યા.

૧૬. પુષ્ટિમાર્ગમાં સેવા બાળભાવથી કરવી.

૧૭. સ્વામી સમક્ષ સેવકે પોતાની મર્યાદામાં જ રહેવું. દીનતા રાખવી.

૧૮. આપણી પાસે જે છે તે બધું પ્રભુનું છે, તે ભાવ એટલે સર્વાત્મભાવ, દરેક વૈષ્ણવમાં પ્રભુભાવ – શ્રીગુસાંઈજીનો ભાવ તે પણ સર્વાત્મભાવ.

૧૯. ઠાકોરજીમાં બાળભાવ જાણી ઉત્તમ બુદ્ધિ માટે સૂર્યોદય પહેલાં જગાડવા.

૨૦. ઉત્તમ ભગવદીયો શ્રીગુસાંઈજીના અંગરૂપ છે.

૨૧. સ્નેહના કારણે માહાત્મ્યભાવ ભૂલાવો ન જોઈએ.

૨૨. ભાવ દઢ થાય ત્યારે તે ફળરૂપ થાય.

૨૩. દ્રવ્ય માટે પરદેશ ન કરવું તે શ્રીગોકુલનાથજીનો બોધ હતો.

૨૪. દરેકે શ્રીવલ્લભ, શ્રીવિઠ્ઠલના ગ્રંથોનું પઠન નિત્ય કરવું જ જોઈએ.

મુ । દાસ

વાર્તા – ૪

(જેના સંગે નારાયણદાસ દીવાન શરણે આવ્યા)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
	મંદાકિની	**સાંત્વિક**	**સૂર્યદ્વિજ બ્રાહ્મણ**	**પૂર્વના**
નારાયણદાસ	**પ્રેમલતા**		**ક્ષત્રીય**	

પૂર્વ પ્રસંગ

ઘર છોડીને સંન્યાસી સાથે કાશી આવ્યા. ત્યારે મણિકર્ણિકા ઘાટ પર સ્નાન કરતાં શ્રીગુસાંઈજીનાં દર્શન કરતાં તેમનામાં મગ્ન થયા.

પ્રસંગ

૧ નારાયણદાસને ત્યાં ચાકર રહ્યા પણ તે શરતે કે એક પ્રહર દિવસ ચઢે આવીશ અને બે ઘડી દિવસ બાકી રહે ત્યારે ચાલ્યો જઈશ. તેમના સંગે નારાયણદાસ દીવાન શ્રીગુસાંઈજીના સેવક થયા. સેવા સમયે વ્યાવૃત્તિ ન કરતા.

સિ. મુ. ૧	कृष्णसेवा सदा कार्या	**કૃષ્ણસેવા**
સિ. મુ. ૨	चेतस्तत्प्रवणं सेवा तत्सिद्धयै तनुवित्तजा	**તનુવિત્તજા સેવા**
પુ. પ્ર. મ. ૧૨	भगवद्–रूप–सेवार्थं	**સેવા**
ચ. શ્લો. ૧	सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः	**સેવા**
ચ. શ્લો. ૪	अतः सर्वात्मना शश्वद् गोकुलेश्वरपादयोः स्मरणं भजनं चापि न त्याज्यमिति मे मतिः	**ભજન**

ઉદ્ગાર વાકયો

૧. શ્રીગુસાંઈજી – મુરારીદાસ, તું આવ્યો !

૨. શ્રીઠાકોરજી – આજે મારે માટે શી સામગ્રી લાવ્યો છું ? હું પણ આજે સાંકળ નહિ ખોલું.

૩. મુરારીદાસ – નારાયણદાસ, અત્યારે તો હું તમારો નોકર નથી.

૪. નારાયણદાસ – રાજ, જલદી પધારો !

તત્વબોધ

૧. વ્યાવૃત્તિ કરતાં સેવા મુખ્ય છે તે ભાવ સતત મનમાં રહેવો જોઈએ.

પુ. પ્ર. મ. ૧૨ भगवद्–रूप–सेवार्थं **સેવા**

૨. શ્રીઠાકોરજી આપણે બહારથી આવીએ ત્યારે નાના બાળકની જેમ વસ્તુ લાવ્યાની અપેક્ષા રાખે છે. માટે નવીન વસ્તુ થોડી પણ લાવવી તથા સેવા ભલીભાંતી સર્વ પ્રકારે શક્તિ મુજબ અવશ્ય કરવી.

૩. ભકતોદ્ધારક સ્વરૂપને કોઈ મર્યાદા નથી પણ સર્વોદ્ધારકને છે.

૪. ઉત્થાપનની સેવા પુલિંદિનીજીઓના ભાવથી છે માટે ફળ ફૂલ, મેવાનો ભોગ ધરવો.

૫. વૈષ્ણવ વગર બીજાની આગળ પોતાનો ધર્મ પ્રગટ ન કરવો.

પુ. પ્ર. મ. ૧૨ भगवद्–रूप–सेवार्थं **સેવા**

૬. સેવા ગુપ્તપણે કરવી.
૭. વૈષ્ણવને માત્ર શ્રીઠાકોરજીનો આશ્રય જોઈએ. બીજા કોઈથી ડરવાનું કામ નથી.
૮. દેવી જીવ વિના બીજામાં દીનતા ન હોય.
૯. આતુરતા તાપ થાય તો અલૌકિક કાર્ય સિધ્ધ થાય.
૧૦. પોતાના અંગત વૈષ્ણવ સિવાય કોઈને પોતાના શ્રીઠાકોરજીનાં દર્શન ન કરાવવા.
૧૧. ઊંચા ભગવદીયની મર્યાદા જાળવવી. જેના થકી પ્રભુ મળ્યા હોય તેવા વૈષ્ણવને પોતાનું સર્વસ્વ જાણવા.
૧૨. સંગ કરવો તો એવાનો કરવો કે જે સ્વામી બતાવે.

। ।   દાસ   ।

વાર્તા – ૫

(ગૌડ દેશના દીવાન)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
	પ્રેમલતા	**રાજસ**	**કાયસ્થ**	**ગૌડદેશ**
વીરાં	**ગૌરાંગિની**			

પૂર્વ પ્રસંગ રાજયમાં નોકરીએ રહેલ મુરારીદાસના સંગે શ્રીગુસાંઈજી પોતાને ત્યાં પધરાવ્યા અને નાવમાં જ શરણે આવ્યા.

પ્રસંગ

૧. શ્રીગુસાંઈજીને ઘરે પધરાવીને ખૂબ સેવા કરી, વિદાય આપે જ નહિ. પણ પાણીનો ઉપદ્રવ થયો ત્યારે જ વિદાય કર્યા.

પુ. પ્ર. મ. ૧૬	शुद्धाः प्रेम्णातिदुर्लभाः	શુદ્ધભક્તો
નિ. લ. ૩	उद्धवागमने जात उत्सवः सुमहान् यथा वृन्दावने गोकुले वा तथा मे मनसि क्वचित	**મનોરથ**

૨ શ્રીગુસાંઈજીએ જગન્નાથજીને સર્વ વસ્તુનું સમર્પણ કર્યું.

ન. ૨. ૪	यैः कृष्णसात्कृतप्राणैः तेषां का परिदेवना	કૃષ્ણમાં ચિત્ત

ત્યારબાદ શ્રીગુસાંઈજીને નારાયણદાસે પોતાને ઘરે પધારાવ્યા ત્યારે આપે એક સ્વરુપ સેવા માટે પધરાવી આપ્યું.

સિ. મુ. ૧	कृष्णसेवा सदा कार्या	કૃષ્ણસેવા
ભ. વ. ૨	बीजदाढर्यप्रकास्तु गृहे स्थित्वा स्वधर्मतः	ગૃહસેવા

૩ શ્રીગુસાંઈજીએ નારાયણાસને સત્સંગ માટે ચાચાજીને તેમની પાસે મોકલી આપ્યા.

ભ. વ. ૮	अतः स्थेयं हरिस्थाने तदीयैः सह तत्परैः अदूरे विप्रकर्षे वा यथा चितं न दुष्यति	**તદીયસંગ**

૪ નારાયણદાસની ગુરુભક્તિના કારણે પાદશાહ પર આપે કૃપા કરી.

સિ. મુ. ૧૮	अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः	અનુગ્રહ

૫ સત્યાબેટીજીની આજ્ઞાથી કેદીઓને મુકત કર્યા.

પુ. પ્ર. મ. ૨૧	वैष्णवत्वंहि सहजं	સહજતા

૬ નારાયણદાસ ઉત્તમ વસ્ત્રો તથા પાઘ શ્રીગુસાંઈજીના ઘરે ભેટ મોકલતા.

અં. પ્ર. ૫	सेवकस्यतु धर्मोऽयं स्वामी स्वस्य करिष्यति	સેવકધર્મ

૭ નારાયણદાસ પર શ્રીગુસાંઈજીએ હૂંડી કરી.

૮ નારાયણદાસે શ્રીગુસાંઈજીના ઘરના ખર્ચ ચલાવવાની વાત મૂકી, તેથી શ્રીગુસાંઈજી નારાજ થયા.

સિ. મુ. ૨૦ अन्यथाभावमापन्नः तस्मात् स्थानात् च नश्यति **અન્યથાભાવ**

વિ.ધૈ.આ. ૧ विवेकस्तु हरिः सर्वं निजेच्छातः करिष्यति હરિચ્છા

વિ.ધૈ.આ. ૫ धर्माधर्माग्र-दर्शनम् **ધર્માધર્મ વિચાર**

ઉદ્ગાર વાક્યો

૧. નારાયણદાસ – મહારાજ, હું આપના ચરણ કમળ નીચે સરસ રીતે પડયો હતો. આપે આ શું કર્યું !

૨. શ્રીગુસાંઈજી – હજી તમારે સેવા કરવાની છે.

૩. નારાયણદાસ – રાજ ! અહીંનું પાણી સારુ નથી તેથી હવે આપ પધારો.

૪. શ્રીગુસાંઈજી – નારાયણદાસ, તારો મનોરથ સિદ્ધ થશે.

૫. નારાયણદાસ – મહારાજ અહીં મારી પાસે કોઈ એવો વૈષ્ણવ નથી કે જેની સાથે ચર્ચા – વાર્તા કરું, જેથી મન બગડે નહિ. ચર્ચા–વાર્તા વિના મન ઠેકાણે રહેતું નથી.

૬. ચાચાજી – આપના ચરણારવિંદ છોડી ગૌડ દેશમાં જઈશ તો મારી શી ગતિ થશે ?

૭. ચાચાજી – પ્રભુની સેવા તમારાથી બને તે કરો પણ મન શ્રીગુસાંઈજીના ચરણારવિંદમાં રાખો તો રાજદ્રવ્ય તમને બાધક નહિ કરે.

૮. સત્યાજી – જે ગામમાં આટલા બધા માણસો ભૂખ્યા રહેતા હોય એ ગામમાં જળપાન પણ કેમ કરાય ?

૯. શ્રીગુસાંઈજી – એ મારો નારાયણદાસ એવો જ છે.

૧૦. નારાયણદાસ – રાજ ! આટલા દિવસમાં મારા પર આજે ખૂબ કૃપા કરી, હું તો પતીત દાસાનુદાસ છું.

૧૧. નારાયણદાસ – શ્રીગુસાંઈજીને પ્રતિવર્ષ કેટલો ખર્ચ થાય છે ?

૧૨. શ્રીગુસાંઈજી – આ વૈષ્ણવ તો ભલો હતો, પણ હવે કામથી ગયો, અમારા ઘરનો ખરચ જીવ શું ચલાવી જાણે !

૧૩. વીરાં – મેં તો જે વેષે સેવા કરી છે તે જ વેષે જો પ્રભુ સેવા મારી પાસે કરાવશે તો સેવા કરીશ.

તત્વબોધ

૧. ગુરુ પધારે ત્યારે સામૈયા માટે સામે જઈ ઉત્સાહપૂર્વક પધરાવી લાવવા જોઈએ.

૨. પ્રભુ પ્રાપ્તિ માટે અત્યંત તાપ – આતુરતા જોઈએ.

નિ. લ. ૭ क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत्
तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहिः **વિરહભાવ**

૩. પોતાના સુખ કરતાં વૈષ્ણવ તથા ગુરુનું સુખ અધિક જાણવું.

૪. શ્રીઆચાર્યજીના સંબંધે તીર્થો સાથે સંબંધ રાખવો.

૫. પોતાનું સર્વ સમર્પણ કરતા કરતાં ખચકાવું નહિ.

અં. પ્ર. ૮ सर्वं समर्पितं भक्त्या कृतार्थोऽसि सुखी भव **સમર્પણ**

૬. શ્રીઠાકોરજીની સેવા – સામગ્રી જાતે જ સિધ્ધ કરવી તથા પ્રભુને જે પ્રકારે સામગ્રી ભોગ ધર્યો હોય તે જ પ્રકારે પોતે લેવો.

સિ. ૨. ૫ निवेदिभिः समर्प्यैव सर्वं **સમર્પણ**

૭. ઘરે આવ્યા ગયા વૈષ્ણવોનું સન્માન કરવું તથા તેમને વિદાય આપવાનું મન ન કરવું.

ન. ૨. ૨ निवेदनन्तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः **સત્સંગ**

૮. સત્સંગ વગર મન તો બગડી જાય.

૯. રાજદ્રવ્ય અનર્થ કર્તા છે પણ શ્રીગુસાંઈજીના સ્મરણ ચિંતનથી બાધા નહિ, તેવો પ્રભુનો પ્રતાપ છે.

૧૦. પોતાના ધર્મ સામે આવતા બાધકથી ભય ન પામવું.

૧૧. જીવમાત્ર પર દયા વિચારવી જોઈએ.

વિ.ધૈ.આ. ૫ धर्माधर्माग्र-दर्शनम् **ધર્માધર્મ વિચાર**

૧૨. સત્સંગના કારણે મ્લેચ્છ બાદશાહની બુદ્ધિ પણ સુધરી, તો અન્યની તો સુધરે તેમાં નવાઈ શી !

૧૩. કદી અસત્ય ન બોલવું.

૧૪. પ્રભુ પોતાની સત્તાનું જ અંગીકાર કરે છે.

૧૫. ગુરુ જે કંઈ આજ્ઞા કરે તેને પોતા પર કૃપા થઈ જાણવી, તે દિવસને ઉત્સવ જાણવો.

૧૬. ધનનું અભિમાન બહુ બાધક છે.

વિ.ધૈ.આ. ૩ अभिमानश्च सन्त्याज्यः स्वाम्यधीनत्व-भावनात् **અભિમાન**

૧૭. સર્વનો ખર્ચ ચલાવનાર તો માત્ર પ્રભુ છે. જીવનો અહંકાર તો તેનું પતન કરાવે છે. ભગવદીયે દીનતા રાખવી.

૧૮. પ્રભુ તો દર્શન દે પણ જીવની તેટલી ધારણ કરવાની શકિત પણ જોઈએ.

૧૯. ભલું કરતાં બૂરું ન થાય તેની કાળજી રાખવી.

દાસ ।

વાર્તા – ૬

(કે જેમને કોરડા ખાધા પણ વૈષ્ણવતા પ્રગટ ન કરી)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
વલ્લભી	**તામસ**	**કાયસ્થ**	**દિલ્હી પાસે**

પૂર્વ પ્રસંગ યાત્રાએ નીકળ્યા ત્યારે શ્રીગુસાંઈજીના ઠકુરાની ઘાટ પર દર્શન થતાં જ, મન તે સ્વરૂપમાં લાગી ગયું. પછી તે શ્રીગુસાંઈજીના સેવક થયા.

પ્રસંગ

૧ વિઠ્ઠલદાસ રાજનું દેવું ન ચૂકવી શકયા તેથી નારાયણદાસ દીવાને તેમને જેલમાં નાખી, દર ત્રીજા દિવસે સો કોરડા મરાવતા. શ્રીગુંસાઈજીએ નારાયણદાસને તેમની નિર્દયતા માટે ટોકયા.

બા. બો. ૧૬ जीवा स्वभावतो दुष्टा **જીવનું સ્વરૂપ**

વિ.ધૈ.આ. ૩ अभिमानश्च सन्त्याज्यः स्वाम्यधीनत्व–भावनात् **અભિમાન**

વિ.ધૈ.આ. ૫ धर्माधर्माग्र–दर्शनम् ધર્માઅધર્મ

ઉદ્‌ગાર વાકયો

૧. શ્રીગુસાંઈજી – તારાથી બીજું કશું બનશે નહિ. તેથી વિવેકધૈર્યાશ્રયનો રોજ પાઠ કરજે એનાથી ભગવદ્ ધર્મ સિધ્ધ થશે.

૨. વિઠ્ઠલદાસ નારાયણદાસને – હું તો તમારી ચાકરી કરવા આવ્યો છું, કંઈ તમારા હાથે વૈષ્ણતા વેચવા નથી આવ્યો.

૩. શ્રીગુંસાઈજી – તે વૈષ્ણવ છે, તેની ખબર તને ન પડી પણ જીવ છે એની તો ખબર રાખવી હતી. વૈષ્ણવમાં આવી નિર્દયતા ક્રૂરતા ન હોય. વૈષ્ણવે તો જીવમાત્ર પર દયા રાખવી જોઈએ.

૪. વિઠ્ઠલદાસ – રાજ, નોકરી તો કરી પણ માળા કેમ વેચાય ? આ તો દેહનો ભોગ છે તે ભોગવવો જ જોઈએ. આપણો ધર્મ કોઈને કેમ બતાવાય ?

૫. શ્રીગુંસાઈજી – વિઠ્ઠલદાસ, તું ધન્ય છે, ધન્ય છે !

તત્વબોધ

૧. જે કંઈ પાઠ કરીએ તેના ભાવને હૃદયમાં ધારણ કરવો.

૨. પ્રભુ કૃપા કરવા ધારે ત્યારે ભકતનું ધન લઈ લે છે.

સિ. મુ. ૧૭ क्लिष्टोऽपि चेद् भजेत् कृष्णं लोको नश्यति सर्वथा

૩. પ્રભુ કસોટી કરે પણ જીવે પોતાનો ધર્મ ગુપ્ત રાખવો. અન્યની આગળ પ્રગટ ન કરવો. વૈષ્ણવતા દેખાડી પોતાનું કાર્ય કરે તો ધર્મ જાય.

૪. જીવમાત્ર ઉપર દયા કરવી, તે તો જીવનો ધર્મ છે.

૫. સત્તા જીરવવી મહા મુશ્કેલ છે. જીવે સતત જાગૃત રહેવું જોઈએ.

૬. પોતાનો ધર્મ પ્રગટ થઈ જાય પછી ત્યાં રહીને વૈષ્ણવતાને વેચવી ન જોઈએ.

પમુ । દાસ

વાર્તા – ૭

(પૂર્વે જે શિકારી હતા.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
ચિત્રાંકિની	**રાજસ**	**ક્ષત્રી**	**અંબાલય**

પૂર્વ પ્રસંગ દેશાધિપતિને ત્યાં પિતાના કારણે ચાકરી મળી હતી તે શિકારમાં રાજા સાથે રહેતા. બાજનો શિકાર કરીને આવતા હતા ત્યારે ગોવિંદકુંડ ઉપર શ્રીગુસાંઈજીના અલૌકિક દર્શન થયા અને શરણે આવ્યા.

પ્રસંગ

૧. જીવનભર, શ્રીગુસાંઈજીના પહેલા મેળાપમાં પામેલા અનસખડી પાતરનો પ્રસાદ પહેલો લેતા પછી જ બીજો પ્રસાદ લેતા.

સિ. મુ. ૧૮ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः અનુગ્રહ

૨. શ્રીગિરધરજીના કૃપાપાત્ર હતા અને શ્રીજીના શૃંગાર વખતે તેમને ઊભા રહેવા દેતા.

સિ. મુ. ૧૮ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः અનુગ્રહ

ઉદ્‌ગાર વાકયો

૧. રૂપમુરારીદાસ – મારી તો આ દશા છે અને હવે તો હું આપની શરણે આવ્યો છું.

તત્વબોધ

૧. ગમે તેવો પાપી કેમ ન હોય શરણે આવવાથી તેનો ઉદ્ધાર થાય છે.

સિ. ૨. ૨ ब्रह्म–सम्बन्ध–करणात् सर्वेषां देह–जीवयोः सर्व–दोष–निवृत्तिः **દોષનિવૃત્તિ**

૨. મહાપ્રસાદને અલૌકિક સ્વરૂપથી જાણતા.

મા દાસ

વાર્તા – ૮

(જેમને કાબુલથી જ શ્રીનાથજીનાં દર્શન થતાં.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
મકરંદિની	**તામસ**	**ક્ષત્રી**	**કાબુલ**

પૂર્વ પ્રસંગ કાપડના વેપારી હતા. કથાવાર્તામાં ચિત્ત હતું. હરિદ્વારમાં સ્નાન કરતાં શ્રીગુસાંઈજીના અલૌકિક સ્વરૂપે દર્શન થયા અને શરણે લેવા વિનંતી કરી.

પ્રસંગ

૧. પોતે ઉપરણાનો છેડો ફેરવતા હતા ત્યારે રૂપમુરારી દાસ તેમની દુકાને આવ્યા ત્યારે તેમને શ્રીનાથજીના સંધ્યાસમયના પ્રત્યક્ષ દર્શન થયા હતા.

સિ. મુ. ૧ मानसी सा परा मता **માનસી**

૨. કાબુલમાં બેઠે જ શ્રીનાથજીના સ્વરૂપનાં શૃંગાર સહિત દર્શન થતા.

ઉદ્‌ગાર વાકયો

૧. શ્રીગુસાંઈજી – માધોદાસ હવે તમે તમારે ઘેર જાવ. તમને કાળ, દેશ, બાધા નહિ કરશે.

તત્વબોધ

૧. પુ. માર્ગીય વૈષ્ણવને દેશ, કાળ, કર્મ બાધા કરતા નથી.

સે. ફ. ૨ फलं वा ह्यधिकारो वा न कालोऽत्र नियामकः **કાળની અબાધકતા**

૨. આંગણે આવેલા વૈષ્ણવનું સમાધાન કરવું.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૩. ચિત્ત પ્રભુની સેવા તથા લીલાભાવનામાં સ્થિર રાખવું.

સિ. મુ. ૧૬ आत्मानन्दसमुद्रस्थं कृष्णमेव विचिन्तयेत् **માનસી દશા**

ો ા

વાર્તા – ૯

(બેની કોઠારીના દિકરા)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
સુરંગી	**સાત્વિક**	**કોઠારી**	**અસારવા**

પૂર્વ પ્રસંગ પોતે ભાઈલા કોઠારીના ભત્રીજા તથા બેની કોઠારીના દીકરા છે. બેની કોઠારીનો દીકરો જાણી શ્રીગુસાંઈજીએ નામ–નિવેદન કરાવ્યું.

પ્રસંગ

૧. તેમને ૧૦૦૦ શ્રીગુસાંઈજીનાં પદ કરી નિવેદન કર્યા.

તત્વબોધ

૧. પોતે વૈષ્ણવ હોય તો પોતાના બાળકોનો પણ તે પ્રભુસેવા – સ્મરણનો ક્રમ ચાલુ રહે તેવો યત્ન કરવો.

૨. પોતાની શક્તિ પ્રભુ પ્રિત્યર્થે વાપરવી.

ા ા ો ા

વાર્તા – ૧૦

(શ્રીગુસાંઈજીના અતિપ્રિય સેવક)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
કૌમુદિની	**રાજસ**	**કોઠારી**	**અસારવા**

પૂર્વ પ્રસંગ રાજનગરના હાકિમના કોઠારી હતા. શ્રીગુસાંઈજીની પ્રથમ દ્વારિકાયાત્રા વખતે રાજનગરમાં શરણે આવ્યા.

પ્રસંગ

૧. ચાંપાભાઈ ભંડારી તથા બિરબલે જાણ્યું કે શ્રીગુસાંઈજીને દેવું થયું છે માટે પરદેશ કરે છે. જ્યારે આપ તો ભાયલા કોઠારી ભાટે પધાર્યા હતા.

સિ. મુ. ૧૮ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः **અનુગ્રહ**

નિ. લ. ૮ कृपानन्दः सुदुर्लभः **કૃપાનંદ**

૨. ચાચાજીએ ‘કોઠારી આર્થિક મુશ્કેલીમાં છે’ તેમ શ્રીગુસાંઈજીને જણાવ્યું.

૩ ચાડી ખાનારના કારણે બાજ બહાદુર મલીન બુદ્ધિ લઈને આવ્યો હતો પણ તેના દેશમાં વર્ષાનું દાન કર્યું અને ચાડી ખાનારને માફ કર્યા.

કૃષ્ણાશ્રય ૯ पापासक्तस्य दीनस्य कृष्ण एव गतिर्ममम **પાપીનું શરણ**

ઉદ્‌ગાર વાક્યો

૧. બિરબલ ચાંપાભાઈને – કેટલું કરજ થયું છે ? હું કરજની રકમ ચૂકવી દઈશ.

૨. ભાઈલા કોઠારી – મહારાજ ! આપના ચરણારવિંદ સિવાય અમને બીજી કોઈ વસ્તુની અપેક્ષા નથી.

૩. શ્રીગુસાંઈજી ભાઈલા કોઠારીને – તારી બુદ્ધિ મારામાંથી ક્યારેય બીજે નહિ જાય.

તત્વબોધ

૧. પોતે પોતાના કુટુંબને પણ અલૌકિક લાભ અપાવવો.

૨. ગુરુને પોતાનું કર્તવ્ય અવશ્ય પૂછવું.

ન. ર. ૭ सेवा कृतिर्गुरोराज्ञा बाधनं वा हरीच्छया **ગુરુઆજ્ઞા/ભગવદ્ સુખ**

૩. ગુરુનાં વચનમાં અવિશ્વાસ ન કરવો કે દોષદૃષ્ટિ ન જોવી, ગુરુના કાર્યમાં લૌકિકબુદ્ધિ ન લાવવી.

વિ.ધૈ.આ. ૧ विवेकस्तु हरिः सर्वं निजेच्छातः करिष्यति **હરીચ્છા**

વિ.ધૈ.આ. ૧૫ अविश्वासो न कर्तव्यः सर्वथा बाधकस्तु सः **અવિશ્વાસ**

૪. પોતાની સાધનાનું અભિમાન ન કરવું.

વિ.ધૈ.આ. ૩ अभिमानश्च सन्त्याज्यः स्वाम्यधीनत्व-भावनात् **અભિમાન**

૫. દુ:સંગથી બર્હિમુખ થવાય.

ભ. વ. ૭ त्यागे बाधकभूयस्त्वं दु:संसर्गात् तथान्नतः **બાધક સંગ–અન્ન**

૬. દ્રવ્ય હરિપ્રીતિમાં બાધક થઈ શકે છે.

૭. ગુરુ પાસે લૌકિક માંગણી ન કરવી.

વિ.ધૈ.આ. ૨ प्रार्थिते वा ततः किं स्यात् **પ્રાર્થના**

૮. આપણી બુદ્ધિ સ્વામી સિવાય બીજે લોલુપ થવી ન જોઈએ.

પુ. પ્ર. મ. ૧૮ आसक्तौ भगवानेव शापं दापयति क्वचित् **શાપ – કષ્ટ**

૯. વૈષ્ણવોએ જીવમાત્ર પર દયા રાખવી.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

ોપા દાસ

વાર્તા – ૧૧

(વલ્લભાખ્યાનવાળા)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
	સારંગી	**સાત્વિક**	**વણિક**	**રૂપપુરા**
ગોમતી	**ગૌતમી**			

પૂર્વ પ્રસંગ જન્મથી મૂંગા. તે ભાઈલા કોઠારીની દીકરી ગોમતીના વર હતા. પૂર્વજન્મના નરસિંહ મહેતા હતા. શ્રીગુસાંઈજીની પહેલી દ્વારકાયાત્રા વખતે સર્વ કુટુંબીજનો સાથે સાથે તેમને પણ નામ – નિવેદન થયું.

પ્રસંગ

૧ શ્રીગુસાંઈજીનો ચર્વીત ઉગાર પામતાં જ 'વલ્લભાખ્યાન' નો પ્રારંભ કર્યો. 'નરસિંહ મહેતા' ની છાપથી પદ કર્યા. ભાઈલા કોઠારીનો ગોપાળદાસને 'સાગર' બનાવવાનો મનોરથ શ્રીગુસાંઈજીએ પૂરો કર્યો.

સિ. મુ. ૧૮ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः **અનુગ્રહ**

ઉદ્‌ગાર વાક્યો

૧. શ્રીગુસાંઈજી – ગોમતીનો વર તો સાગર છે. આ તો મુગ્ધ છે

૨. ભાઈલા કોઠારી – રાજ ! આપની કૃપાથી સાગર થઈ જશે.

૩. ચાચાજી – રાજ ! આપના દર્શન વિના હું દિવસો કઈ રીતે વીતાવીશ ?

૪. શ્રીગુસાંઈજી – ચાચાજી, તમે ભાઈલા કોઠારી અને ગોપાળદાસને મળતા રહેજો, હું પણ તમને દર્શન આપતો રહીશ.

તત્વબોધ

૧. કૃપાનું બળ અલૌકિક છે.

૨. ગુરુ અલૌકિક મનોરથ જરૂર પૂરા કરે છે.

૩. ભગવદીયનો હંમેશા સંગ કરવો.

મા દ

વાર્તા – ૧૨

(સર્વ સમર્પણ કરનાર)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
	રાગીની	**તામસ**	**ક્ષત્રી**	**આગરા**
પત્ની	**અનુરાગીની**			

પૂર્વ પ્રસંગ રાજદરબારમાં નોકરી કરતા. પૈસેટકે સંપત્તિવાન હતા.

શ્રીગુંસાઈજી આગરામાં કોઈ વૈષ્ણવને ત્યાં અટારીના ઝરૂખામાં બિરાજયા હતા ત્યાં માણિકચંદ તથા સ્ત્રીને પોતાના ઘરમાંથી તેમને પૂર્ણ પુરુષોત્તમ રૂપે દર્શન થયા. (પ્રમેય) પછી શરણે આવ્યા.

પ્રસંગ

૧. એક વસ્ત્ર સિવાય સર્વસ્વ શ્રીગુંસાઈજીને ચરણે ધરી દીધું. તેવું સમર્પણ કરી દેખાડયું.

સિ. ર. ૫ निवेदिभिः समर्प्यैव सर्वं **સમર્પણ**

અં. પ્ર. ૮ सर्वं समर्पितं भक्त्या कृतार्थोऽसि सुखी भव સમર્પણ

૨. ગોકુળનાથજીનો જન્મ દિવસ હોવા છતાં માણિકચંદને ત્યાંથી શ્રીગુસાંઈજી ગોકુળ ન પધાર્યા.

સિ. મુ. ૧૮ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः અનુગ્રહ

ઉદ્‌ગાર વાક્યો

૧. માણિકચંદ – મહારાજ ! હવે અમે કયાં જઈએ ?

૨. શ્રીગુસાંઈજી – પાંચ મહિના શ્રીનાથજી દ્વાર રહુ છું, હવે હું ચાર મહિના રહીશ અને આવતાં જતાં તારે ઘેર રહીશ.

૩. શ્રીગુસાંઈજી – યા તો સમર્પણ રાજા બલિએ કર્યું. યા તો સમર્પણ માણિકચંદે કર્યું.

તત્વબોધ

૧. આત્મસમર્પણનો સાચો અર્થ સમજવો જોઈએ. અને નિવેદિત થવું જોઈએ.

૨. જીવને દીનતા જોઈએ.

૩. સાચા ત્યાગ – વૈરાગ્ય વિના સિદ્ધિ નથી.

૪. ગુરુનું દ્રવ્ય બાધક થાય પણ ગુરુઆજ્ઞાથી તે બાધક ન થાય.

ા ા ો

વાર્તા – ૧૩

(જેના શ્રાદ્ધના ગોળવડા શ્રીનાથજી આરોગ્યા)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
આનંદી	**તામસ**	**બ્રાહ્મણ**	**બંગાળ**

પૂર્વ પ્રસંગ કપડાંની દલાલી કરતા – સ્ત્રી સાધારણ મળી.

સોદાગરો સાથે મથુરા આવ્યો, ત્યાં ગોકુળમાં શ્રીગુસાંઈજીના દર્શન થતાં સેવક થયા.

પ્રસંગ

૧ પોતે કમાએલા ધનમાંથી શ્રીગુસાંઈજી માટે પરકાલો લીધો. જે આપે શ્રીજીને ધરાવ્યો અને બીજીવારના ધનમાંથી શ્રીજી તથા શ્રીગુસાંઈજીનો પરકાળો સિદ્ધ કરાવ્યો.

સિ. મુ. ૨ चेतस्तत्प्रवणं सेवा तत्सिद्धयै तनुवित्तजा તનુવિત્તજા સેવા

૨ પ્રભુ બ્રાહ્મણના પિતાના શ્રાદ્ધ નિમિત્તના, પણ ભાવપૂર્વક ધરેલ વડાં – ગોળ આરોગ્યા.

ઉદ્ગાર

૧. શ્રીગુસાંઈજી – આવો જ પરકાલો અગાઉ એક વૈષ્ણવ લાવ્યો હતો.

૨. શ્રીઠાકોરજી – તમારા પરકાલાવાળા સેવક બંગાળના બ્રાહ્મણને ત્યાં વડાં – ગોળ આરોગવા પધાર્યો હતો.

તત્વબોધ

૧. ઉત્તમ વસ્તુ પ્રભુને સમર્પિત કરવી તે સેવકનો ધર્મ છે.

સિ. ૨. ૬ तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् **સમર્પણ**

૨. જીવે અલૌકિક મનોરથો કરતા રહેવું.

સિ. મુ. ૧૪ तथा कृष्णं परं ब्रह्म स्वस्मिन् ज्ञानी प्रपश्यति **કૃષ્ણબ્રહ્મ**

૩. અનધિકારીને પોતાના મનનો મર્મ જણાવવો નહિ.

વિ.ધૈ.આ. ૫ धर्माधर्माग्र–दर्शनम् **ધર્માધર્મ વિચાર**

૪. પ્રભુ, ગુરુ પોતાનો મનોરથ પૂર્ણ કરે જ છે.

અં. પ્ર. ૫ सेवकस्यतु धर्मोऽयं स्वामी स्वस्य करिष्यति **સેવકધર્મ**

૫. ઉત્તમ વસ્તુ સ્વામીને પહેલાં અંગીકાર કરાવી પછી સેવકે લેવી.

સિ. ૨. ૬ तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् **સમર્પણ**

૬. પ્રભુ પ્રેમપૂર્વક ધરેલ વસ્તુ આરોગે જ છે. – વલ્લભાષ્ટક

બા. બો. ૧૮ समर्पणेनात्मनो हि तदीयत्वं भवेद् ध्रुवम् **સમર્પણ**

૭. વૈષ્ણવનું સમાધાન કરવું.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૮. ઠાકોરજીની સેવામાં સ્ફૂર્તિ રાખવી.

સિ. મુ. ૨ चेतस्तत्प्रवणं सेवा तत्सिद्धयै तनुवित्तजा **તનુવિત્તજા સેવા**

૯. વૃત્તિ ભગવદર્થે કરે તો તે બાધારૂપ ન થાય.

અં. પ્ર. ૫ सेवकस्यतु धर्मोऽयं स्वामी स्वस्य करिष्यति **સેવકધર્મ**

ાસ

વાર્તા – ૧૪

(જેને દેવીને વૈષ્ણવ કરી.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
પ્રમોદિની	**સાત્વિક**	**શ્રીમાળી બ્રાહ્મણ**	**પશ્ચિમના**

પૂર્વ પ્રસંગ સંઘમાં મથુરા આવ્યા ત્યાં વિશ્રાંતઘાટ પર શ્રીગુસાંઈજીના શરણે આવ્યા.
સોદાગરો સાથે મથુરા આવ્યો ત્યાં ગોકુળમાં શ્રીગુસાંઈજીના દર્શન થતાં સેવક થયા.

પ્રસંગ

૧ દેવી જે પૂજારીને ખાઈ જતી હતી તેને જ વૈષ્ણવ કરી

૨ શ્રીગુસાંઈજી ગણેશ વ્યાસ પર ચિઢતા છતાં તે તો તેમ માનતા કે તેમને પોતાનો માને છે માટે જ ચિઢે છે.

સિ. મુ. ૨૦	अन्यथाभावमापन्नः तस्मात् स्थानात् च नश्यति	**અન્યથા ભાવ**
પુ. પ્ર. મ. ૧૮	आसक्तौ भगवानेव शापं दापयति क्वचित्	**શાપ – કષ્ટ**
ન. ૨. ૧	भगवानपि पुष्टिस्थो न करिष्यति लौकिकीञ्च गतिम्	**લૌકિક ગતિ**

તત્વબોધ

૧. ભગવદીયથી દેવી – દેવતા – તીર્થ કૃતાર્થ થાય છે.

ન. ૨. ૨	सर्वेश्वरश्च सर्वात्मा निजेच्छातः करिष्यति	**સામર્થ્ય**
સે.ફ.વિ.	सेवायां फलं त्रयम् अलौकिकः सामर्थ्यम् सायुज्यम् सेवोपयोगि देहो वा वैकुंठादिषु	**સેવાના ફળ**

૨. ભકત નિડર અને તેને પોતાના પ્રભુમાં અટલ વિશ્વાસ હોય.

વિ.ધૈ.આ. ૧૫	अविश्वासो न कर्तव्यः सर्वथा बाधकस्तु सः	**અવિશ્વાસ**

૩. ભગવદીય કોઈનો દોષ ન જૂએ પણ પોતાના દોષ કાઢનાર પર પ્રસન્ન રહે.

પુ. પ્ર. મ. ૨૧	वैष्णवर्त्वहि सहजं	**સહજતા**

દાસ ાસ

વાર્તા – ૧૫

(જેના પર શ્રીગુસાંઈજી ખીજતા.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
સરલા	**રાજસ**	**સનાઢય બ્રાહ્મણ**	**મથુરા**

પૂર્વ પ્રસંગ લૌકિક વ્યવહારમાં અજ્ઞાન. નાનપણમાં અનાથ થઈ ગયા. વિદ્યા ચડે નહિ.
વિશ્રામઘાટ પર બેસી રડતા હતા ત્યારે શ્રીગુસાંઈજીએ સામેથી બોલાવીને શરણે લઈ ખવાસી સોંપી.

પ્રસંગ

૧. હરિદાસે શ્રીગુસાંઈજીના શ્રીમુખે ભાગવતકથા સાંભળવાનો મનોરથ કર્યો તો આપે તેને કૃષ્ણભટ્ટ પાસે મોકલ્યો. પણ હરિદાસ ભ્રમરગીતના પ્રસંગને અવધારણ કરી શકયા નહિ અને મૂર્છા પામ્યા.

સં. નિ. ૯	विकलत्वं तथास्वास्थ्यं प्रकृतिः प्राकृतं नहि ज्ञानं गुणाश्च तस्यैवं वर्तमानस्य बाधकाः	વિકળતા

૨. હરિદાસે શ્રીગુસાંઈજીને કોઈકે ભેટ ધરેલ રૂપિયો ઉઠાવી તાખમાં મૂકયો.

બા. બો. ૧૬	जीवा स्वभावतो दुष्टा	જીવની દુષ્ટતા

૩. શ્રીગુસાંઈજીએ ચાદર સૂકવવાની આજ્ઞા કરી પણ હરિદાસ કોઈની સ્ત્રી સાથે વાતમાં તે કામ ચૂકી ગયા.

બા. બો. ૧૬	जीवा स्वभावतो दुष्टा	જીવની દુષ્ટતા

ઉદ્ગાર

૧. શ્રીગુસાંઈજી – તું કૃષ્ણભટ્ટ પાસે જા તને ભાગવત સંભળાવશે.
૨. શ્રીગુસાંઈજી – હરિદાસ દ્રવ્ય પડયું હોય તે રહેવા દેવું.
૩. શ્રીગુસાંઈજી – હરિદાસ આજ પછી તું કોઈની સ્ત્રી સાથે વાત ન કરતો.

તત્વબોધ

૧. પોતાના અધિકાર પ્રમાણે ફળદાન થાય.
૨. ગુરુઆજ્ઞા વગર ગરુના દ્રવ્યને સ્પર્શ પણ ન કરવો, બગાડ થાય.
૩. સ્ત્રી સાથે બિનજરૂરી વાતથી બગાડ થાય.
૪. પ્રભુના કાર્યમાં સ્હેજ પણ ઢીલ ન કરવી.
૫. કાચીદશાવાળા જીવને પણ ગુરુ છોડી દેતા નથી. નહિ તો તેનું પતન થાય.

પુ. પ્ર. મ. ૧૮	आसक्तौ भगवानेव शापं दापयति क्वचित्	**શાપ – કષ્ટ**
ન. ૨. ૬	लोके स्वास्थ्यं तथा वेदे हरिस्तु न करिष्यति	**સાંસારિક દુઃખો**

મધુસૂદન દાસ

વાર્તા – ૧૬

(પાનની સેવા કરનાર)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
બંદિની	**તામસ**	**ગૌડિયા બ્રાહ્મણ**	**ગૌડ દેશ**

પૂર્વ પ્રસંગ પિતા રૂપસનાતનના સેવક હતા. જેથી તે પણ તેમના સેવક થયા. પિતા સાથે વૃંદાવનમાં આવ્યા અને ત્યાં જ રહી ગયા. મધુસૂદનદાસ ગોકુળ આવ્યા ત્યારે શ્રીગુસાંઈજીના દર્શન કરતાં જ તેમના સેવક થવાનું મન કર્યું.

પ્રસંગ

૧ ભિક્ષા કયાંથી લેવી અને કયાંથી ન લેવી તેની શ્રીગુસાંઈજીએ મધુસૂદનદાસને સમજ આપી. ૩૩
ન. ર. ૭ सेवा कृतिर्गुरोराज्ञा बाधनं वा हरीच्छया **ગુરુઆજ્ઞા/ભગવદ્ સુખ**
૨. પાનની સેવા ખૂબ જ જતનપૂર્વક કરતા.

તત્વબોધ

૧. સેવક થવા માટે આર્તી જોઈએ.
નિ. લ. ૭ क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत्
तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहिः **વિરહભાવ**
૨. પોતાના દ્રવ્યથી જ પોતાનો જીવન નિર્વાહ ચલાવવો જોઈએ.
સિ. મુ. ૨ चेतस्तत्प्रवणं सेवा तत्सिद्धयै तनुवित्तजा **તનુવિત્તજા સેવા**
૩. ભટ્ટજીના ઘરની દ્રવ્ય / ભિક્ષા આપણા માટે બાધક છે કેમ કે તેમને ત્યાં શ્રીગુસાંઈજીની સત્તાનું દ્રવ્ય આવે છે.
૪. કોઈ પણ સેવા ખૂબ જ પ્રેમ પૂર્વક, જતનપૂર્વક, વ્યસન પૂર્વક કરે તો પ્રભુ પ્રસન્ન થાય.
ભ. વ. ૩ ततः प्रेम तथासक्तिः व्यसनं च यदा भवेत् **ભક્તિ**

રૂપચંદ નંદા

વાર્તા – ૧૭

(જેમને અબલખી ઘોડો શ્રીગુસાંઈજીને ભેટ કર્યો.)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
	સોનજૂહી	**રાજસ**	**ક્ષત્રી**	**આગ્રા**
હરિચંદા	**સુગંધિની**			

પૂર્વ પ્રસંગ પિતા ધનવાન – નાનપણથી વૈરાગ્ય હતો તે વાસુદેવદાસ છકડાના જજમાન હતા. વાસુદેવદાસ છકડાના સંગે સેવક થવા અડેલ આવ્યા.

પ્રસંગ

૧. રાઘૌદાસને વિદ્યામદ હતો જેથી તેમને થયું કે ચાચા હરિવંશને બદલે પોતે ભેટ ઉઘરાવવા જાય તો વિશેષ લાવે.
વિ.ધૈ.આ. ૩ अभिमानश्च सन्त्याज्यः स्वाम्यधीनत्व-भावनात् **અભિમાન**
૨. રૂપચંદ નંદા ઘરે ન્હોતા ત્યારે શ્રીગુસાંઈજી ભાના કપૂરને ત્યાં પધાર્યા પણ રૂપચંદ નંદાને આવેલા જાણી જે તે સ્થિતિમાં જ તેમને ઘરે લાગલા પધાર્યા.
૩. શ્રીગુસાંઈજીના મનની વાત જાણી અબલખી ઘોડો, સાજ, સમેત લઈ આપને ભેટ કર્યો.

ઉદ્‌ગાર

૧. રૂપચંદ નંદા – પુરોહિતજી ! આ દેહે શ્રીઠાકોરજીના ચરણારવિંદની પ્રાપ્તિ કેવી રીતે થાય ?
૨. રૂપચંદ નંદા – મહારાજ ! હું તો ઘેર ન હતો પણ ઘર તો અહીંથી કયાંય ગયું ન હતું !
૩. રૂપચંદ નંદા – મહારાજ ! આપ આપનું આ ઘર છોડી ત્યાં કેમ પધાર્યા ?

તત્વબોધ

૧. અહંકાર મહાબાધક છે. સર્વ કોઈના કર્તા અને ફળરૂપતા પ્રભુની ઈચ્છા જ છે.
વિ.ધૈ.આ. ૩ अभिमानश्च सन्त्याज्यः स्वाम्यधीनत्व-भावनात् **અભિમાન**
૨. ફકત સુબોધિનીજી વાંચવાથી તે ફળરૂપ ન થાય અંતઃકરણની શુદ્ધિ જોઈએ.
પુ. પ્ર. મ. ૧૬ शुद्धाः प्रेम्णातिदुर्लभाः **શુદ્ધ ભક્તો**
૩. આ માર્ગમાં અધિકાર માટે સરળતા જ શ્રેષ્ઠ સાધન છે.
પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**
૪. પ્રભુની વાણીનો બોધ તો તે જણાવે તો જ જણાય.
સિ. મુ. ૧૮ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः **અનુગ્રહ**
૫. પ્રભુ ભાવવાળા પર જ કૃપા કરે છે.
સં. નિ. ૮ तत् भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते **ભાવના**
૬. વૈષ્ણવે વૈષ્ણવનું તથા ગુરુનું સુખ જ વિચારવું.
૭. ગુરુની પ્રસન્નતા માટે તત્પરતા રાખવી.

૬૧

મા દાસ । વાર્તા – ૧૮

(જેમના કારણે તેમના માતાપિતા શરણે આવ્યા.)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
	સારસિની	**સાત્વિક**	**કાયસ્થ**	**સહરાનપુર**
પિતા	**ગેંદુવા**			
માતા	**સુરજમુખી**			

પૂર્વ પ્રસંગ

દ્રવ્યવાન પિતાના પુત્ર હતા. દિલ્હી કામ પ્રસંગે આવ્યા ત્યાં શ્રી ગુસાંઈજીના નિગમઘાટ પર દર્શન થતાં શ્રીગુસાંઈજીએ તેમના તરફ અલૌકિક તેજમય દષ્ટિ કરતાં જ માધૌદાસે શરણે લેવા વિનંતી કરી.

પ્રસંગ

૧. મા–બાપ શૈવી હોવાથી તેમનાથી અલગ થયા. મા–બાપ વૃદ્ધ થતાં જાત્રાએ નિકળ્યાં ત્યાં તેમની બુદ્ધિ નિર્મલ થઈ જતાં ચોબાના સેવક થવાને બદલે શ્રીગુસાંઈજીના સેવક થયા.

ન. ૨. ૧ भगवानपि पुष्टिस्थो न करिष्यति लौकिकीञ्च गतिम् **લૌકિક ગતિ**

ઉદ્‌ગાર

૧. માધૌદાસના પિતા – હું શરણે જઈશ તો માધૌદાસના ગુરુને શરણે જઈશ.

૨. માધૌદાસના માતા – પિતા – મહારાજ અમને હવે તીર્થયાત્રાથી શું કામ છે ?

૩. માધૌદાસના પિતા – મહારાજ ! તેથી હવે હું માધૌદાસના પગે પડું તો કાંઈ વાંધો તો નહિને ? તેથી આપ જે આજ્ઞા કરો તે હું કરું.

તત્વબોધ

૧. અવૈષ્ણવનો સંગ છોડી દેવો. ૬૯

સં. નિ. ૯ विकलत्वं तथास्वास्थ्यं प्रकृतिः प्राकृतं नहि
ज्ञानं गुणाश्च तस्यैवं वर्तमानस्य बाधकाः **વિકળતા**

૨. લૌકિક સુખ દુઃખનો હરખ શોક ન કરવો.

૩. પ્રભુ કર્તું અકર્તું અન્યથા કર્તુમ્ છે. ૨૯

ન. ૨. ૨ सर्वेश्वरश्च सर्वात्मा निजेच्छातः करिष्यति **સામર્થ્ય**

૪. નામ નિવેદનથી મન ભટકતું મટે છે અને દોષ દૂર થાય. ૨૪

સિ. ૨. ૨ ब्रह्म–सम्बन्ध–करणात् सर्वेषां देह–जीवयोः सर्व–दोष–निवृत्तिः **દોષનિવૃત્તિ**

૫. લોકનિંદા ન થાય માટે લૌકિક શ્રાદ્ધ – તીર્થ વ. કરવા. ૨૨

પુ. પ્ર. મ. ૨૦ लौकिकत्वं वैदिकत्वं कापटयात् तेषु नान्यथा **કાપટય**

૬. પોતાનું દ્રવ્ય ભગવત્ કાર્યમાં જ વાપરવું. લૌકિક વૈદિકમાં નહિ. ૨૬

સિ. ૨. ૬ तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् **સમર્પણ**

૭. વૈષ્ણવમાં અત્યંત દીનતા જોઈએ. ૨૩

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૮. પ્રભુ પોતાના અંગીકૃતને કયારેય છોડતા નથી.

ન. ૨. ૧ भगवानपि पुष्टिस्थो न करिष्यति लौकिकीञ्च गतिम् **લૌકિક ગતિ**

૬૨

। ।પદ ો વાર્તા – ૧૯

(જેને દ્રવ્ય શ્રીગુસાંઈજીનું જાણી કેદ ભોગવી.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
વ્રજાંગના – વ્રજવલ્લભા	**તામસ**	**કાયસ્થ**	**હિસાર**

પૂર્વ પ્રસંગ

નોકરી માટે દિલ્હી બાદશાહ પાસે આવ્યા. કમાયા.

કામ માટે નીકળતાં ગોકુળ આવ્યા ત્યાં જ ઠકુરાણી ઘાટ પર શ્રીગુસાંઈજી તેમની સામે જોઈ મંદ હસ્યા ત્યારે તેમને દીનતા પૂર્વક કારણ જાણવા ચાહ્યું ત્યારે આપે કહ્યું કે તમે સ્વરૂપ અજ્ઞાનના કારણે જીવન વેડફી રહ્યા છો. (પ્રમેય) ત્યારે બાપ દીકરાએ પોતાને શરણે લેવા વિનંતી કરી. ત્યારબાદ ચાચાજી દ્વારા સ્વરૂપ જ્ઞાન તથા માર્ગનું સ્વરૂપ જાણ્યું.

પ્રસંગ

૧. બાપ–દીકરાને રાજા ટોડરમલે દંડ કર્યો તેથી છૂટવા માટે ઘરનો દરદાગીનો વેચ્યો પણ નિવેદનનું સ્મરણ થતાં પોતે જેલમાંથી છૂટવાના બદલે તે દ્રવ્ય ગુરુઘરે મોકલી દીધું તથા શ્રીગુસાંઈજીનો બીરબલ પરનું કરજ ચૂકવી દઈને બન્નેને છોડાવી દેવાનો વિનંતી પત્ર છૂપાવી દીધો.

ઉદ્‌ગાર

૧. બાપ – દીકરો – રાજે પોતાના સેવક કરી જાણ્યા તો પછી અમે સારા કેમ ન હોઈએ ?

૨. બિરબલ – બન્ને બાપ – બેટાને છોડાવીશ ત્યારે જ પ્રસાદ લઈશ

તત્વબોધ

૧. માર્ગનો સિદ્ધાંત શ્રીઠાકોરજીનું તથા પોતાનું સ્વરૂપ અને માર્ગની પ્રણાલીનું જ્ઞાન પરમ ભગવદીય પાસેથી જ થાય.

ન. ૨. ૨ निवेदनन्तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः **સત્સંગ**

૨. આપણું દ્રવ્ય આપણા દેહના સુખ માટે નથી પણ પ્રભુ પ્રિત્યર્થે જ વાપરવું તે નિવેદનનો અર્થ છે.

સિ. ૨. ૫ निवेदिभिः समर्प्यैव सर्वं **સમર્પણ**

૩. નિવેદન મંત્રનું સતત સ્મરણ રાખવું.

સિ. ૨. ૨ ब्रह्म–सम्बन्ध–करणात् सर्वेषां देह–जीवयोः सर्व–दोष–निवृत्तिः **દોષનિવૃત્તિ**

૪. સ્વામીને શ્રમ થાય તો સેવકનો ધર્મ જાય. (પદ્‌મનાભદાસ)

અં. પ્ર. ૫ सेवकस्यतु धर्मोऽयं स्वामी स्वस्य करिष्यति **સેવકધર્મ**

૫. સ્વામીના સેવક પર સ્વામી જેવો જ ભાવ રાખવો.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૬. વૈષ્ણવતા પ્રગટ કરીને લૌકિક કાર્ય સિદ્ધ કરવું નહિ.

સિ. મુ. ૧૬ लोकार्थी चेद् भजेत् कृष्णं क्लिष्टो भवति सर्वथा **લોકાર્થી**

૭. બીજાના ગુણ જોવા.

૮. દરેક શુભફળમાં પ્રભુનો ઉપકાર માનવો.

૯. ગુરુ કે ભગવદીયના કાર્યમાં તત્પરતા જોઈએ.

પ ।

વાર્તા – ૨૦

(કાકાજીવાળો ભોળો પટેલ)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
	તરંગીણી	**સાત્વિક**	**પટેલ**	**ગુજરાતના**
ભાઈ	**મુગ્ધા**			

પૂર્વ પ્રસંગ

નાનપણમાં માત–પિતા મરી જતાં કાકાને ત્યાં ઉછર્યા.

ખંભાતથી શ્રીગુસાંઈજી પધાર્યા ત્યારે પટેલના કાકા વૈષ્ણવ હોવાથી નાનપણથી જ શરણે આવ્યા હતા.

પ્રસંગ

૧. નાના ભાઈની ગાયની સેવામાં વ્યસન દશા.

અં. પ્ર. ૫ सेवकस्यतु धर्मोऽयं स्वामी स्वस्य करिष्यति **સેવકધર્મ**

૨. સૌ બાળકો શ્રીગુસાંઈજીને કાકાજી કહેતા જેથી તેને પણ જાણ્યું કે આમનું નામ કાકાજી છે. ગૌસેવામાં તત્પર પટેલને જમવાનો સમય ન મળ્યો તો શ્રીઠાકોરજી સ્વામીનીજી સહિત પધારી જમાડી ગયા.

સિ. મુ. ૧ कृष्णसेवा सदा कार्या **કૃષ્ણ સેવા**

સિ. મુ. ૧૮ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः **અનુગ્રહ**

પુ. પ્ર. મ. ૧૨ भगवद्–रूप–सेवार्थं **સેવા**

૩. પટેલને શ્રીનાથજી પોતાની ગ્વાલમંડળીમાં સાથે જમાડતા.

૪ પટેલની દોઢી ઉપર રખેવાળી હતી ત્યારે રાત વિત્યે શ્રીઠાકોરજી સ્વામીનીજીઓ સહિત વનવિહાર માટે પધાર્યા જેના દર્શન પટેલે કર્યા.

ઉદ્ગાર વાકયો

૧. પટેલ – મહારાજ મને શ્રીનાથજીએ લાડવો આપ્યો હતો.... તો પાતળ લઈને શું કરું ?
૨. શ્રીગુસાંઈજી – હવે કાકાજી કહેનારો આવી રહ્યો છે.
૩. શ્રીગુસાંઈજી – પટેલ તારી જીભે ઉકલે તે જ નામ તું કહ્યા કર.
૪. શ્રીગુસાંઈજી – બાવા ઝારી – બંટા – બે બીડાં કોને આપી આવ્યા છો ?
૫. પટેલ – કાકાજી ! હું તો શ્રીનાથજીની ગ્વાલમંડળીમાં જમું છું.
૬. પટેલ – મહારાજ ! તમે કાંઈ ઘેલા થયા છો ? આટલી રાત વિત્યે વનમાં બાયડીયું સાથે, ઘરેણાં–લૂંગડાં પહેરીને પધારો છો !
૭. પટેલ – જુઓ કાકાજી, આટલા ઘરેણાં ત્યાં પાડી આવ્યા હતા.
૮. શ્રીનાથજીને શ્રીગુસાંઈજીએ કહ્યું – સારો પોરીયો રાખ્યો છે.

તત્વબોધ

૧. પ્રભુને તથા ગુરુને સરળતા, નિષ્કપટતા વગરનો શુદ્ધભાવ અતીપ્રિય છે.

પુ. પ્ર. મ. ૧૬ शुद्धाः प्रेम्णातिदुर्लभाः **શુદ્ધ ભક્તો**

૨. કોઈ પણ સેવા ખૂબ જ પ્રેમ તથા નિષ્ઠાપૂર્વક તથા સૂક્ષ્મતાથી કરવી જોઈએ પ્રભુનું સુખ વિચારીને કરવી.

અં. પ્ર. ૫ सेवकस्यतु धर्मोऽयं स्वामी स्वस्य करिष्यति **સેવકધર્મ**

૩. સેવામાં પણ વ્યસન દશા થવી જોઈએ.
૪. ગુરુની સન્મુખ જતાં આપને સૌ પહેલાં દંડવત્ કરવા.
૫. પ્રભુને શ્રમ થાય તેવું કાર્ય ન કરવું. પણ ભકતની વ્યસનાવધિમાં પ્રભુને શ્રમ નથી થતો.
૬. ગુરુની આજ્ઞા જે સેવા માટે થાય તે સેવા પ્રસન્નતા પૂર્વક કરવી.

૬૫

પ

વાર્તા – ૨૧

(માળાવાળો પટેલ)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
માલિની (પ્રેમમયી)	**રાજસ**	**પટેલ**	**ગુજરાતના**

પૂર્વ પ્રસંગ માબાપ મરી ગયા, ગરીબ હતો, મજૂરી કરતો. તેના ગામ પાસેથી શ્રીગુસાંઈજી પધાર્યા ત્યારે તે સેવક થયો.

પ્રસંગ

૧. નિ:સાધન પટેલે શ્રીગુસાંઈજીને જૂહીના ફૂલની માળા ભેટ ધરી.

ઉદ્‌ગાર વાકયો

૧. શ્રીગુસાંઈજી – પટેલ ! હું તારી માળા માટે શ્રીગોકુળથી સામો આવ્યો છું.

તત્વબોધ

૧. ગુરુસમક્ષ ખાલી હાથે ન જવું જઈએ.
૨. ભકતમાં દીનતા તથા આતુરતા જોઈએ.
પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૬૬

I

વાર્તા – ૨૨

(હાથની પટુલીથી ડોલોત્સવ કરનાર)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
રસિકા (કલકંઠી)	**સાત્વિક**	**પટેલ**	**પૂર્વ**
નવનીતપ્રિયજી		**ક્ષત્રી**	

પૂર્વ પ્રસંગ બાળપણથી વેરાગી સ્વભાવ, સંઘ સાથે મથુરા આવ્યો.

વિશ્રામઘાટ પર શ્રીગુસાંઈજી સુબોધીનીજીની કથા કરતા હતા ત્યારે સેવક થયો.

પ્રસંગ

૧. ડોલનો ઉત્સવ હાથની પટુલીનો ઝૂલો બનાવી કર્યો તથા ત્રણે વખત દાળ–બાટીનો ભોગ ધર્યો.

ઉદ્‌ગાર વાકયો

૧. મહારાજ ! હું તો આ રીતે વ્રજમાં ફરીશ પણ આપ જેની સેવા પધરાવો તે શ્રીઠાકોરજીને પૂછી જોજો.
૨. શ્રીનવનીતપ્રિયજીએ પ્રભુને જણાવ્યું ખરૂં !
૩. મહારાજ મારી તો આ અવસ્થા છે પણ શ્રીઠાકોરજી મોટા છે તેથી આપની કાનીથી માની લે છે.

તત્વબોધ

૧. ઠાકોરજીનો ઉત્સવ જરૂર કરવો અને તેમાં કસર થાય તો ખેદ થવો જોઈએ. ચિંતા ન કરવી.
ચ. શ્લો. ૧ सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः **સેવા**
૨. સેવા ભાવ સહિત, શ્રીઠાકોરજી પ્રસન્ન થાય તે પ્રકારે કરવી.
સં. નિ. ૮ तत् भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते **ભાવના**

।

વાર્તા – ૨૩

(નિત્ય પરિક્રમા કરનાર)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
સુદેવી	**તામસ**	**બ્રાહ્મણ**	**ગિરિરાજજી**

પૂર્વ પ્રસંગ વીસ – પચીસ વર્ષની ઉંમરે સંઘમાં મથુરા આવ્યો.

ગોવર્ધનનાથજીના સ્વરૂપમાં આસકત થઈ જતાં શ્રીગોવર્ધનધરે શ્રીગુસાંઈજીનો સેવક થવા આજ્ઞા કરી.

પ્રસંગ

૧. રોજ પરિક્રમા કરે. પણ એક દિવસ ગોવર્ધન પૂજા માટેના રસ્તો સાફ કરી નાખ્યો જેથી શ્રીગુસાંઈજી પ્રસન્ન થયા.

ઉદ્‌ગાર વાકયો

૧. વૈષ્ણવ આટલા દિવસથી તો તું તારા દેહનું સાધન કરતો હતો અને આજે તો તેં સાધન છોડીને સેવા કરી તેથી આજે અમે તારી સાથે બોલ્યા.

તત્વબોધ

૧. આતુરતા જરૂરી છે. (પ્રભુ કે ગુરુની પ્રસન્નતા માટે)

૨. નિયમપૂર્વક સેવા જરૂર કરવી.

સિ. મુ. ૧ कृष्णसेवा सदा कार्या **कृष्ण सेवा**

૩. ગુરુ ગામમાં હોય તો દર્શન જરૂર કરવા.

૪. શ્રીઠાકોરજી તથા ગુરુના સુખનો વિચાર કરવો તે, સાધન કરવા કરતાં ઉત્તમ છે.

૫. સેવા જ માર્ગનો સાર છે.

ચ. શ્લો. ૧ सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः **सेवा**

દાસ ।

વાર્તા – ૨૪

(જેમણે વૈષ્ણવોના દેવાના લખાણ બાળી મૂકયા)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
નીલવર્ણી	**રાજસ**	**કાયસ્થ**	**પૂર્વના**

પૂર્વ પ્રસંગ કૃષ્ણદાસ મ્લેચ્છના ચાકર હતા. કામ પ્રસંગે દિલ્હી આવ્યા ત્યારે કોઈ મર્યાદાભકતના સૂચનથી વ્રજયાત્રા કરવા આવ્યા. ગોવર્ધન પર શ્રીગુસાંઈજી રાજભોગ આરતી કરતા હતા. તેમના દર્શન કરતાં જ મનમાં તેમના સેવક થવાની પ્રેરણા થઈ. શ્રીગુસાંઈજીએ તેમને વૈષ્ણવની સેવા સોંપી.

પ્રસંગ

૧. વૈષ્ણવોની ખૂબ સેવા કરતા. દ્રવ્ય લખાણ કરીને આપતા પણ પાછું માંગતા નહિ. મ્લેચ્છે કૃષ્ણદાસને કેદમાં પૂર્યા અને ૨૦,૦૦૦/– દંડ કર્યો. તેમના પોતાના મુનીમની સલાહ અવગણીને બધાં લખાણ અંગિઠીમાં બાળી મૂકયા અને વૈષ્ણવધર્મ સાચવ્યો.

૨. રૂકિમની વહુજીના લીલા પધાર્યાના સમાચાર જાણી ખૂબ દુઃખ પામ્યા. આપઘાતનો વિચાર આવ્યો પણ તેમ ન કરતાં લડાઈમાં મર્યા.

ઉદ્‌ગાર વાકયો

૧. કૃષ્ણદાસે મુનીમને કહ્યું – અરે અધર્મી ! તેં તો પહેલાં જ મારો ધર્મ ખોયો પણ પ્રભુ મારો ધર્મ કેમ ખોય !... અને તને આ લખાણો આપી વૈષ્ણવોને સતાવું ?

તત્વબોધ

૧. વૈષ્ણવ સેવા ખૂબ જ પ્રીતપૂર્વક જીવસાટે કરવી.

સિ. મુ. ૧ कृष्णसेवा सदा कार्या **कृष्ण सेवा**

૨. ભગવદ્‌ ધર્મમાં દૃઢ વિશ્વાસ રાખવો.

વિ.ધૈ.આ. ૧૫ अविश्वासो न कर्तव्यः सर्वथा बाधकस्तु सः **અવિશ્વાસ**

૩. વૈષ્ણવે અન્યાશ્રય કે કલંક લાગે તેમ ન કરવું. 'આપઘાત' માં આ બન્ને છે.

વિ.ધૈ.આ. ૧૪ अन्यस्य भजनं तत्र स्वतोगमनमेव च,
प्रार्थना कार्यमात्रेऽपि तथान्यत्र विवर्जयेत् **અન્યાશ્રય**

ાદ દાસ ા

વાર્તા – ૨૫

(ગુરુ – વૈષ્ણવની ટહેલ કરનાર)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
જનાર્દનદાસ	**વિમલા**	**રાજસ**	**કાયસ્થ**	**સિંહનદ**
ગોપાલદાસ સહગલ	**નિર્મલા**		**ક્ષત્રી**	

પૂર્વ પ્રસંગ

મ્લેચ્છને ત્યાં બન્ને નોકરી કરે પણ સાધુ વેરાગીમાં પ્રીતિ હતી વાસુદેવદાસ છકડાએ તેમની પ્રભુ પ્રાપ્તિની ઉત્કટતા જાણીને શ્રીગુસાંઈજી મેળવી આપ્યા. શ્રીગુસાંઈજી થાનેશ્વર પધાર્યા ત્યારે બન્ને મિત્ર આપના સેવક થયા.

પ્રસંગ

૧ શ્રીગુસાંઈજી પધાર્યા ત્યારે પોતે ઘોડાના તબેલામાં રહીને શ્રીગુસાંઈજીને સઘળું ઘર સોંપી દીધું તથા સર્વવસ્તુ વેચી સાટી ભેટ કરી દીધી.

અં. પ્ર. ૮ सर्वं समर्पितं भक्त्या कृतार्थोऽसि सुखी भव **સમર્પણ**

૨ ભાટચારણોએ તેમનો યશ ગાયો તો અપ્રસન્ન થયા પણ શ્રીઆચાર્યજી – ગુસાંઈજીના કવિત ગાયા ત્યારે ખૂબ પ્રસન્ન થયા.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૩ ગુરુ વૈષ્ણવની ટહેલમાં ધન વપરાઈ જતાં મ્લેચ્છે દંડ કર્યો પણ પ્રભુ પ્રેરણાથી માફ કર્યો.

ન. ૨. ૬ पुष्टिमार्गस्थितो यस्मात् साक्षिणो भवताखिलाः **સાક્ષીવત્**

ન. ૨. ૮ हरिर्यद्यत् करिष्यति तथैव

तस्य लीलेति मत्वा चिन्तां द्रुतं त्यजेत **પ્રભુની લીલા**

ઉદ્‌ગાર વાક્યો

૧. મહારાજ ! પ્રભુ પ્રાપ્તિનો ઉપાય તો પ્રભુ જ જાણે.

તત્વબોધ

૧. આ કાળમાં દાન, પુણ્ય, ઉપાસના સર્વ વ્યર્થ છે. માત્ર શ્રીકૃષ્ણની એકાંતિક ભક્તિ જ ઉપકારક છે.

કૃષ્ણાશ્રય ૧ कृष्णएव गतिर्मम **કૃષ્ણ શરણ**

૨. વૈષ્ણવનો સંગ કરવામાં આવે તો ગુરુ – પ્રભુ પ્રાપ્ત થાય.

ભ. વ. ૮ अतः स्थेयं हरिस्थाने तदीयैः सह तत्परैः

अदूरे विप्रकर्षे वा यथा चितं न दुष्यति **તદીયસંગ**

૩. પ્રભુ પ્રાપ્તિની ઉત્કટતા સતત જોઈએ.

ભ. વ. ૩ ततः प्रेम तथासक्तिः व्यसनं च यदा भवेत् **ભક્તિ**

---

૪. પ્રભુ સાધન લભ્ય નથી કૃપા લભ્ય છે. જે શરણથી થાય.

બા. બો. ૧૮ अतदीयतया चापि केवलश्चेत् समाश्रितः **આશ્રય**

વિ.ધૈ.આ. ૧૦ ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः **શરણ**

૫. ગુરુમાં ઈશ્વરભાવ લાવવો.

૬. નિવેદન મંત્ર લીધા પછી તેને જીવનમાં ઉતારવો જોઈએ.

સિ. ૨. ૬ तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् **સમર્પણ**

૭. ભગવદીયને પોતાના સ્વામીના યશથી જ પ્રસન્નતા થાય છે.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૮. ભગવત્ કાર્ય અર્થે ધન વપરાય તો પ્રભુ પ્રસન્ન જ રહે છે.

સિ. મુ. ૨ चेतस्तत्प्रवणं सेवा तत्सिद्धयै तनुवित्तजा **તનુવિત્તજા સેવા**

દાસ ।

વાર્તા – ૨૬

(જેમને મેડતા ગામને વૈષ્ણવ કરાવ્યું)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
હરિદાસ	**નીલવર્ણી**	**રાજસ**	**કાયસ્થ**	**મેડતા**
હરિદાસની દીકરી	**ઉજીયારી**			
હરિદાસની સ્ત્રી	**સીતલા**			
રાજાની બેન	**પ્રેમ મંજરી**			
રાજા	**કિશોરી**			

પૂર્વ પ્રસંગ

મેડતામાં રહેતા, જેનો રાજા જેમલ રજપૂત મહાશૈવ હતો. જેથી આખું ગામ રાજાના ધર્મે ચાલતું. મેડતાની બહાર શ્રીગુસાંઈજીની દ્વારકાયાત્રા દરમ્યાન મુકામ હતો ત્યાં હરિદાસને તેમના દર્શન થતાં સેવક થયા.

પ્રસંગ

૧. હરિદાસ વૈષ્ણવ થયા જેથી રાજા ખીજયો પણ રાજાની બ્હેન શ્રીગુસાંઈજીની સેવક હોવાથી હરિદાસનું રક્ષણ કર્યું અને રાજાનું મન ફેરવ્યું. શ્રીગુસાંઈજીને હરિદાસની કૃપાથી ગામમાં પધરાવી લાવ્યા અને ગામના સૌને સેવક કરાવ્યા. નાગજી ભટ્ટે તેમને ત્યાં દીવાનપદું કર્યું.
૨. પુરોહિતને કહીને તેમને યોગ્ય લાગે ત્યાં દીકરીને પરણાવી દીધી.

ઉદ્‌ગાર વાક્યો

૧. રાજાની બેન – જે ગામમાં એક વૈષ્ણવ હોય તે આખા ગામનો ઉદ્ધાર કરે.

તત્વબોધ

૧. સેવકનો ધર્મ છે કે સર્વ સમર્પણ કરવું.
સિ. ૨. ૫ निवेदिभिः समर्प्यैव सर्व **સમર્પણ**
સિ. ૨. ૬ तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् **સમર્પણ**
૨. વૈષ્ણવે શ્રીઠાકોરજી સિવાય કોઈનો ડર રાખવો નહિ.
વિ.ધૈ.આ. ૧૦ ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः **શરણ**
૩. વૈષ્ણવ માટે લોક – વેદ – દેહની પણ પરવા ન કરવી.
પુ. પ્ર. મ. ૧૨ भगवद्–रूप–सेवार्थं **સેવા**
૪. વૈષ્ણવ સત્યવચની હોય છે.
પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**
અં. પ્ર. ૪ सत्यसङ्कल्पतो विष्णुः नान्यथातु करिष्यति **સત્ય સંકલ્પતા**
૫. વૈષ્ણવનો અપરાધ થાય તો ક્ષમા માંગવી.
૬. વૈષ્ણવ સિવાય બીજાને ત્યાં ખાનપાન ન કરવું.
૭. પ્રભુ દીનતાથી જ પ્રસન્ન થાય છે.
૮. વૈષ્ણવ થકી જ ગુરુ ક્ષમા આપે છે.

દાસ મ ।।। દ

વાર્તા – ૨૭

(ગુરુ વૈષ્ણવની ટહેલ કરનાર)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
હરિદાસની દીકરી	**ઉજીયારી**	**સાત્વિક**	**બનિયા**	**રાજસ્થાન**
સાસુ	**કલ્યાણી**		**બનિયા**	
માણિકચંદ	**સુમતી**		**બનિયા**	
નાગર બ્રાહ્મણ	**વૈષ્ણવી**		**બ્રાહ્મણ**	

પૂર્વ પ્રસંગ

હરિદાસની દીકરીનાં ઘરનાં સૌ જૈન હતા. પણ દીકરીની અડગતાથી સૌ અનુકૂળ થઈને રહ્યા. બ્રાહ્મણ વૈષ્ણવની કૃપાથી સૌ વિશેષ અનુકૂળ થયા. વૈષ્ણવ થવા આતુર થયા. શ્રીગુસાંઈજી દ્વારકા જતાં આ ગામે પધાર્યા અને સૌને વૈષ્ણવ કર્યા.

પ્રસંગ

૧. શ્રીઠાકોરજીએ હરિદાસની દીકરીના હાથની રસોઈનો આદેશ કર્યો.
નિ. લ. ૮ कृपानन्दः सुदुर्लभः **કૃપાનંદ**
૨. હરિદાસજી પોતાની પત્ની તથા શ્રીઠાકોરજી સહિત પોતાની દીકરીના ગામમાં આવી સૌને મળ્યા.

ઉદ્‌ગાર વાક્યો

૧. શ્રીગુસાંઈજી દીકરીને – તારા માટે તો મુકામ છોડીને સ્નાન કરતો કરતો અહીં આવ્યો છું. તારા માટે તો અમે આ વેળા દ્વારિકાજી આવ્યા છીએ.
૨. દીકરી શ્રીગુસાંઈજીને – આપના નામરૂપી જહાજ પર ચઢી પાર ઉતરી.
૩. દીકરી શ્રીગુસાંઈજીને – અમે મંદભાગી આપના સ્વરૂપને શું જાણીએ ?
૪. શ્રીઠાકોરજી સાસુને – મને તો તારા વહુના હાથની જ રસોઈ ભાવે છે.
૫. દીકરી શ્રીગુસાંઈજીને – મહારાજ મને તો કશું આવતું નથી પણ શ્રીઠાકોરજી પરમ દયાળ છે કે તમારી કાનીથી મારી કરેલી રસોઈ આરોગે છે.
૬. શ્રીગુસાંઈજી – હરિદાસની દીકરી મારી અનન્ય સેવક છે.
૭. વૈષ્ણવ – આ હરિદાસજી એવા ભગવદીય છે કે જેમણે રાજદ્વારે શ્રીગુસાંઈજીનો ડંકો વગાડયો એમના ધૈર્યના વખાણ કરો કે પોતાના પ્રાણ આપવાનું કર્યું પરંતુ શ્રીગુસાંઈજીનો આશ્રય ન છોડયો. એમના ધૈર્યની ઉપમા – વખાણ જીવ શું કરશે ?
૮. દીકરી શ્રીગુસાંઈજીને – હવે તો તમે એમ જ કહેશો ને ? જો હું સારી ન હોત તો તમે મારી પાસે કઈ રીતે પધારતે ?

તત્વબોધ

૧. વૈષ્ણવને દુ:સંગ મહાબાધક લાગવો જોઈએ.

ભ. વ. ૭ त्यागे बाधकभूयस्त्वं दु:संसर्गात् तथान्नत: **બાધક સંગ–અન્ન**

૨. દુ:ખમાં માત્ર પ્રભુનું જ સ્મરણ કરવું.

વિ. ધૈ. આ. ૯ अशक्ये हरिरेवास्ति **મુશ્કેલીમાં પ્રભુ**

૩. અન્ય માર્ગીના હાથનું ખાવું નહિ.

ભ. વ. ૭ त्यागे बाधकभूयस्त्वं दु:संसर्गात् तथान्नत: **બાધક સંગ–અન્ન**

૪. ધર્મ સાટે કોઈનો જ ડર ન રાખવો.

અં. પ્ર. ૪ सत्यसङ्कल्पतो विष्णु: नान्यथातु करिष्यति **સત્ય સંકલ્પતા**

૫. વૈષ્ણવે વૈષ્ણવોને ભગવત સ્મરણ અવશ્ય કરવા.

૬. વૈષ્ણવના દર્શન માત્રથી હૃદય શુદ્ધ થાય છે.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૭. વૈષ્ણવે ટેક રાખવી.

૮. વૈષ્ણવની વાણીમાં વિશ્વાસ રાખવો.

૯. કોઈનો દોષ ન જોવો.

૧૦. પ્રભુ પોતાના જનને છોડતા નથી.

સે. ફ. ૭ पुष्टौ नैव विलम्बयेत् **પુષ્ટિ**

૧૧. અધિકાર વગર પોતાના હૃદયનો ભાવ બીજાને કહેવો નહિ.

૧૨. આર્તી થવાથી જ અધિકાર પ્રાપ્ત થાય છે.

નિ. લ. ૭ क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत्
तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहि: **વિરહભાવ**

૧૩. અન્ય માર્ગી પાસે પોતાના માર્ગની ચર્ચા ન કરવી.

વિ.ધૈ.આ. ૬ त्रिदु:खसहनं धैर्यम् आमृते: सर्वत: सदा **ધૈર્ય**

૧૪. ગમે તે સંકટમાં પણ ધીરજ ખોયા વગર શ્રીગુસાંઈજીનો આશ્રય કરવો.

વિ.ધૈ.આ. ૧૦ ऐहिके पारलोके च सर्वथा शरणं हरि: **શરણ**

૧૫. વૈષ્ણવના રંચક માત્ર સંગથી જીવનો ઉદ્ધાર સહજમાં થાય છે.

૧૬. ભગવદીય વૈષ્ણવ પર નિષ્કપટ ભાવે સ્નેહ રાખવો.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૧૭. જીવને તાપ હોય તો ગુરુ જરુર કૃપા કરે છે.

નિ. લ. ૭ क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत्
तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहि: **વિરહભાવ**

નિ. લ. ૮ कृपानन्द: सुदुर्लभ: **કૃપાનંદ**

૧૮. વૈષ્ણવે દીનતા રાખવી. અહંકાર સર્વદા ન કરવો, ધીરજ રખાવનાર પણ આપ છે.

વિ.ધૈ.આ. ૩ अभिमानश्च सन्त्याज्य: स्वाम्यधीनत्व–भावनात् **અભિમાન**

૧૯. નામરૂપ જહાજ જરૂર પાર ઉતારે છે.

ભ. વ. ૧ बीजभावे दृढे तु स्यात् त्यागात् श्रवणकीर्तनात् **શ્રવણ – કીર્તન**

ભ. વ. ૯ सेवायां वा कथायां वा यस्यासक्तिर्दृढा भवेत्
यावद्जीवं तस्य नाशो न क्वापीति मतिर्ममम **સેવા / કથા**

૨૦. પ્રભુને સ્નેહ જ અતીપ્રિય છે. સ્નેહીના હાથે પ્રસન્ન વદને આરોગે છે. (વલ્લભાષ્ટક)

બા. બો. ૧૮ समर्पणेनात्मनो हि तदीयत्वं भवेद् ध्रुवम् **સમર્પણ**

૨૧. વૈષ્ણવ મળે તો પગે પડી ભેટી, ભગવત્ સ્મરણ કરી યથાયોગ્ય સત્કાર કરવો.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૨૨. શ્રીઠાકોરજીને અવેર ન થાય તેનું ખૂબ ધ્યાન રાખવું.

સિ. મુ. ૨ चेतस्तत्प्रवणं सेवा तत्सिद्धयै तनुवित्तजा **તનુવિત્તજા સેવા**

ા ા ા

વાર્તા – ૨૮

(જેને ત્યાં દેવો પ્રસાદની સુગંધી લેવા આવ્યા)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
બ્રાહ્મણ	**દિવ્યરત્ના**	**તામસ**	**બ્રાહ્મણ**	**વડનગર**

પૂર્વ પ્રસંગ

શૈવી પિતાનો પુત્ર હતો પણ પડોશી વૈષ્ણવનો બાળપણથી સંગ હતો. પિતાના ત્રાસથી પણ ડગ્યો નહિ. પડોશી વૈષ્ણવના સંગે શ્રીગુસાંઈજીનો ગોકુળ જઈને સેવક થયો.

પ્રસંગ

૧ ગામના બ્રાહ્મણોએ બ્રહ્મભોજનનો ઈન્કાર કરતાં બ્રાહ્મણની વિનંતીથી શ્રીગીરીરાજજીએ અન્ય માર્ગીને પરચો બતાવવા માટે સ્વર્ગમાંથી પ્રસાદની સુગંધી લેવા, દેવોને બોલાવ્યા જે બ્રાહ્મણો સાક્ષાત્ જોઈ શકયા.

પુ. પ્ર. મ. ૧૭	भगवानेव हि फलं	**લૌકિક ગતિ**
ન. ૨. ૪	यैः कृष्णसात्कृतप्राणैः तेषां का परिदेवना	**કૃષ્ણમાં ચિત્ત**
અં. પ્ર. ૪	सत्यसङ्कल्पतो विष्णुः नान्यथातु करिष्यति	**સત્ય સંકલ્પતા**

તત્વબોધ

૧. ધૈર્ય ન છોડવું.

વિ.ધૈ.આ. ૬ त्रिदुःखसहनं धैर्यम् आमृतेः सर्वतः सदा **ધૈર્ય**

૨. દુઃખ આવી પડે અને સહન ન થાય તો ગોવર્ધનને શરણે જવું, પ્રભુને શ્રમ ન આપવો.

૩. શ્રીગોવર્ધન હરિદાસવર્ય હોવાથી ભકિતરસ રૂપ દૂધથી સ્નાન કરે છે.

૪. જીવને ગુરુના વચનોમાં અટલ વિશ્વાસ જોઈએ.

સિ. મુ. ૧૯ ज्ञानाधिको भक्तिमार्गः एवं तस्मात् निरूपितः **જ્ઞાનાધિકા ભક્તિ**

સ ા ા

વાર્તા – ૨૯

(જેમને શ્રીયમુનાજીએ કમળનો માર્ગ બનાવી આપ્યો.)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
બ્રાહ્મણ	**તમદા**	**સાત્વિક**	**બ્રાહ્મણ**	**મથુરા**

પૂર્વ પ્રસંગ

શ્રીગુસાંઈજી મથુરા પધાર્યા ત્યારે કેસોરાયજીના મંદિરમાં આપને ચોબાજીઓને શ્રીયમુનાજીનું માહાત્મ્ય કહેતા સાંભળ્યા ત્યારે આપનો સેવક થયો. તેને શ્રીયમુનાજીમાં અપાર સ્નેહ ભકિત હતાં.

પ્રસંગ

૧ ગો. બાળકો તેમને પરીક્ષાર્થે શ્રીયમુનાજીના બેટ પર મૂકી આવ્યા ત્યારે શ્રીયમુનાજીએ તેને કમળનો માર્ગ તૈયાર કરી આપ્યો. યમુનાષ્ટપદી તેને ફળી હતી.

तया सकल सिद्धयो (યમુનાષ્ટક)

ઉદ્ગાર વાકયો

૧. ગિરધરજીએ કહ્યું – યમુનાષ્ટપદી તેને ફલીત થઈ.

તત્વબોધ

૧. શ્રીયમુનાજીને સાક્ષાત્ ભાવાત્મક સમજવા, તેના જળને સામાન્ય જળ ન સમજવું.

૨. શ્રીયમુનાજીનો સ્પર્શ વિના અપરસે ન કરવો. શ્રીયમુનાજીનું જળ શુદ્ધ થવા માટે નથી. પવિત્ર થવા માટે છે.

૩. ટેક હોય તો શ્રીઠાકોરજી કૃપા કરી તેને નિભાવે જ છે.

૫

વાર્તા – ૩૦

(જેમને શ્રીગુસાંઈજીએ લીલા વિસ્તાર પછી દર્શન આપ્યા.)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
રજપૂત	**રક્ષાલિકા**	**રાજસ**	**રજપૂત**	**દ્વારકા પાસે**

પૂર્વ પ્રસંગ

દ્વારકા જતાં રસ્તામાં તેના ગામ પાસેથી શ્રીગુસાંઈજી પસાર થતા હતા ત્યારે તેને તેમના સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ રૂપે દર્શન થયા જેથી સેવક થયો.

પ્રસંગ

૧ કેટલાક દિવસમાં શ્રીગુસાંઈજીના લીલા વિસ્તારના સમાચાર જાણી હિમાલય તરફ દોડયો ત્યારે શ્રીગુસાંઈજીએ તેને દર્શન આપ્યા.

નિ. લ. ૮ कृपानन्दः सुदुर्लभः **કૃપાનંદ**

તત્વબોધ

૧. જીવને આર્તી જોઈએ, તો પ્રભુ કૃપા કરે છે

નિ. લ. ૭ क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत्
तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहिः **વિરહભાવ**

૨. જીવને પ્રભુનો અનુભવ ન હોવા સિવાય અન્ય કોઈ દુઃખ ન હોવું જોઈએ.

પુ. પ્ર. મ. ૧૭ भगवानेव हि फलं **ભગવાન ફળરૂપ**

૬

વાર્તા – ૩૧

(જેણે ચાચાજીના કહેવાથી ધણીને ઝેર આપ્યું.)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
શેઠની દીકરી	**રાઈન**	**રાજસ**	**વણિક**	**લાહોર**

પ્રસંગ

લાહોરમાં બહિર્મુખને ત્યાં પરણાવેલી. ચણા ખાઈને એક વર્ષ ગુજારો કર્યો એકવાર ચાચાજી તેને શોધતા આવ્યા, પછી ચાચાજીની સલાહથી ધણીને ઝેર આપ્યું. પછી ચાચાજીએ ચરણામૃત આપી તેને જીવતો કરી સૌ ઘરનાંને શ્રીગુસાંઈજીના શરણે લીધા.

ઉદ્ગાર વાકયો

૧. ચાચાજી – તારા માટે તો શ્રીગુસાંઈજીએ મને અહીં સુધી મોકલ્યો છે.

તત્વબોધ

૧. કપરા સંજોગોમાં પણ ભગવદ્ ધર્મ ન છોડવો.

વિ.ધૈ.આ. ૧ विवेकस्तु हरिः सर्वं निजेच्छातः करिष्यति **હરીચ્છા**

૨. ભગવદીયના કૃત્યનું અનુકરણ ન કરવું. તેમને તો આગળ પાછળનું જ્ઞાન હોય છે.

વિ.ધૈ.આ. ૫ धर्माधर्माग्र–दर्शनम् **ધર્માધર્મ વિચાર**

૩. ભગવદીયના વચન પર વિશ્વાસ રાખવો.

૪. પ્રભુ જીવની આર્તી સહી શકતા નથી.

ુ ।

વાર્તા – ૩૨

(જે કૂવો ખોદતાં દટાયો.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
પરમાનંદ	**સાત્વિક**	**કુંભાર**	**ગુજરાત**

મનસુખ (ગોપના ભત્રીજા)

પૂર્વ પ્રસંગ શ્રીગુસાંઈજી ગુજરાત પધાર્યા ત્યારે આ કુંભાર આપનો સેવક થયો.

પ્રસંગ

૧ ચાચાજી તેને ત્યાં પધાર્યા ત્યારે કૂવો ખોદવાનું કામ રાખેલું તેના બાનાના પૈસાથી સરભરા કરી. તેમના ગયા પછી કૂવો ખોદતાં દટાયો, તે ચાચાજીએ બચાવ્યો.

૨. સાળા માટે બનાવેલા લાડવા વૈષ્ણવોને ખવડાવી દીધા.

તત્વબોધ

૧. વૈષ્ણવ ઘરે આવે તો તેનું સમાધાન – સરભરા સારી રીતે પ્રેમ પૂર્વક કરવી.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवर्त्वहि सहजं **સહજતા**

૨. શ્રીવલ્લભ – વિઠ્ઠલનું સ્મરણ સતત થવાથી સર્વ પ્રકારના અનિષ્ટ દૂર થાય છે.

ચ. શ્લો. ૪ अतः सर्वात्मना शश्वद् गोकुलेश्वरपादयोः
स्मरणं भजनं चापि न त्याज्यमिति मे मतिः **સ્મરણ – ભજન**

૩. ધર્મ વિરોધીને ઘરમાં ન રખાય પણ તેના પર દયા જરૂર કરવી.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवर्त्वहि सहजं **સહજતા**

ો દદાસ ાસ

વાર્તા – ૩૩

(જેમને શ્રીનવનીતપ્રિયજીએ નૂપુર પહેરાવ્યું)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
નૃત્યકલા	**તામસ**	**સનાઢય બ્રાહ્મણ**	**મથુરા**

પૂર્વ પ્રસંગ નૃત્યકલાનો શોખ હતો. શ્રીગુસાંઈજીને નૃત્ય સંગીતમાં રસ છે, જાણી કલા દેખાડવા આવ્યા પણ શ્રીગુસાંઈજીના દર્શન કરતાં જ ચકીત થઈ ગયા. શ્રીગુસાંઈજીની આજ્ઞાથી નવનીતપ્રિયજી સમક્ષ નૃત્ય કરતાં ભાન ગુમાવી બેઠા. ત્યારબાદ તેમને વિનંતી કરતાં શ્રીગુસાંઈજીએ નામ – નિવેદન કરાવ્યું.

પ્રસંગ

૧. રાધાષ્ટમીએ ગોવિંદદાસે શ્રીઠાકોરજી આગળ નૃત્ય કરવા લાગ્યા ત્યારે તેમનું ઘુઘરું તૂટી જતાં શ્રીનવનીતપ્રિયાજીએ પોતાના ચરણોનું નુપૂર ગોવિંદદાસને પહેરાવ્યું. ત્યારે શોભાબેટીજી પણ રસમત્ત હોવાથી અડધી રાત્રે સેન – આરતી આવ્યા.

સિ. મુ. ૧ मानसी सा परा मता
સિ. મુ. ૧૬ आत्मानन्दसमुद्रस्थं कृष्णमेव विचिन्तयेत्
પુ. પ્ર. મ. ૧૬ शुद्धाः प्रेम्णातिदुर्लभाः
ભ. વ. ૩ ततः प्रेम तथासक्तिः व्यसनं च यदा भवेत्
નિ. લ. ૮ कृपानन्दः सुदुर्लभः

ઉદ્‌ગાર વાક્યો

૧. શ્રીગુસાંઈજી – ગોવિંદદાસ ઊઠો, તમને શ્રીનવનીતપ્રિયાજી હમેશાં આવા જ દર્શન આપશે.

તત્વબોધ

૧. પોતાની કલાનો ઉપયોગ શ્રીઠાકોરજીની પ્રસન્નતામાં કરવો.

ચ. શ્લો. ૪ अतः सर्वात्मना शश्वद् गोकुलेश्वरपादयोः
स्मरणं भजनं चापि न त्याज्यमिति मे मतिः **સ્મરણ – ભજન**

૨. શ્રીઠાકોરજીની સેવામાં ચિત્ત એવું પરોવાય કે બહારનું ભાન ન રહે.

સિ. મુ. ૨ चेतस्तत्प्रवणं सेवा तत्सिद्ध्यै तनुवित्तजा **તનુવિત્તજા સેવા**

ા

વાર્તા – ૩૪

(જેણે કંસારાને ત્યાંથી શ્રીઠાકોરજીના કડા કાઢી લીધા.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
ગોપદેવી	**રાજસ**	**બ્રાહ્મણ**	**ગુજરાત**

પૂર્વ પ્રસંગ યાત્રાર્થે મથુરાથી ગોકુળ આવ્યો. શ્રીઠકુરાનીઘાટ પર શ્રીગુસાંઈજીના દર્શન થયા. શ્રીગુસાંઈજીએ તેને નામ નિવેદન કરાવ્યું.

પ્રસંગ

૧. કંસારાને ત્યાંથી સેવા માટે શ્રીગુસાંઈજીની સાથે રહી સ્વરૂપ પસંદ કર્યું. પણ સાંજ થઈ હોવાથી સ્વરૂપનાં કડાં વડા કરી પોતાની પાસે રાખ્યા અને સ્વરૂપ બીજા દિવસે પધરાવી જવાનો વિચાર કરી મંદિર પર આવ્યો. ત્યારે કડાંના બહાને શ્રીઠાકોરજીએ તુરત જ પધરાવી જવાની આજ્ઞા શ્રીગુસાંઈજી પાસે કરી.

ઉદ્‌ગાર વાક્યો

૧. શ્રીઠાકોરજી – ફલાણો વૈષ્ણવ મારાં કડાં ઉતારી લાવ્યો છે.

તત્વબોધ

૧. જીવના નિત્યલીલાના સ્વરૂપ પ્રમાણે આ જન્મમાં તેને મનોરથ થાય છે.

૨. શ્રીગુસાંઈજીની પ્રેમભરી દષ્ટિ પડતાં જ તે સ્વરૂપ સાક્ષાત ભાવાત્મક થઈ જાય છે.

સિ. મુ. ૧૮ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः **અનુગ્રહ**

ન. ૨. ૨ सर्वेश्वरश्च सर्वात्मा निजेच्छातः करिष्यति **સામર્થ્ય**

૩. ગુરુની આજ્ઞાનું તુરંત પાલન કરવું.

અં. પ્ર. ૪ आज्ञेव कार्या सततं स्वामिंद्रोहोऽन्यथा भवेत् **આજ્ઞા પાલન**

૪. ગુરુના તથા શ્રીઠાકોરજીના ભાવાત્મક સ્વરૂપને સમજવું.

૫. શ્રીઠાકોરજીને પરિશ્રમ ન પડે તેમ કરવું જોઈએ.

૬. એકવાર સ્વરૂપ ભાવાત્મક થાય પછી તેને સાક્ષાત્ સમજી તેવો વહેવાર કરવો જોઈએ.

૭. ભગવત્ કાર્ય આવતી કાલ ઉપર ન રાખવું.

સં. નિ. ૮ तत् भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते **ભાવના**

સ ા ા

વાર્તા – ૩૫

(જે બેનને મારવાથી સાપ થયો.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
તમસાદેવી	**તામસ**	**સનાઢય બ્રાહ્મણ**	**વ્રજ**

પૂર્વ પ્રસંગ શ્રીગુસાંઈજી પાસે નામ પામ્યો. પછી બેનની સંપત્તિના લોભે બેનને ઝેર આપી મારી નાખી જેથી મથુરા – ગોકુળ વચ્ચે ‘માઈઘાટ’ પર ઝેરીલો સાપ થયો. જે સર્વને સંતાપતો. શ્રીગુસાંઈજીએ ત્યાં મુકામ કર્યો અને પોતાના પગ ધોયાં તેના ચરણામૃતનો સાપને સ્પર્શ થતાં, તેને પોતાના આગળના જન્મની યાદ આવતાં શ્રીગુસાંઈજીના શરણે આવ્યો. ત્યારે શ્રીગુસાંઈજીએ તેની ફેણ પર ચરણ ધરતાં તે સાપનો દેહ છોડી બ્રાહ્મણ થયો. ત્યારે આપે તેને નામ – નિવેદન કરાવ્યું. ત્યારે તે પોતાનો દેહ છોડી કૃતાર્થ – મુક્ત થયો.

તત્વબોધ

૧. સંપત્તિનો લોભ અનર્થ કરાવે છે.

સં. નિ. ૬ विषयाक्रान्तदेहानां नावेशः सर्वदा हरेः **વિષયી**

૨. લોભમાંથી ક્રોધનો જન્મ થાય છે અને સતત બીજાને દુઃખ આપીને આસુરી આનંદ પમાય છે. માટે લોભ – ક્રોધ ન કરવા અને પરપીડન ન કરવું.

૩. શ્રીગુસાંઈજી એક વાર શરણે લે પછી જીવને છોડતા નથી.

વિ.ધૈ.આ. ૧૦ ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः **શરણ**

સં. નિ. ૧૯ हरिरत्र न शक्नोति कर्तुं बाधां कुतोऽपरे !
अन्यथा मातरो बालान् न स्तन्यैः पुपुषुः क्वचित् **સ્નેહ**

મા દીકરો વહુ

વાર્તા – ૩૬

(ભોળી વહુ જેણે શ્રીઠાકોરજીને આઠ વખત શૃંગાર બદલ્યો)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
મા	**શ્યામા**	**સાત્વિક**		**ગુજરાત**
દીકરો	**રામદે**			
વહુ	**શ્યામસ્નેહીની**			

પૂર્વ પ્રસંગ

શ્રીગુસાંઈજી ગોકુળથી ગુજરાત પધાર્યા ત્યારે મા–દીકરાને નામ નિવેદન કરાવ્યું હતું. દીકરાના લગ્ન બાદ ફરીવાર જ્યારે શ્રીગુસાંઈજી ગુજરાત પધાર્યા ત્યારે ભોળી વહુને નામ નિવેદન માટે મોકલી.

પ્રસંગ

૧. તે શ્રીગુસાંઈજી જે બોલે તે જ શબ્દો બોલે. પછી તેને નામ નિવેદન કરાવ્યું. ત્યારબાદ સાસુના અડચણ સમયે શૃંગાર કરતાં શ્રીઠાકોરજીનું હસતું મુખ ન જણાતાં તેને આઠ વખત શૃંગાર બદલ્યો. અને ખૂબ આર્તી થઈ. ત્યારે શ્રીઠાકોરજી હસ્યા, પછી શ્રીઠાકોરજીની આજ્ઞાથી વહુ જ રોજ શૃંગાર સેવા કરતી.

ઉદ્‌ગાર વાક્યો

૧. શ્રીગુસાંઈજી – ઠાકોરજીની સેવા વહુ પાસે કરાવજો.

૨. સાસુ – તે તો ભોળી છે બાવરી છે સેવામાં શું સમજશે ?

૩. શ્રીગુસાંઈજી – શ્રીઠાકોરજી પોતે તેને શીખવશે.

૪. વહુ શ્રીઠાકોરજીને કહેતી – સેવામાં કંઈક ચૂક પડશે તો હું મારે પીયર ચાલી જઈશ.

૫. શ્રીઠાકોરજી – મને શૃંગાર વહુના હાથનો ખૂબ ગમે છે.

તત્વબોધ

૧. બ્રહ્મસંબંધ પછી પ્રેમપૂર્વક સેવા કરવામાં આવે તો પ્રભુ સાનુભવ જતાવે જ.
સિ. મુ. ૨ चेतस्तत्प्रवणं सेवा तत्सिद्धयै तनुवित्तजा **તનુવિત્તજા સેવા**

૨. પ્રભુ તો કૃપાળુ છે પણ જીવને જણાય કે આ મારો અપરાધ છે તો તે બદલ ક્ષમા જરૂર માંગવી.
પુ. પ્ર. મ. ૧૮ आसक्तौ भगवानेव शापं दापयति क्वचित् **શાપ – કષ્ટ**

૩. પ્રભુ શુદ્ધ – ભોળા જીવની સેવા જાતે કરીને લે છે.

૪. લીલા સંબંધ દૃઢ થાય તો શ્રીઠાકોરજી જલ્દી કૃપા કરે.
સિ. મુ. ૧૧ परमानन्द–रूपेतु कृष्णे स्वात्मनि निश्चयः **કૃષ્ણાનંદ**

૫. શ્રીઠાકોરજીને સાક્ષાત્ કરીને જણાવા.
સિ. મુ. ૧૬ आत्मानन्दसमुद्रस्थं कृष्णमेव विचिन्तयेत् **માનસી દશા**

૬. પુષ્ટિમાર્ગમાં આર્તી ન થાય ત્યાં સુધી પ્રભુ સાનુભવ ન જતાવે.

૭. શ્રીઠાકોરજીને શામાં સુખ છે તે જાણી તે પ્રમાણે સેવા કરવી.
સિ. મુ. ૧ कृष्णसेवा सदा कार्या **કૃષ્ણ સેવા**

। પ । દ પ દ વાર્તા – ૩૭

(ઉત્તમ શ્રોતા કે જેમના પર ગુરુ – ગોવિંદની અતુલ કૃપા)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
	રસસંગીની	**તામસ**	**પઠાન**	**બચ્છગામ**
પિરજાદી	**શુભઆનના**			

પૂર્વ પ્રસંગ

અલીખાનના પિતા ક્ષત્રિય હતા પણ સંગે પઠાણ થયા હતા. હિન્દુ વિસ્તારમાં ઘર હોવાથી પિરજાદીને શ્રીઠાકોરજીની રમતમાં પ્રીત લાગી.

અલીખાન મહાવનમાં વનના હાકેમ થઈને આવ્યા. ત્યારે વ્રજના સ્વરૂપને જોઈ પ્રસન્ન થયા. તેમાં આસકત થયા.

વ્રજના ઝાડ–પત્તા તોડનારને કડક શિક્ષા કરતા. તેલીને તેનું તેલ તે ઝાડનાં મૂળમાં રેડાવી દીધું પરંતુ શ્રીગુસાંઈજીના સેવકની આમન્યા રાખીને ‘‘પ્રભુ વિનિયોગમાં આવતા ખાખરાના પાનને ઝાડ પરથી થોડા થોડા માંગીને ઉતારવા.’’ તેમ કહ્યું.

અલીખાને બેટી માટે રમવાને મંદિર બનાવડાવતાં પાયામાંથી શ્રીઠાકોરજીનું સ્વરૂપ નીકળ્યું. તેની સેવા કરતાં તેમાં પ્રેમ–આસકિત તન્મયના થઈ ગયા. જેથી તેની આર્તી જાણી તેને શ્રીઠાકોરજીનો સાક્ષાત્કાર થયો અને તેની દઢતાથી શ્રીઠાકોરજી તેને સાનુભવ જતાવવા લાગ્યા. અલીખાને દીકરીનું સ્વરૂપ નિખરેલું જોયું, જેથી તેના મહેલનો ચોકી પહેરો ગોઠવ્યો.

બારણાની તરડમાંથી રાસના નૃત્યગાન સાંભળ્યા જેથી તેને લાગ્યું કે આ તો કનૈયાલાલ જ રાસ કરે છે. તે જણાતાં વારંવાર મુર્છા પામ્યા. અને પ્રભુ કૃપાથી દર્શન પામ્યા. દીકરીએ બાપને દર્શન કરાવવા પ્રભુને વિનંતી કરતાં પ્રભુએ તેમને શ્રીગુસાંઈજી પાસે નામ – નિવેદન માટે મોકલ્યા અને શ્રીગુસાંઈજીને પણ જતાવ્યું, જેથી નામમંત્ર પામ્યા. અલીખાનના પૂછવાથી પૂર્વજન્મનો ભેદ શ્રીગુસાંઈજીએ કહ્યો, તે અલીખાન પૂર્વજન્મમાં શ્રીરંગનાથની શૈયા સેવા કરતા હતા અને દીકરી શ્રીઠાકોરજી સમક્ષ નૃત્ય કરતી હતી ત્યારે ત્યાં રાજા આવતાં બન્ને શ્રીઠાકોરજીની સેવા છોડી રાજાનું સમાધાન કરવા ગયા જેથી બીજા જન્મમાં મ્લેચ્છ થયા.

અલીખાને દીકરીની આડીથી શ્રીઠાકોરજીનાં દર્શનની ઈચ્છા કરી તો શ્રીઠાકોરજીએ સામેથી બોલાવ્યો.

૩. અલીખાન તથા પીરજાદી ખૂબ જ તલ્લીનતા પૂર્વક શ્રીગુસાંઈજીની કથા સાંભળતા. તેનો ખુલાસો પણ આપે વૈષ્ણવોને કરી આપ્યો.

બા. બો. ૧૬ दोषाभावाय सर्वदा, श्रवणादि ततः प्रेम्णा सर्वं कार्य हि सिध्यति
ન. ૨. ૨ निवेदनन्तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः
ભ. વ. ૧ बीजभावे दृढे तु स्यात् त्यागात् श्रवणकीर्तनात्

પં. ૫. ૧ श्रीकृष्णरसविक्षिप्त – मानसारतिवर्जिताः
अनिर्वृता लोकवेदे ते मुख्याः श्रवणोत्सुकाः

૪. અલીખાનના ઘોડાની શ્રીગુસાંઈજીએ પ્રશંસા કરી ત્યારથી અલીખાન તે ઘોડામાં ભગવદ્ ભાવ રાખવા લાગ્યા.

સં. નિ. ૮ तत् भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते

ઉદ્ગાર વાકયો

૧. શ્રીઠાકોરજી દીકરીને – તું ઊઠ રસોઈ કરી મને ભોગ ધર, મોડું થયું છે જેથી મને ખૂબ ભૂખ લાગી છે.
૨. દીકરીના પગમાં પડીને અલીખાને કહ્યું – બેટી તું ધન્ય ધન્ય ધન્ય છે હવે તું મને કનૈયાલાલના દર્શન કરાવ.
૩. અલીખાને વૈષ્ણવને કહ્યું – હું તારી પાસે એક વસ્તુ માંગું છું. આજે તો તેં પાંદડા તોડયા.... દશ દશ પાંદડાં માગીને તોડજે આટલું તું મારું માંગ્યું આપ.
૪. શ્રીઠાકોરજીએ શ્રીગુસાંઈજીને આજ્ઞા કરી – તમે જયારે સ્નાન કરવા પધારો ત્યારે એ બન્નેને નામ સુનાવજો.
૫. અલીખાન તથા પિરજાદી – મહારાજ અમે તો આપના શરણે છીએ.
૬. શ્રીગુસાંઈજી – અલીખાન, અમે અમારા સેવકને કયારેય ન છોડીયે તેથી તમે અમારા છો.
૭. ઠાકોરજીએ પૂછયું – અલીખાન કયાં છે ? એને અંદર કેમ નથી બોલાવતી ?
૮. પિરજાદી – મહારાજ, આપની આજ્ઞા હોય તો અમે જે દિવસથી કથા સાંભળીએ છીએ તે દિવસથી કાલ લગીની કથાની વિનંતી કરીએ અને આજ્ઞા આપો તો કાલની કથાની જ વિનંતી કરીએ.
૯. શ્રીઠાકોરજી – તમે બાપ દીકરી ત્યાં શ્રીગોકુળમાં જઈને શ્રીગુસાંઈજીની પાસે નામ પામી આવો ત્યારે દર્શન થશે.
૧૦. અલીખાન – આ વાતનો ભેદ આપથી ન પામીએ તો જીવનને પૂર્વજન્મની વાત કહેવા કોણ સમર્થ છે ?

તત્વબોધ

૧. સંગ બાધક પણ છે અને સાધક પણ છે.
ભ. વ. ૨ अव्यावृत्तो भजेत कृष्णं **અવ્યાવૃત્ત / અસંગ**
ભ. વ. ૩ व्यावृत्तोऽपि हरौ चित्तं श्रवणादौ न्यसेत् सदा **વ્યાવૃત્તની ભક્તિ**
૨. વ્રજના સ્વરૂપને જાણે પછી આસકત થાય તે પ્રમાણે વ્યાપાર થાય તો જીવ ઉપર પ્રભુ જરૂર કૃપા કરે.
ભ. વ. ૩ ततः प्रेम तथासक्तिः व्यसनं च यदा भवेत् **ભક્તિ**
અં. પ્ર. ૫ सेवकस्यतु धर्मोऽयं स्वामी स्वस्य करिष्यति **સેવકધર્મ**
૩. ઝાડ પાનને સ્વરૂપાત્મક જાણી તેમની સમક્ષ પણ દીનતા રાખવી.
પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**
૪. ગુરુ, મહાત્માની આમન્યા રાખવી.

૫. પ્રભુ વિનિયોગમાં વપરાતી વસ્તુ કે ક્રિયા દોષરૂપ રહેતી નથી.
સિ. ૨. ૨ ब्रह्म–सम्बन्ध–करणात् सर्वेषां देह–जीवयो: सर्व–दोष–निवृत्ति: **દોષનિવૃત્તિ**

૬. વૃક્ષે વૃક્ષે વેણુધારી, પત્રે પત્રે ચતુર્ભુજ યત્ર વૃંદાવનં તત્ર લક્ષ્યાલક્ષ્યકથા કૃત
સિ. મુ. ૩ परं ब्रह्मतु कृष्णो हि **પરબ્રહ્મ કૃષ્ણ**

૭. સેવા કરતાં સ્નેહ જાગે અને આસક્તિ થાય કે પ્રભુ વગર રહી ન શકાય.
ભ. વ. ૪ स्नेहाद् रागविनाशः स्याद् आसक्त्या स्याद् गृहारुचिः
गृहस्थानां बाधकत्वम् अनात्वमत्वं च भासते
यदा स्यात् व्यसनंकृष्णो **સ્નેહઆસક્તિવ્યસન**

૮. આર્તી થાય તો પ્રભુ દર્શન આપે.
નિ. લ. ૭ क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत्
तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहिः **વિરહભાવ**

૯. દઢતાથી જ પ્રભુ સાનુભવ જતાવે.
વિ.ધૈ.આ. ૧ विवेकस्तु हरिः सर्वं निजेच्छातः करिष्यति **હરીચ્છા**

૧૦. ભકતના સ્નેહને વશ પ્રભુ માંગીને આરોગે છે.

૧૧. પ્રભુ ભકતનો કલેશ સહી શકતા નથી.
નિ. લ. ૭ क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत्
तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहिः **વિરહભાવ**

૧૨. તન્મયતા થાય તો પ્રભુ ભકતને છોડીને અળગા ન થાય.
ભ. વ. ૩ ततः प्रेम तथासक्तिः व्यसनं च यदा भवेत् **ભક્તિ**

૧૩. અનધિકારીએ પ્રભુ દર્શન ન આપે. પણ અધિકારાનુસાર જ દાન કરે.

૧૪. પ્રભુનો પરોક્ષ અનુભવ થતાં પ્રભુના સ્વરૂપનું જ્ઞાન થાય છે.
સિ. મુ. ૧૪ तथा कृष्णं परं ब्रह्म स्वस्मिन् ज्ञानी प्रपश्यति **કૃષ્ણબ્રહ્મ**

૧૫. આ માર્ગ ભગવદીયોની આડીથી જ છે. ભગવદીય કૃપા કરે તો પ્રભુ જરૂર કૃપા કરે.
ન. ૨. ૨ निवेदनन्तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः **સત્સંગ**

૧૬. પ્રભુના દર્શન અનાયાસ કૃપાથી થઈ જાય અને પ્રભુ સ્વયં દર્શન કરાવે તે બે માં અંતર છે.
સિ. મુ. ૧૮ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः **અનુગ્રહ**

૧૭. ભગવદીયમાં લૌકિક સંબંધ જાણવો નહિ. પોતે બાપ હોય તો પણ બેટીના પગમાં પડી જતાં અન્ય સંબંધ મનમાં ન આણવો જોઈએ.
પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૧૮. ભગવદીયે પ્રભુની ઈચ્છા જાણ્યા વગર ડગલું પણ આગળ ન ભરવું.
વિ.ધૈ.આ. ૧ विवेकस्तु हरिः सर्वं निजेच्छातः करिष्यति **હરીચ્છા**

૧૯. વૃક્ષ ભગવદીય છે જેથી તેના હૃદયમાં વેણુધારી, ગોવર્ધનધારી તથા ચતુર્ભુજ બિરાજે છે.

૨૦. યથા દેહે તથા દેવે
અં. પ્ર. ૫ सेवकस्यतु धर्मोऽयं स्वामी स्वस्य करिष्यति **સેવકધર્મ**

૨૧. શ્રીઠાકોરજી પ્રમેયબળથી ભલે રાસનાં દર્શન કે રાસનાં બધાં સુખ આપે પણ શ્રીગુસાંઈજીના સંબંધ વગર એ દઢ ન થાય. પુષ્ટિની રીતે શ્રીઠાકોરજી બંધાય નહિ કેમ કે ઠાકોરજી સ્વતંત્ર છે, પરંતુ શ્રીઠાકોરજી શ્રીઆચાર્યજી તથા શ્રીગુસાંઈજીને વશ છે.
અં. પ્ર. ૪ आज्ञैव कार्या सततं स्वामिद्रोहोऽन्यथा भवेत् **આજ્ઞા પાલન**

૨૨. શ્રીઠાકોરજીથી બહિર્મુખ થાય તેનું જરૂર અધ:પતન થાય. શ્રીઠાકોરજીની સેવા છોડીને કોઈ જ લૌકિક – વૈદિક કાર્યોમાં ચિત્ત ઘાલવું નહિ.
અં. પ્ર. ૪ आज्ञैव कार्या सततं स्वामिद्रोहोऽन्यथा भवेत् **આજ્ઞા પાલન**

૨૩. પ્રભુની ઈચ્છાને આખરી જાણવી. પોતાનો આગ્રહ ન રાખવો.

૨૪. શ્રીઠાકોરજીને ભકત વગર ન ચાલે ત્યારે તેને તન્મયતાની દશા કહેવાય.

૨૫. મોટાઓની કૃતિમાં દોષ ન જોવો.

૨૬. કથા ખૂબ તન્મયતા પૂર્વક સાંભળવી જોઈએ.

૨૭. આપણું દ્રવ્ય પ્રભુમાં કઈ રીતે અંગીકાર થાય તેનો વિચાર કરવો.

૨૮. શ્રીગુસાંઈજીની વાણીનો શબ્દ માત્ર અને જેને માટે વાણી નીકળે તે સર્વમાં અલૌકિક ભાવ રાખવો.

।

વાર્તા – ૩૮

(ભૂમિમાપણીવાળાનો જેણે અન્યાશ્રય કર્યો.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
ચંદ્રમુખી	**રાજસ**	**બ્રાહ્મણ**	**ઉજ્જૈન પાસે**

પૂર્વ પ્રસંગ

મા–બાપ–ધણી વ. સર્વ રોગચાળામાં મર્યા. કોઈની સલાહથી ઉજ્જેન કૃષ્ણભટ્ટને ત્યાં કથા સાંભળવા જતી. તેથી તેને શ્રીગુસાંઈજીના દર્શનની આર્તી થઈ અને આપ ત્યાં પધારતાં નામ નિવેદન પામી.

પ્રસંગ

૧. શ્રીઠાકોરજી તેની પાસે માંગીને આરોગે. ભૂમિ માપણીવાળા પાસે અન્યાશ્રય કરી બેઠી જેથી શ્રીઠાકોરજી પધારી ગયા.

વિ.ધૈ.આ. ૧૪ अन्यस्य भजनं तत्र स्वतोगमनमेव च,
प्रार्थना कार्यमात्रेऽपि तथान्यत्र विवर्जयेत्

ઉદ્‌ગાર વાક્યો

૧. નિહાલચંદભાઈ – બાઈ તું સાવધાન રહેજે શ્રીગુસાંઈજીની કૃપાથી તને વસ્તુ ખૂબ મોટી મળી છે તેથી શ્રીઠાકોરજીની સેવા સાવધાનીથી કરજે.

૨. નિહાલચંદભાઈ – આ બાઈને વસ્તુ મોટી મળી છે અને પાત્ર છીછરું છે. તેથી ટકે ત્યારે જણાય.

૩. બાઈએ જમીનમાપણીવાળાને કહ્યું – દીકરા તેં મને જીવાડી.

૪. કૃષ્ણભટ્ટ – બાઈ, આપણા ઠાકોરજી વણજ – વેપાર કરતા નથી કે આવા લોકોને દેખાડાય ! અને એ લોકો આવી રીતે વૈષ્ણવ જાણીને ઉપકાર કરે તો વૈષ્ણવતા તો વેચાઈ.

તત્વબોધ

૧. ભગવદ્‌કથાથી લૌકિક દુઃખોની સ્મૃતિ દૂર થાય છે. (અવાંતર ફળ)

બા. બો. ૧૬ दोषाभावाय सर्वदा, श्रवणादि ततः प्रेम्णा सर्वं कार्यं हि सिध्यति **શ્રવણ**

૨. કથા એવી સાંભળવી કે પ્રભુ દર્શનની તાલાવેલી થાય.

નિ. લ. ૬ गुणगाने सुखावाप्तिः गोविन्दस्य प्रजायते **ગુણગાન**

૩. જ્યાં સુધી ઈંદ્રિયોનો વિનિયોગ બીજે થાય ત્યાં સુધી બધી ઈંદ્રિઓએ કરી વ્યભિચારી જ છે.

નિ. લ. ૧૮ श्रवणं कीर्तनं स्पष्टं पुत्रे कृष्णप्रिये रतिः **પ્રભુમાં વિનિયોગ**

૪. પુષ્ટિ જીવ કેવોય હોય તો પણ પ્રભુ તેનો અંગિકાર કરે જ છે.

સિ. મુ. ૧૪ तथा कृष्णं परं ब्रह्म स्वस्मिन् ज्ञानी प्रपश्यति **કૃષ્ણબ્રહ્મ**

૫. જીવનું કર્તવ્ય પ્રભુના શરણમાં રહેવું.

કૃષ્ણાશ્રય ૧ कृष्णएव गतिर्मम **કૃષ્ણ શરણ**

૬. ભગવદીયની સેવાથી ગુરુ તથા પ્રભુ પ્રસન્ન થાય છે. ભગવદીય કરેલો ઉપકાર કહેતા નથી.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૭. સેવા કરતાં કરતાં મન લાગે ત્યારે પ્રભુ સાનુભવ જતાવે.

સિ. મુ. ૨ चेतस्तत्प्रवणं सेवा तत्सिद्धयै तनुवित्तजा **તનુવિત્તજા સેવા**

૮. પોતાની સેવા કે પ્રકાર અન્ય લૌકિક પાસે જણાવવો નહિ અને તેવાને પોતાના ઠાકોરજીના દર્શન કરાવવા નહિ.

પુ. પ્ર. મ. ૨૦ लौकिकत्वं वैदिकत्वं कापटयात् तेषु नान्यथा **કાપટય**

૯. શ્રીઠાકોરજી અન્યાશ્રય સહી શકતા નથી.

૧૦. અન્ય માર્ગીનો ઉપકાર વહોરવો નહિ.

વિ.ધૈ.આ. ૧૪ अन्यस्य भजनं तत्र स्वतोगमनमेव च,
प्रार्थना कार्यमात्रेऽपि तथान्यत्र विवर्जयेत् **અન્યાશ્રય**

મથુરદાસ

વાર્તા – ૩૯

(શ્રીઆચાર્યજી – ગુસાંઈજીની સૃષ્ટિમાં શું ભેદ ? તેવું પૂછનાર)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
પ્રેમવલ્લભી	**સાત્વિક**	**ક્ષત્રીય**	**ગોપાલપુર**

પૂર્વ પ્રસંગ વૈષ્ણવના સંગે સેવક થયા.

પ્રસંગ

૧. "શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની સૃષ્ટિમાં ભેદ શું ?" તે જણાવવા વેષ્ણવના ત્યાગનો પ્રસંગ શ્રીગુસાંઈજીએ રચ્યો. પણ શ્રીઆચાર્યજીની સેવકની ડોકરી તેને શ્રીગુસાંઈજી પાસે લઈ આવી.

ઉદ્‌ગાર વાક્યો

૧. મથુરદાસ – મહારાજા ધિરાજ ! આપની સૃષ્ટિમાં અને શ્રીઆચાર્યજીની સૃષ્ટિમાં કેટલો ફેર છે ?
૨. શ્રીગુસાંઈજી – વૈષ્ણવ મેં તારો ત્યાગ કર્યો.
૩. શ્રીગુસાંઈજી – જૂઓ વૈષ્ણવો શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની સૃષ્ટિ આવી છે. !

તત્વબોધ

૧. એવો સંગ કરવો કે જે સન્માર્ગે ચલાવે.
ભ. વ. ૮ अत: स्थेयं हरिस्थाने तदीयै: सह तत्परै:
अदूरे विप्रकर्षे वा यथा चितं न दुष्यति **તદીયસંગ**
૨. સેવા સંજોગોવશાત્ ન બિરાજે તો કથા વાંચન – શ્રવણ – સ્મરણ કરવું.
ભ. વ. ૩ व्यावृत्तोऽपि हरौ चित्तं श्रवणादौ न्यसेत् सदा **વ્યાવૃત્તની ભક્તિ**
૩. વૈષ્ણવ સૃષ્ટિમાં ભેદ હોવા છતાં વૈષ્ણવે તો વલ્લભના સેવક તરીકે જ જાણવા.
રસ્તામાં ભગવદીયનું ઘર આવે તો આગ્રહ પૂર્વક ભગવદ્ સ્મરણ કરવા.
વૈષ્ણવ ઘરે આવે તો જાણવું કે પ્રભુ પ્રસન્ન છે.
પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**
૪. ગુરુ કહે તેમ કરવું કરે તેમ આંધળુકીયા કરવું નહિ.
ન. ૨. ૭ सेवा कृतिर्गुरोराज्ञा बाधनं वा हरीच्छया **ગુરુઆજ્ઞા/ભગવદ્ સુખ**
૫. ગુરુના દર્શન વગર ખૂબ આર્તી થવી જોઈએ.
નિ. લ. ૭ क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत्
तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहि: **વિરહભાવ**
૬. ગુરુ અપરાધથી ડરવું.
અં. પ્ર. ૪ आज्ञेव कार्या सततं स्वामिंद्रोहोऽन्यथा भवेत् **આજ્ઞા પાલન**

૭. પ્રભુની લીલા અટપટી છે તે કદી પોતાના જનને છોડતા નથી.
અં. પ્ર. ૪ सत्यसङ्कल्पतो विष्णु: नान्यथातु करिष्यति **સત્ય સંકલ્પતા**
૮. વૈષ્ણવનું સ્વરૂપ હૃદયમાં સ્થિર કરવું.
૯. ગુરુ કદી આપણું અહિત કરે જ નહિ.
૧૦. શ્રીઆચાર્યજીનો સેવક વૈષ્ણવને હર પ્રકારે પ્રસન્ન કરે.
૧૧. ગુરુના સ્વરૂપનું જ્ઞાન વૈષ્ણવ જ કરાવે.

ો ો

વાર્તા – ૪૦

(જેણે શ્રીઠાકોરજીની નિત્યલીલાનાં સાક્ષાત્ દર્શન થયાં.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
ગોપદેવી	**સાત્વિક**	**–**	**દક્ષિણનો**

પ્રસંગ શ્રીગુસાંઈજીના મુખે નિત્યલીલા આજે પણ થાય છે તેવું સાંભળ્યું. તેનો તાપ થતાં શ્રીઠાકોરજીએ સારસ્વત કલ્પની ગાય ચારણની સર્વ લીલાનાં દર્શન કરાવ્યાં.

ઉદ્ગાર વાકયો

૧. છોકરો – મહારાજાધિરાજ ! આજે પણ નિત્ય લીલા છે ?

૨. શ્રીગુસાંઈજી – પાત્ર તો નાનું છે અને દાન મોટું થયું છે. તે આ પાત્રમાં ટકશે નહિ.

તત્વબોધ

૧. પ્રભુની લીલા નિત્ય છે તે વાતનો વિશ્વાસ જોઈએ, તેના દર્શન માટે આર્તી જોઈએ.

સિ. મુ. ૧૯	ज्ञानाधिको भक्तिमार्गः एवं तस्मात् निरूपितः	**જ્ઞાનાધિકા ભક્તિ**
નિ. લ. ૭	क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत् तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहिः	**વિરહભાવ**

૨. શ્રીગુસાંઈજીનાં વચન કયારેય વ્યર્થ હોય નહિ, પરંતુ પોતાનો દોષ જાણવો.

અં. પ્ર. ૪	सत्यसङ्कल्पतो विष्णुः नान्यथातु करिष्यति	**સત્ય સંકલ્પતા**

૩. પ્રભુ ભકતનો તાપ સહી શકતા નથી.
જીવને પ્રભુદર્શનની આર્તી તથા નિશ્ચય જોઈએ.

નિ. લ. ૭	क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत् तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहिः	**વિરહભાવ**

૪. લૌકિકમાં આસક્તિ હોય ત્યાં સુધી જીવની સ્થિતિ નિત્યલીલામાં સંભવે નહિ.

સં. નિ. ૬	विषयाक्रान्तदेहानां नावेशः सर्वदा हरेः	**વિષયી**

ા

વાર્તા – ૪૧

(જેનો કોઢ વેશ્યાગામી વૈષ્ણવથી મટયો.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
રૂપદેવી	**રાજસ**	**બ્રાહ્મણ**	**મથુરા**

પૂર્વ પ્રસંગ શ્રીગુસાંઈજીને ત્યાં ભિક્ષા માંગતાં મહાપ્રસાદથી બુદ્ધિ નિર્મળ થઈ અને સેવક થયો. તેને વૈષ્ણવમાં દોષબુદ્ધિ થવાથી તેના શરીરે કોઢ નીકળ્યો. તેને કોઈ વેશ્યાની સાથે રહેતા બીજા વૈષ્ણવના દર્શન માત્રથી દૂર થયા.

સિ. મુ. ૨૦	अन्यथाभावमापन्नः तस्मात् स्थानात् च नश्यति

ઉદ્ગાર વાકયો

૧. શ્રીઠાકોરજી – હું કોઈ વૈદ્ય તો છું નહિ કે એનો કોઢ મટાડું !

તત્વબોધ

૧. મહાપ્રસાદથી બુદ્ધિમાં નિર્મળતા આવે છે.

૨. શરીરના કંઈ પણ રોગ થાય તો તેને ભગવદ્ ઈચ્છા જાણવી.

ન. ૨. ૬	पुष्टिमार्गस्थितो यस्मात् साक्षिणो भवताखिलाः	**સાક્ષીવત્**
વિ.ધૈ.આ. ૧	विवेकस्तु हरिः सर्वं निजेच्छातः करिष्यति	**હરીચ્છા**

૩. શ્રીઠાકોરજીને કોઈ લૌકિક પ્રાર્થના ન કરવી. (નવરત્ન)

૪. વૈષ્ણવ લોકમાં ગમે તે કૃતિ કરતો હોય પણ તેનો ભગવદ્ સંબંધ અગત્યનો છે.
પોતાના થકી કોઈ વૈષ્ણવને કષ્ટ ન પડવું જોઈએ, અરે પોતે કષ્ટ વેઠી લેવું જોઈએ.
વૈષ્ણવનો અપરાધ કરવાથી જીવનની ઘણી દુર્ગતિ થાય છે.

પુ. પ્ર. મ. ૨૧	वैष्णवत्वंहि सहजं	**સહજતા**

૫. વિરહથી સર્વ દોષો ભસ્મીભૂત થઈ જાય છે.

નિ. લ. ૭	क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत् तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहिः	**વિરહભાવ**

૬. શ્રીઠાકોરજીને પોતાના કાર્ય માટે શ્રમ ન આપવો.

વિ.ધૈ.આ. ૪	आपद्–गत्यादि–कार्येषु हठस्त्याज्यश्च सर्वथा	**હઠત્યાગ**

ુસા ો સ

વાર્તા – ૪૨

(જેણે સાપને માર્યો)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
દુર્ગા	**તામસ**	**ગોરવા ક્ષત્રિય**	**મહાવન**

પૂર્વ પ્રસંગ કામ અર્થે મથુરા આવ્યો ત્યાં શ્રીગુસાંઈજીએ માયાવાદનું ખંડન કર્યું. તે તેજ પ્રતાપ જાણી તેમનો સેવક થયો.

પ્રસંગ

૧. વૈષ્ણવને મહાપ્રસાદ લેવરાવવા બોલાવવા જતાં રસ્તામાં પડેલો સાપ હટયો નહિ જેથી માર્યો.
બા. બો. ૧૬ જીવા સ્વભાવતો દુષ્ટા

તત્વબોધ

૧. હાથેથી સેવા કરવી અને મોઢેથી પ્રભુનું નામ લેવું.
ચ. શ્લો. ૪ अत: सर्वात्मना शश्वद् गोकुलेश्वरपादयो:
स्मरणं भजनं चापि न त्याज्यमिति मे मति: **સ્મરણ – ભજન**
૨. યથા શકિત વૈષ્ણવોને મહાપ્રસાદ લેવરાવવો.
વૈષ્ણવે જીવ હિંસા ન કરવી.
પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**
૩. પ્રભુનું નામ એક ક્ષણ પણ ન છોડવું.
ચ. શ્લો. ૧ सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिप: **સેવા**
૪. પ્રભુનું નામ ભકતની અહર્નિશ રક્ષા કરતું રહે છે.
૫. અવૈષ્ણવ સાથે વાત કરવાથી બહિર્મુખતા આવે છે અને લૌકિક – અલૌકિક સર્વમાં વૃદ્ધિ આવે છે.
ભ.વ.૭ त्यागे बाधकभूयस्त्वं दु:संसर्गात् तथान्नत: **બાધકસંગ–અન્ન**
૬. પ્રભુ નામ છોડે તેને કાળ ખાઈ જાય છે.
૭. વૈષ્ણવે દુરાગ્રહ ન કરવો.
વિ.ધૈ.આ. ૪ आपद्–गत्यादि–कार्येषु हठस्त्याज्यश्च सर्वथा **હઠત્યાગ**

ા ુ ા ા દ ા ુ

વાર્તા – ૪૩

(મ્લેચ્છને જેની આંખોમાં શ્રીનાથજીનાં દર્શન થતા.)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
દીકરાની વહુ	**કામા**	**રાજસ**	**વણિક**	**ગુજરાત**
મ્લેચ્છ	**કામઆતુરી**			

પૂર્વ પ્રસંગ તે શાહુકારના દીકરાની વહુ શ્રીગુસાંઈજીની સેવક હતી. તેના સંગે ઘરનાં બધાં વૈષ્ણવ થયા. શાહુકારની દીકરાની વહુની આંખોમાં મ્લેચ્છને શ્રીનાથજીના દર્શન થતાં તેને પોતાના પૂર્વજન્મનું ભાન થયું. તે આ વૈષ્ણવોની પાછળ પાછળ ગોકુળ ગયો ત્યાં શ્રીગુસાંઈજીથી ઉદ્ધાર પામ્યો.

ઉદ્‌ગાર વાકયો

૧. શ્રીગુસાંઈજી – તમે તો પાંચ જણ છો, ચારનું નામ તમે કેમ લો છો. ? તમારી સાથે એક વૈષ્ણવ બીજો આવ્યો છે તેને બોલાવો. આવા પ્રેમી ભકત થવા દુર્લભ છે.

તત્વબોધ

૧. શ્રીગુસાંઈજી સાક્ષાત્ ઈશ્વર છે, તેવું સ્વરૂપ હૃદયમાં સ્થિર કરવું.
ન. ર. ૪ यै: कृष्णसात्कृतप्राणै: तेषां का परिदेवना **કૃષ્ણમાં ચિત્ત**
૨. વૈષ્ણવના સંગે કલ્યાણ જ છે.
ભ. વ. ૮ अत: स्थेयं हरिस्थाने तदीयै: सह तत्परै:
अदूरे विप्रकर्षे वा यथा चित्तं न दुष्यति **તદીયસંગ**
૩. વ્યસનભાવ થાય તો પોતાનું સ્વરૂપ જણાય.
ભ. વ. ૩ तत: प्रेम तथासक्ति: व्यसनं च यदा भवेत् **ભક્તિ**
૪. ગોકુળ વ. માં પ્રભુના ધામ તથા ગુરુચરણો ચિંતાનાશક છે.
ભ. વ. ૩ तत: प्रेम तथासक्ति: व्यसनं च यदा भवेत् **ભક્તિ**
૫. વ્યસનાવસ્થા એવી કે એક પળનો વિરહ પણ સહેવાય નહિ અને તેની ચરમ અવસ્થાએ દેહ છૂટી જાય.
ભ. વ. ૩ तत: प्रेम तथासक्ति: व्यसनं च यदा भवेत् **ભક્તિ**
૬. નિજેચ્છાત: કરિષ્યતિ.
૭. શ્રીવલ્લભની આજ્ઞા સર્વથા પાળવી.
અં. પ્ર. ૪ आज्ञैव कार्या सततं स्वामिद्रोहोऽन्यथा भवेत् **આજ્ઞા પાલન**
૮. અલૌકિક કથામાં તત્પરતા રાખવી.
૯. પોતાનો અલૌકિક ધણી તો શ્રીઠાકોરજી છે તેવો ભાવ રાખવો.
અં. પ્ર. ૧ कृष्णात् परं नास्ति दैवं वस्तुतो दोषवर्जितम् **પરબ્રહ્મતા**

१०. વૈષ્ણવોમાં દોષદષ્ટિ જોવાથી હીન યોનિમાં જન્મ થાય.

સિ. મુ. ૨૦ अन्यथाभावमापन्नः तस्मात् स्थानात् च नश्यति **અન્યથા ભાવ**

૧૧. વૈષ્ણવથી દ્વેષ કરવો નહિ.

૧૨. કોઈ ગમે તે તમારા પર દ્વેષ રાખે પણ આપણે તો તેના પ્રત્યે ભગવદ્‌ભાવ જ રાખવો.
દીનતાથી ગુસાંઈજી તુરંત કૃપા કરે.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૧૩. લૌકિક સંબંધી સગાંમાં મન અટકે ત્યાં સુધી પ્રભુની પ્રાપ્તિ નથી.

સિ. મુ. ૧૬ लोकार्थी चेद् भजेत् कृष्णं क्लिष्टो भवति सर्वथा **લોકાર્થી**

૧૪. પ્રભુ કૃપા કરી ગમે તે ઉત્તમ દાન કરે પણ જીવે તો દેહ વ. માં અલૌકિક બુદ્ધિ રાખવી. પણ તે સત્સંગથી જ પ્રાપ્ય છે.

ન. ૨. ૨ निवेदनन्तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः **સત્સંગ**

૧૫. લૌકિક અભિમાન છે ત્યાં સુધી અલૌકિક સ્વરૂપનું જ્ઞાન નથી.

વિ.ધૈ.આ. ૩ अभिमानश्च सन्त्याज्यः स्वाम्यधीनत्व-भावनात् **અભિમાન**

ામદાસ

વાર્તા – ૪૪

(જે ફૂલોને સ્વરૂપાત્મક જાણી સેવા કરતા.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
પ્રેમકળી	**સાત્વિક**	**આંજણા કણબી**	**ગુજરાત**

પૂર્વ પ્રસંગ શ્રીગુંસાઈજીની ગુજરાત યાત્રા વખતે સેવક થયા. પછી જયારે ગોકુળ ગયા ત્યારે ફૂલોની સેવા સ્વરૂપાત્મક જાણીને કરતા. અને વ્રજભકતોએ તેમને સાનુભવ પણ જતાવ્યો.

ઉદ્‌ગાર વાકયો

૧. શ્યામદાસ – અને મારે માતા–પિતાનું શું કામ છે ? મારું સર્વસ્વ ધન શ્રીગુસાંઈજી છે. જેમણે શ્રીગોવર્ધનનાથજીના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું છે અને મેં એમનું શરણું લીધું છે. વળી મારો ઉદ્ધાર તો શ્રીગુસાંઈજીએ કર્યો છે.

૨. શ્યામદાસ – મહારાજ ફૂલોનું શું સ્વરૂપ છે ? શ્રીગુસાંઈજી – વ્રજ ભકત શ્રીગોપીજન એમનું ચિત્ત એ ફૂલો છે. એ શ્રીઠાકોરજીના શ્રીઅંગનો સ્પર્શ કરે છે.

૩. શ્યામદાસ – ફૂલોના આવા સ્વરૂપમાં સોય કેમ પરોવાય ?
શ્રીગુસાંઈજી – સોય એતો સૂચી છે. ચિત્તમાં ભગવત્ સંબંધની સૂચના કરે છે.

૪. શ્યામદાસ – મારું ચિત્ત કોઈ દિવસ આ સેવા છોડીને બીજે કયાંય ન જાય.

૫. શ્રીગુસાંઈજી – જુઓ કેવો સીધો મુગ્ધ સ્વભાવ હતો ? પોતાના શરીરની પણ સુધી ન રહેતી.

તત્વબોધ

૧. દીનતા મુખ્ય પદાર્થ છે.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૨. પોતાના દાસપણાની દઢતા જોઈએ.

અં. પ્ર. ૫ सेवकस्यतु धर्मोऽयं स्वामी स्वस्य करिष्यति **સેવકધર્મ**

૩. પોતાનું લૌકિક કે અલૌકિક સર્વ સિદ્ધ કરાવનાર શ્રીગુસાંઈજી જ છે. તેવી દઢતા રાખવી.

વિ.ધૈ.આ. ૧૦ ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः **શરણ**

૪. શ્રીઠાકોરજીની સર્વ સામગ્રીને સ્વરૂપાત્મક જાણવી.

સિ. મુ. ૧૪ तथा कृष्णं परं ब्रह्म स्वस्मिन् ज्ञानी प्रपश्यति **કૃષ્ણબ્રહ્મ**

૫. આવી હૃદયપૂર્વકની ભાવના થતાં થતાં તેનો સાનુભાવ થાય.

સં. નિ. ૮ तत् भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते **ભાવના**

૬. જેનો છેલ્લો જન્મ હોય તેની સાથે શ્રીઠાકોરજી કશો અંતરાય રાખતા નથી. એવા જીવ માટે આ માર્ગ પ્રગટ થયો છે.

૭. જીવનના અંત સુધી સેવા કરતા જ રહેવું.

ચ. શ્લો. ૪ अतः सर्वात्मना शश्वद् गोकुलेश्वरपादयोः
स्मरणं भजनं चापि न त्याज्यमिति मे मतिः **સ્મરણ – ભજન**

વાર્તા – ૪૫

(કંકાસના કારણે જેનું નાક કપાયું તે.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
કલહાન્તરીના	**તામસ**	**સનાઢય બ્રાહ્મણ**	**–**

પૂર્વ પ્રસંગ

૫૫ વર્ષે શરણે આવ્યા પછી ભામિની વહુજીની ખવાસી કરતી પણ અત્યંત કલહ કરતી. જેથી શ્રીગુસાંઈજીએ કહ્યું, “અરે અહીં કોઈ છે જે આ રાંડનું નાક કાપે ?” આ વચનોને ભગવંત નામના સેવકે સત્ય કર્યા.

ઉદ્ગાર વાકયો

૧. ભગવંત શ્રીગિરધરજીને – મહારાજાધિરાજ ! હું શું કરું ? મહારાજની આજ્ઞા હતી, તે શ્રીમુખનાં વચન મિથ્યા કેમ થાય ?

તત્વબોધ

૧. શ્રીગુસાંઈજી પૂર્ણપુરૂષોત્તમ હોવાથી તેમના વચન અસત્ય ન થાય.
અં. પ્ર. ૪ सत्यसङ्कल्पतो विष्णुः नान्यथातु करिष्यति **સત્ય સંકલ્પતા**

૨. સરળ સેવકે શ્રીગુસાંઈજીની આજ્ઞા માથે ચડાવી પણ તે સિદ્ધાંત નથી.
સિ. મુ. ૨૦ अन्यथाभावमापन्नः तस्मात् स्थानात् च नश्यति **અન્યથા ભાવ**

૩. પ્રભુ દયાળુ હોવાથી પહાડ જેવા અપરાધને સોય જેવો ગણે.
કૃષ્ણાશ્રય ૯ पापासक्तस्य दीनस्य कृष्ण एव गतिर्ममम **પાપીનું શરણ**

૪. બ્રાહ્મણીના મેરૂ જેટલા અપરાધને રજ જેટલો કરી ભોગવાવી લીધો.
વૈષ્ણવે ગુરુની સજાને અનુગ્રહ કરીને માની લેવી.
સિ. મુ. ૧૮ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः **અનુગ્રહ**

દાસ પા

વાર્તા – ૪૬

(જેમને શ્રીગોવર્ધનનાથજી મનોરથ પ્રમાણે દર્શન દેતા.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
કૃષ્ણરંગા	**સાત્વિક**	**છીપા**	**સહજાદપુર**

પૂર્વ પ્રસંગ

શ્રીગુસાંઈજી સહજાદપુર પધાર્યા ત્યારે વેણીદાસ સહકુટુંબ સેવક થયા. શ્રીગુસાંઈજીને કાપડના પરકલા ભેટ ધર્યા. તેમને શ્રીગોવર્ધનનાથજીના સ્વરૂપમાં આસક્તિ હતી.

ઉદ્ગાર વાકયો

૧. વેણીદાસ – મહારાજ ! આવા આનંદમાંથી બહાર કેમ કાઢયો ?

તત્વબોધ

૧. શ્રીઠાકોરજીને ઉત્તમ વસ્તુ અંગીકાર થાય.
સિ. ૨. ૫ निवेदिभिः समर्प्यैव सर्वं **સમર્પણ**

૨. શ્રીઠાકોરજી પુષ્ટિમાર્ગીયોના સકળ મનોરથ પૂર્ણ કરે છે.
પુ. પ્ર. મ. ૧૭ भगवानेव हि फलं **ભગવાન ફળરૂપ**
સે. ફ. ૭ पुष्टौ नैव विलम्बयेत् **પુષ્ટિ**

૩. સરળ ભાવે સેવા કરે તો શ્રીઠાકોરજી ઝટ અનુભવ કરાવે.
ભ. વ. ૩ ततः प्रेम तथासक्तिः व्यसनं च यदा भवेत् **ભક્તિ**

૧૦૧

ા

વાર્તા – ૪૭

(જેણે શ્રીગુસાંઈજી સાથે ધૃષ્ટતા કરી.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
સુખદા	**રાજસ**	**ક્ષત્રિય**	**ગુજરાત**

પૂર્વ પ્રસંગ શ્રીગુસાંઈજીની ગુજરાત યાત્રા વખતે નામ પામી. નામ પામતી વખતે ધૃષ્ટતા કરી.

ઉદ્‌ગાર વાકયો

૧. શ્રીગુસાંઈજી – કેમ રે બહેરી છે, સંભળાતું નથી. બીજી વાત તો મોટેથી બકયા કરે છે અને હવે તો બોલતીય નથી.

૨. ક્ષત્રાણી – વારી જાઉં, મહારાજાધિરાજ, આટલા માટે જ હું બોલતી ન્હોતી.

તત્વબોધ

૧. ગુરુના ક્રોધને પણ ગુણ કરી માનવો.
પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૨. ગુરુની આજ્ઞાનું સર્વથા પાલન કરવું.
ન. ૨. ૭ सेवा कृतिर्गुरोराज्ञा बाधनं वा हरीच्छया **ગુરુઆજ્ઞા/ભગવદ્ સુખ**

૩. ગુરુ તરફ ભક્તિભાવ રાખવો. અન્યથા ભાવ ન રાખવો.
સિ. મુ. ૨૦ अन्यथाभावमापन्नः तस्मात् स्थानात् च नश्यति **અન્યથા ભાવ ૧૬**

૧૦૨

દુ ાદાસ ા

વાર્તા – ૪૮

(ગંગાપુત્ર હોવાના લીધે જેમની ભેટ લેવાની શ્રીગુંસાઈજીએ ના પાડી.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
કલ્યાણી	**તામસ**	**બ્રાહ્મણ**	**પૂર્વનો**

પૂર્વ પ્રસંગ સંઘમાં મથુરા આવ્યા ત્યાં શ્રીગુસાંઈજીના સેવક થયા, ગંગાપુત્ર હોવાથી શ્રીગુસાંઈજીએ ભેટ સ્વીકારવાની ના પાડતાં તેમને કહ્યું કે આપે માળા પહેરાવી તેથી તો હવે હું સેવક થયો માટે ભેટ રાખવી જોઈએ.

ઉદ્‌ગાર વાકયો

૧. દુર્ગાદાસ – મહારાજા ધિરાજ ! હું દાસનો દાસ છું, મહાન અપરાધી છું તે મારા જેવા પાપીને અંગીકાર આપે જ કર્યો. બીજા કોઈનું સામર્થ્ય હતું નહિ.

૨. શ્રીગુસાંઈજી – આ નવા જેવી વાત શી કરી છે !

૩. દુર્ગાદાસ – આ માળા આપે પહેરાવી છે તેથી હવે તો અમે નિર્ધાર કરીને આપના થયા છીએ.

તત્વબોધ

૧. સેવક થયા પછી અગાઉના અભિમાન છૂટી જવા જોઈએ.

૧૦૩

પુરુષોત્તમદાસ

વાર્તા – ૪૯

(જેમને સ્વહસ્તે શ્રીગુસાંઈજીને સખડી મહાપ્રસાદ જગન્નાથપુરીમાં આરોગાવ્યો.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
ત્રિવેણી	**સાત્વિક**	**બ્રાહ્મણ**	**કાશી**

પૂર્વ પ્રસંગ મણિકર્ણિકા ઘાટ પર તેમને શ્રીગુસાંઈજીના પૂર્ણ પુરૂષોત્તમ રૂપે દર્શન થયા.

પ્રસંગ

૧. તેમને જગન્નાથપુરીમાં સ્વહસ્તે શ્રીગુસાંઈજીને સખડી મહાપ્રસાદ આરોગાવ્યો.
૨. મર્યાદામાર્ગ અને ભગવદ્ ધર્મના ભેદ શ્રીગુસાંઈજીએ સમજાવ્યા.

તત્વબોધ

૧. વૈષ્ણવ ગુરુદ્રવ્ય ન લે.
અં. પ્ર. ૫ सेवकस्यतु धर्मोऽयं स्वामी स्वस्य करिष्यति **સેવકધર્મ**
૨. પુષ્ટિમાર્ગમાં સ્નેહપૂર્વક નિષ્કામ ભાવથી સેવા કરાય છે.
સિ. મુ. ૨ चेतस्तत्प्रवणं सेवा तत्सिद्धयै तनुवित्तजा **તનુવિત્તજા સેવા**
૩. ભગવદીઓનો સંગ કરીને ભગવદ્કૃપાનું બળ વિચારીને કેવળ નિ:સાધનતાની ભાવના કરાય છે.
ન. ૨. ૨ निवेदनन्तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः **સત્સંગ**
૪. લૌકિક – વૈદિક લોકોને દેખાડવા માટે કરવું, ભગવદ્ ધર્મનું આચરણ મુખ્ય છે અને શ્રીઠાકોજીને સુખ થાય તેનું નામ ભગવદ્ધર્મ.
સિ. ૨. ૨ ब्रह्म–सम्बन्ध–करणात् सर्वेषां देह–जीवयोः सर्व–दोष–निवृत्तिः **દોષનિવૃત્તિ**
૫. સ્વામીનીજી કંચનવર્ણાના છે. શ્રીઠાકોરજી તેમના વગર રહી શકતા નથી. માટે પિતાંબર ધરે છે. અને શ્રીઠાકોરજી શ્યામ હોવાથી સ્વામિનીજી નિલાંબર ધરે છે. શ્યામવર્ણા શૃંગાર રસરૂપ છે જેમાં અગાધ રસ ભર્યો છે.

૧૦૪

મ દાસ દો

વાર્તા – ૫૦

(શ્રીગુસાંઈજીએ ભેટનો રૂપિયો હાથમાં લીધો. તેથી ટકોર કરનાર.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
વનરાજી	**રાજસ**	**વણિક**	**ગુજરાત**

પૂર્વ પ્રસંગ શ્રીગુસાંઈજીની ગુજરાત યાત્રા વખતે આપમાં પૂર્ણપુરૂષોત્તમના દર્શન થતાં સેવક થયા.

૧. શ્રીગુસાંઈજીએ અન્નકૂટની ભેટનો રૂપિયો હાથમાં લીધો તે માટે લક્ષ્મીદાસે શ્રીગુસાંઈજીને ટકોર કરી, કેમ કે લોકોપવાદ ન થાય અને જીવનો બગાડ ન થાય. દરેક શ્રીગુસાંઈજીના સ્વરૂપને જાણતા નથી.

ઉદ્‌ગાર વાક્યો

૧. લક્ષ્મીદાસ – મહારાજ આ વાત તો આપે સારી નથી કરી. ભેટ હાથથી ન લેવી.

તત્વબોધ

૧. પોતાની ભૂલનો એકરાર કરતાં ખચકાવું નહિ જોઈએ.
પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**
૨. કોઈના મનનો ભાવ જાણતા ન હોવાથી, સિદ્ધાંત વિરૂદ્ધ જોવાથી જીવનો બગાડ થાય.
બા. બો. ૧૬ जीवा स्वभावतो दुष्टा **જીવની દુષ્ટતા**
૩. ભગવદ્ ભકતે લૌકિક વહેવાર છોડી દેવો.
સિ. મુ. ૧૬ लोकार्थी चेद् भजेत् कृष्णं क्लिष्टो भवति सर्वथा **લોકાર્થી**
૪. રાતદિવસ ભગવદ્ વાર્તામાં જન્મારો વિતાવવો, ઘડી પળ નકામી ન ગુમાવવી.
ચ. શ્લો. ૪ अतः सर्वात्मना शश्वद् गोकुलेश्वरपादयोः
स्मरणं भजनं चापि न त्याज्यमिति मे मतिः **સ્મરણ – ભજન**
૬. વૈષ્ણવ સાથે સ્નેહ શિષ્ટાચાર રાખવો., વૈષ્ણવને ભગવદ્ સ્વરૂપે જાણવું, ભગવદીયને સામે જઈને મળવું.
પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**
૭. બીજી લૌકિક વાતમાં સમજવું નહિ.
૮. શ્રીગુસાંઈજી હંમેશા જીવ પર કૃપા કરવા તત્પર હોય છે તે તેમનો સહજ સ્વભાવ છે કે જેમ ચંદ્રમા વનસ્પતિને અમૃતથી સિંચે છે.
સિ. મુ. ૧૮ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः **અનુગ્રહ**

। દાસ

વાર્તા – ૫૧

(જે શ્રીગુસાંઈજીના દ્રવ્યથી દાન કરતા)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
કિરતી **મનસાદેવી**	**તામસ**	**ક્ષત્રીય**	**ગુજરાત**

પૂર્વ પ્રસંગ શ્રીગુસાંઈજીની ગુજરાત યાત્રા સમયે નામ પામ્યા અને શ્રીગોકુળમાં નવનીતપ્રિયજી સામે નિવેદન કર્યું.

પ્રસંગ

૧. શ્રીગુસાંઈજીની પાસે જ રહેતા. જગન્નાથદાસના પિતાએ જગન્નાથદાસને શ્રીગુસાંઈજીને ભેટ કર્યો. તેના હાથમાં પદ્મ હોવાથી શ્રીગુસાંઈજીએ તેને ભેટ ભેગી કરવા રાખેલ, તે દયાવાન હોવાથી તેમાંથી ભિક્ષુકને દાન કરતા, તે જોઈ ધ્યાનદાસે શ્રીગુસાંઈજીને કહ્યું. ત્યારે શ્રીગુસાંઈજીએ ધ્યાનદાસને સાચી સમજ આપી.

ઉદ્‌ગાર વાક્યો

૧. ધ્યાનદાસ – મહારાજ જગન્નાથદાસ બધાને પૈસા આપે છે તે ક્યાંથી આપે છે ?

૨. શ્રીગુસાંઈજી – જે કોઈ સત્કર્મ કરે છે, તેની સહાયતા પ્રભુ કરે છે.

તત્વબોધ

૧. શ્રીઠાકોરજીનું દ્રવ્ય વિહિત માર્ગે વપરાય તેમાં દોષ નથી.

૨. સત્કર્મ કરે છે તેને પ્રભુ પણ સહાય કરે છે.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૩. વૈષ્ણવે નિર્દોષ વસ્તુમાં દોષારોપણ સર્વથા ન કરવું અને જો કરે તો પોતે જ દૂષિત થાય છે.

બા. બો. ૧૬ जीवा स्वभावतो दुष्टा **જીવનીદુષ્ટતા**

૪. પોતાની ભૂલ થાય તો નિયમ લેવો કે પછી તેવી ભૂલ ન થાય.

૫. કોઈ ભૂલ બતાવે તો તેનામાં ભગવદ્‌બુદ્ધિ આણવી.

૬. ભગવદ્ ધ્યાન છોડે તો દોષ દષ્ટિ થાય.

વાર્તા – ૫૨

(બ્રાહ્મણે ભગવદ્ આવેશમાં વગર અપરસે ઘી સમર્પ્યું તેથી વૈષ્ણવોએ દોષબુદ્ધિ આણી)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
શેઠ	**પયોનિધી**	**રાજસ**	**વણિક**	**રાજનગર**
કનોજીયા બ્રાહ્મણ	**મૃદુભાષિણી**			
બ્રાહ્મણી	**કોમલાંગિની**			
ચાર વૈષ્ણવ	**– કલાવતી, હંસગામિની, બ્રહ્માનંદિની, કોકિલા**			

પૂર્વ પ્રસંગ શ્રીગુસાંઈજી રાજનગર પધાર્યા ત્યારે પિતાએ સેવક કરાવ્યા.

પ્રસંગ

૧. તે વૈષ્ણવોને ખૂબ મદદ કરતા. તેની પ્રસંશા વૈષ્ણવોએ શ્રીગુસાંઈજી પાસે કરી ત્યારે તે વૈષ્ણવોને શ્રીગુસાંઈજીએ ઊંચાભાવવાળો વૈષ્ણવ કોને કહેવાય તે જણાવવા કનોજીયા બ્રાહ્મણ વૈષ્ણવને ત્યાં મોકલ્યા પણ તેમણે ભગવદાવેશમાં અપરસ વગર ઘી શ્રીઠાકોરજીને સમર્પ્યું. તે જોતાં વૈષ્ણવોએ દોષ બુદ્ધિ આણી જેથી શ્રીઠાકોરજી નારાજ થયા.

ઉદ્‌ગાર વાક્યો

૧. શ્રીગુસાંઈજી – વૈષ્ણવ ધર્મ ખૂબ જ કઠણ છે, બારીક છે કોઈથી જાણી શકાય તેવો નથી જયારે સંગ કરીને બારીક દષ્ટિથી એના હૃદયનો ભાવ નિહાળીએ ત્યારે જણાય.

૨. સંતદાસજી – શી ખબર શ્રીગુસાંઈજીએ શા માટે એમને એમની પાસે મોકલ્યા હશે !

૩. કનોજીયા બ્રાહ્મણ – આપણામાં એકે ધર્મ નથી. માત્ર દોષથી ભરેલાં છીએ.

૪. શ્રીગુસાંઈજી – અમે તમને વૈષ્ણવની ઉપરની ક્રિયા જોવા ન્હોતા મોકલ્યા.

૫. બ્રાહ્મણ – અમારો અપરાધ ક્ષમા કરો, અમે સંસારમાં પડયા છીએ દોષરૂપ થઈ રહ્યા.

૬. ચાર વૈષ્ણવ – તમારો ધર્મ પરમ ઉત્તમ છે. શ્રીગુસાંઈજીએ તમારી સરાહના કરી છે.

તત્વબોધ

૧. દ્રવ્યપાત્ર હોય તો વૈષ્ણવોને યથા યોગ્ય મદદ કરવી. દ્રવ્યને તુચ્છ જાણી દીન થઈ ભેટ કરે તો પ્રભુ પ્રસન્ન થાય પણ દ્રવ્યને પદાર્થ જાણી દીનતા વગર ભેટ કરે તો પ્રભુ પ્રસન્ન ન થાય.
વૈષ્ણવના ભાવના દર્શન કરવા તેમની બહારની કૃતિ નહિ.
વૈષ્ણવ સમક્ષ જૂઠ ન બોલવું.
વૈષ્ણવને દુઃખ થાય તેવો વર્તાવ ન કરવો.
વૈષ્ણવને અપ્રસન્ન કરે તો શ્રીઠાકોરજી પણ અપ્રસન્ન થાય.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૨. સ્વામી સમક્ષ સેવકના વખાણ કરવા તે વિવેક નથી.

વિ.ધૈ.આ. ૧ विवेकस्तु हरिः सर्वं निजेच्छातः करिष्यति **હરીચ્છા**

૩. મનોરથનો દેખાડો કરવાથી પ્રભુ સંતુષ્ટ ન થાય.

૪. સારા વૈષ્ણવનો સંગ થાય તો બેડો પાર થાય.

ન. ૨. ૨ निवेदनन्तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः **સત્સંગ**

૫. આ માર્ગ વૈષ્ણવ દ્વારા જ છે.

૬. ગુરુની આજ્ઞા પ્રમાણે કરવું, પોતાની બુદ્ધિ વાપરવી નહિ.

ન. ૨. ૭ सेवा कृतिर्गुरोराज्ञा बाधनं वा हरीच्छया **ગુરુઆજ્ઞા/ભગવદ્ સુખ**

૭. ગુરુ ગોકુળનું નામ સાંભળતાં મન વિહ્વળ થવું જોઈએ. (નારાયણદાસની જેમ)

સં. નિ. ૯ विकलत्वं तथास्वास्थ्यं प्रकृतिः प्राकृतं नहि
ज्ञानं गुणाश्च तस्यैवं वर्तमानस्य बाधकाः **વિકળતા**

૮. વૈષ્ણવ ઘરે પધારે તો મોટી કૃપા થઈ જાણવી.

૯. શ્રીગુસાંઈજી પરમ કૃપાળુ છે. નિઃસાધન જીવોને સંભાળે છે.

સિ. મુ. ૧૮ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः **અનુગ્રહ**

૧૦. માનસીમાં નંદરાયજીના ઘરની કે વ્રજ ભકતો ઘરની અને વૃષભાનજીના ઘરની સેવાનો રાજભોગનો ભાવ વિચારવો.

૧૧. સેવા વ્રજભકતોના ભાવથી કરવી.

સં. નિ. ૮ कौण्डिन्यो गोपिकाः प्रोक्ताः गुरवः साधनं च तद् **ગુરુ**

૧૨. ભાવના ન સ્ફૂરે તો કીર્તન ગાવાં.

ભ. વ. ૯ सेवायां वा कथायां वा यस्यासक्तिर्दृढा भवेत्
यावद्जीवं तस्य नाशो न क्वापीति मर्तिर्मम **સેવા / કથા**

૧૩. મનમાં કપટ આણે તો શ્રીઠાકોરજી દર્શન ન આપે.

બા. બો. ૧૬ जीवा स्वभावतो दुष्टा **જીવની દુષ્ટતા**

૧૪. શ્રીગુસાંઈજીનાં વચનમાં અવિશ્વાસ ન કરવો.

વિ.ધૈ.આ. ૧૫ अविश्वासो न कर्तव्यः सर्वथा बाधकस्तु सः **અવિશ્વાસ**

૧૫. વૈષ્ણવ નારાજ થાય તો તેમાં પોતાનો કયાંક અપરાધ થયો છે તેમ જાણવું.

૧૬. જીવે પોતે ખૂબ દીનતા રાખી પોતાના દોષ જોવા.

૧૭. નોતરેલા વૈષ્ણવને પ્રસાદ લેવડાવીને જ પ્રસાદ લેવો.

૧૮. મહાપ્રભુજીની બાંધેલી મર્યાદા ઉલંઘવી ન જોઈએ પણ પ્રેમ વિવશવશ ઉલ્લંઘાઈ જાય તો દોષ નથી. કારણ પ્રેમ શ્રીઠાકોરજીનું જ સ્વરૂપ છે. જાણી જોઈને અનાચાર ન થાય, પણ જાણ્યા પછી અપરસ કાઢવી જોઈએ.

૧૯. સેવકનો ધર્મ છે કે સ્વામીની આજ્ઞા પ્રમાણે ચાલે.

અં. પ્ર. ૫ सेवकस्यतु धर्मोऽयं स्वामी स्वस्य करिष्यति **સેવકધર્મ**

૨૦. શ્રીઆચાર્યજીનો આશ્રય દઢ રાખવો.

કૃષ્ણાશ્રય ૧ कृष्णएव गतिर्मम **કૃષ્ણ શરણ**

૨૧. ઉચ્ચકોટીનો સત્સંગ મળે તો રોમ રોમ ભગવદ્‌મય થાય.

ભ. વ. ૮ अतः स्थेयं हरिस्थाने तदीयैः सह तत्परैः
अदूरे विप्रकर्षे वा यथा चितं न दुष्यति **તદીયસંગ**

૨૨. વૈષ્ણવોના સંગ વગર માર્ગ હૃદયારૂઢ ન થાય.

ભ. વ. ૮ अतः स्थेयं हरिस्थाने तदीयैः सह तत्परैः
अदूरे विप्रकर्षे वा यथा चितं न दुष्यति **તદીયસંગ**

। પ ।સ । વાર્તા – ૫૩

(જેણે અપરસ વગર શ્રીઠાકોરજીની ચોકી ખસેડી)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
	કેલીની	**તામસ**	**રાજપૂત**	**મહિકાંઠા**
સ્ત્રી	**રામા**			
બ્રાહ્મણી	**કોમલાંગિની**			

પૂર્વ પ્રસંગ શ્રીગુસાંઈજીનાં દર્શન થતાં પોતાના દોષ સ્ફૂર્યા અને સેવક થયો.

પ્રસંગ

૧. શ્રીગુસાંઈજીના દાંતમાં જુવારનો દાણો ભરાયેલો જાણી તે સામગ્રી ધરાવનાર રજપૂત પાસે આપે ચાચા હરિવંશજીને ભાવ જાણવા મોકલ્યા. તે રજપૂતે શ્રીઠાકોરજીને શ્રમ થતો જાણી અપરસ વગર ચોકી શ્રીઠાકોરજીની નજીક ખસેડી. તે જોઈ ચાચાજીએ તેમને ત્યાં મહાપ્રસાદ ન લેતાં સ્વતંત્ર રસોઈ કરી ભોગ ધરી, પ્રસાદ લીધો ત્યારે શ્રીગુસાંઈજીએ તેમને ટોકયા.

ભ. વ. ૪ स्नेहाद् रागविनाशः स्याद् आसक्त्या स्याद् गृहारुचिः
गृहस्थानां बाधकत्वम् अनात्वमत्वं च भासते
यदा स्यात् व्यसनं कृष्णे

ઉદ્‌ગાર વાકયો

૧. રજપૂત – મહારાજ ! હવે એવો ઉપાય બતાવો કે અહીં મન લાગે.
૨. શ્રીગુસાંઈજી – અમુક દેશનાં વૈષ્ણવ છે તેને જુવારનો પોંક ધર્યો છે.
૩. હરિવંશજી – મહારાજ ! જોયા પણ એને ત્યાં મહાપ્રસાદ ન લીધો કેમ કે આચાર કશો દેખાયો નહિ.
૪. શ્રીગુસાંઈજી – તમે એ વૈષ્ણવને ઘેર આચાર જોવા ગયા હતા ? પણ વાત્સલ્ય ન જોયું અને આચાર જોયો ? પ્રેમ, દીનતા છે તે જોવાની, એની કૃતિનું શું કામ છે ?

તત્વબોધ

૧. કોઈને સતાવીને ધન કમાવું નહિ.
વિ.ધૈ.આ. ૫ धर्माधर्माग्र–दर्शनम् **ધર્માધર્મ વિચાર**
૨. પોતાના દોષ જોવા. વૈષ્ણવ પાસે દીનતા રાખવી. તેમને માર્ગની રીત પૂછવી.
વૈષ્વનો આચાર ન જોવો ભાવ જોવો.
વૈષ્ણવ પ્રસાદ લે પછી જ પ્રસાદ લેવો.
વૈષ્ણવને વૈષ્ણવ પર મમતા જોઈએ.
પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૩. ગુરૂભેટ અવશ્ય મોકલવી.
૪. વૈષ્ણવમાં પ્રેમ – પ્રીતિ, મનની દીનતા જોવાની છે. એની કૃતિનું કામ નથી.
૫. વૈષ્ણવના હૃદયનો સ્નેહ સર્વોપરી છે. તે વગર કૃતિ (સેવા) સફળ થતી નથી.
પુ. પ્ર. મ. ૧૬ शुद्धाः प्रेम्णातिदुर्लभाः **શુદ્ધ ભક્તો**

૫ **વાર્તા – ૫૪**

(જેના માટે શ્રીનાથજીએ ગાડી મોકલી.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
અંગુરી	**સાત્વિક**	**પટેલ**	**ગુજરાત**

પૂર્વ પ્રસંગ શ્રીગુસાંઈજી દ્વારકા પધારતા હતા ત્યારે સેવક થયો.

પ્રસંગ

૧. તે નિઃસાધન પટેલ બિમાર હોવાથી તેને માટે શ્રીનાથજીએ ગાડી મોકલાવી.

ઉદ્ગાર વાકચો

૧. શ્રીઠાકોરજી – એને આ વેળા જ દર્શન કરાવો.

તત્વબોધ

૧. શ્રીગુસાંઈજીના દર્શન કરવાની આર્તી જોઈએ.

૨. પૈસાનો મદ બહુ બાધક છે.

વિ.ધૈ.આ. ૩ अभिमानश्च सन्त्याज्यः स्वाम्यधीनत्व–भावनात् **અભિમાન**

૩. વૈષ્ણવમાત્ર પ્રત્યે દયાભાવ રાખવો.

૪. વૈષ્ણવે ગમે તે સંજોગોમાં પણ ધૈર્ય ન ખોવું.

વિ.ધૈ.આ. ૬ त्रिदुःखसहनं धैर्यम् आमृतेः सर्वतः सदा **ધૈર્ય**

૫. દર્શન માટે આતુરતા હોય તો પ્રભુ જરૂર કૃપા કરે કારણ પ્રભુ તાપ સહન કરી શકતા નથી.

૬. શ્રીઠાકોરજીની આજ્ઞાનું સર્વથા પાલન કરવું.

૭. પોતાના સારા સમયમાં પણ પ્રભુની કૃપા જ જાણવી અને દુઃખમાં પણ.

વિ.ધૈ.આ. ૧૦ ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः **શરણ**

૮. સભ્યતા વગર શૃંગાર સમયે શ્રીઠાકોરજીના દર્શન ન કરાવાય.

। ૬ । **વાર્તા – ૫૫**

(જેમણે અવૈષ્ણવોને પણ ભીલો પાસેથી છોડાવ્યા.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
મકરંદિની	**સાત્વિક**	**જલોટાક્ષત્રી**	**ઉજ્જૈન**

પૂર્વ પ્રસંગ કૃષ્ણભટ્ટના પાડોશી હતા. તે બન્ને સાથે જ બ્રહ્મ સબંધ પામ્યા હતા.

પ્રસંગ

૧. જંગલમાં ભીલ લોકોએ સંઘના સર્વને પકડયા. ભીલ સરદારની મા ચાચા હરિવંશજીથી શ્રીગુસાંઈજીની સેવક થઈ હતી, તેને વૈષ્ણવોને કીર્તન કરતાં સાંભળી વૈષ્ણવ જાણી તેમને છોડવા પુત્રને કહ્યું, પણ નિહાલચંદભાઈ તો પૂરા સંઘને છોડે તો જ છૂટવા તૈયાર થયા. તેથી સર્વ સંઘવાળા છૂટયા.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं

ઉદ્ગાર વાકચો

૧. નિહાલચંદભાઈ – ચિંતા શું કામ કરો છો ? અંદર હૃદયમાં આનંદ માનો, જે લખ્યું છે તે મટવાનું નથી. આપણા ભાગ્યમાં આ હશે. માટે સમય નકામો શા માટે બેકાર કરો છો ? મનમાં આનંદ માની ભાગ્ય પર ભરોસો રાખી, પ્રભુનું ભજન કરો.

તત્વબોધ

૧. ગ્રંથોમાં રુચી રાખવી અને તેવાનો સંગ કરવો.

ન. ૨. ૨ निवेदनन्तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः **સત્સંગ**

૨. ગમે તે સંજોગોમાં ચિંતા ન કરવી. હૃદયમાં આનંદ રાખવો. પ્રભુ પર ભરોસો કરી ભજન કરવું.

ન. ૨. ૪ यैः कृष्णसात्कृतप्राणैः तेषां का परिदेवना **કૃષ્ણમાં ચિત્ત**

૩. કીર્તન – ગાન એવા ભાવથી કરવા કે બહારનો આવેશ ન રહે.

નિ. લ. ૬ गुणगाने सुखावाप्तिः गोविन्दस्य प्रजायते **ગુણગાન**

૪. વૈષ્ણવે જીવમાત્ર પર કરૂણા રાખવી.
પ્રાણ જવા સુધીનું કષ્ટ આવે તો પણ પોતાનો ધર્મ ગોપ્ય રાખવો.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૫. પોતાનું સર્વસ્વ ભેટ કરવું તે જ વૈરાગ્ય છે.

સિ. ૨. ૫ निवेदिभिः समर्प्यैव सर्वं **સમર્પણ**

૬. ગમે તેવા કષ્ટમાં ધૈર્ય ન ગુમાવવું.

વિ.ધૈ.આ. ૬ त्रिदुःखसहनं धैर्यम् आमृतेः सर्वतः सदा **ધૈર્ય**

। દ

વાર્તા – ૫૬

(જેમણે શ્રીગુસાંઈજીના જન્મદિવસની સુધી જીવન પર્યંત રહી.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
અનંગિની	**રાજસ**	**વણિક**	**આગ્રા**

પૂર્વ પ્રસંગ

પિતાએ સંતતી માટે સદાવ્રત ખોલ્યું.

પિતા, માતા, પત્ની મરણ પામતાં કથામાં જાય પણ ચિત્તે ચોંટે નહિ. જેથી કોઈ વૈષ્ણવના કહેવાથી સંતદાસને ત્યાં કથામાં પ્રવેશ મળે માટે વૈષ્ણવ થવા ગોકુળ ગયા ત્યારે શ્રીગુસાંઈજીનો જન્મદિવસ હતો. ત્યાં આપે તેમને નામ દઈ બોલાવી ચરણોદક આપી વૈષ્ણવ થતાં પહેલાં જ અલૌકિક સ્વરૂપ તથા લીલાના દર્શન કરાવ્યા.

અં. પ્ર. ૮ सर्वं समर्पितं भक्त्या कृतार्थोऽसि सुखी भव

પ્રસંગ

૧. જ્ઞાનચંદને ત્યાં શ્રીગુસાંઈજી ઉતરતા. દેહ છૂટતી વખતે વૈષ્ણવો ભગવન્નામ રટણ કરાવતા રહ્યા અને શ્રીગુસાંઈજીના સ્વરૂપ તથા લીલામાં ચિત્ત સ્થિર કરી નવતનુ પ્રાપ્ત કરી, નવીન દેહથી શ્રીગુસાંઈજીના દર્શન કરી નિત્ય લીલાને પ્રાપ્ત થયા.

સે. ફ.વિ. सेवायां फलं त्रयम् अलौकिक:
सामर्थ्यम् सायुज्यम् सेवोपयोगि देहो वा वैकुंठादिषु

ઉદ્ગાર વાકયો

૧. વૈષ્ણવ – તમે સંતદાસજીના ઘરની કથા સાંભળો તો ખૂબ આનંદ આવશે.
૨. શ્રીગુસાંઈજી – જ્ઞાનચંદ તું કયારે આવ્યો ?
૩. જ્ઞાનચંદ – મહારાજ ! હજી હમણાં જ આવ્યો છું.

તત્વબોધ

૧. વૈષ્ણવ હાથ પકડે તો બેડો પાર કરાવે.

ભ. વ. ૮ अत: स्थेयं हरिस्थाने तदीयै: सह तत्परै:
अदूरे विप्रकर्षे वा यथा चितं न दुष्यति **તદીયસંગ**

૨. વૈષ્ણવે સત્સંગ અવૈષ્ણવ સાથે કરવો – કરાવવો નહિ.

૩. આર્તી હોય તો ફળ તત્કાલ મળે.

નિ. લ. ૭ क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत्
तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहि: **વિરહભાવ**

૪. વૈષ્ણવ થતાં પહેલાં પ્રભુનું સ્વરૂપ જાણવાથી દઢતા ઘણી થાય.

સિ. મુ. ૧૪ तथा कृष्णं परं ब्रह्म स्वस्मिन् ज्ञानी प्रपश्यति **કૃષ્ણબ્રહ્મ**

૫. અનુગ્રહ પુષ્ટિમાગેમાં નિયામક છે.

સિ. મુ. ૧૮ अनुग्रह: पुष्टिमार्गे नियामक इति स्थिति: **અનુગ્રહ**

૬. જે અલૌકિક વસ્તુ પ્રાપ્ત થાય તેને હૃદયમાં ધારણ કરી લેવી.

સિ. મુ. ૧૬ आत्मानन्दसमुद्रस्थं कृष्णमेव विचिन्तयेत् **માનસી દશા**

૭. શ્રીઆચાર્યજીના ગ્રંથો વ.નો પાઠ કરતા રહેવું.

સિ. મુ. ૧૮ अनुग्रह: पुष्टिमार्गे नियामक इति स्थिति: **અનુગ્રહ**

૮. હંમેશાં વૈષ્ણવોને ભગવન્નામના ઉચ્ચારની વિનંતી કરવી.

ભ. વ. ૧ बीजभावे दृढे तु स्यात् त्यागात् श्रवणकीर्तनात् **શ્રવણ – કીર્તન**

૯. જે લીલાનો અનુભવ થયો હોય તેને જીવનભર વાગોળવો.

સિ. મુ. ૧૬ आत्मानन्दसमुद्रस्थं कृष्णमेव विचिन्तयेत् **માનસી દશા**

દુ ા વાર્તા – ૫૭

(વૈષ્ણવ સ્ત્રીના બોધથી, આસક્તિ સ્ત્રીમાંથી શ્રીનાથજીમાં પલટાઈ.)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
	રૂપરસિકા	**તામસ**	**ક્ષત્રિય**	**ધારૂ**
સ્ત્રી	**ગજગામિની**			

પૂર્વ પ્રસંગ તે હાથીના હવાલદાર હતા પણ શ્રીગુસાંઈજીની સેવકીની સ્ત્રી પર આસકત થતાં તે સ્ત્રીના થયેલ બોધથી તે શ્રીગુસાંઈજીના સેવક થયા.

પ્રસંગ

૧. સેવક થવાની આર્તી થતાં ફળાહારની ટેક લઈને નીકળ્યા તો થોડા સમયમાં જ શ્રીગુસાંઈજીનો રસ્તામાં જ ભેટો થયો, ત્યારે નામ પામ્યા.

દોહો ગાયો : ગિર્યો જો મનીયા કાંચકો ગાંઠી હુતો જદુનાથ
સો ઢૂંઢત બાહિર ગયો પર્યો પદારથ હાથ

૨. શ્રીગોવર્ધનનાથની સેવા કરી તેમને પ્રસન્ન કર્યા. ગોમતી તીરે નામ (નિવેદન) પામ્યા.

નિ. લ. ૭ क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत्
तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहिः **વિરહભાવ**

ઉદ્‌ગાર વાકયો

૧. ગિર્યો જો મનીયા કાંચકો ગાંઠી હુતો જદુનાથ
સો ઢૂંઢત બાહિર ગયો પર્યો પદારથ હાથ

૨. પ્રભુની એવી સેવા કરવી કે પ્રભુ માંગીને આરોગે.

૩. ગુરુની પ્રસન્નતામાં પોતાની પ્રસન્નતા જાણવી.

તત્વબોધ

૧. લૌકિક પદાર્થમાંથી આસક્તિ છોડી પ્રભુમાં લગાવવી.

ભ. વ. ૩ ततः प्रेम तथासक्तिः व्यसनं च यदा भवेत् **ભક્તિ**

૨. વૈષ્ણવને તેના હિતની વાત જરૂર જણાવવી.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૩. આર્તી અને ટેક તથા સર્વ સમર્પણની ભાવના જોઈએ.

૪. જીવની આર્તી જોઈને પ્રભુ કૃપા કર્યા વગર રહી શકતા નથી.

સં. નિ. ૧૯ हरिरत्र न शक्नोति कर्तुं बाधां कुतोऽपरे !
अन्यथा मातरो बालान् न स्तन्यैः पुपुषुः क्वचित् **સ્નેહ**

૫. આસકિતવાળાનો જલદી અંગીકાર થાય.

ભ. વ. ૩ ततः प्रेम तथासक्तिः व्यसनं च यदा भवेत् **ભક્તિ**

પા ો ુ વાર્તા – ૫૮

(જેણે શ્રીનાથજી સાથે વિશુદ્ધ સ્નેહ હતો.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
અપલા	**સાત્વિક**	**ગુર્જર**	**અન્યોર**

પૂર્વ પ્રસંગ ભવનપુરની હતી દેવદમનમાં પ્રીતિ હતી. પરણીને અન્યોરમાં આવી હતી. તેને પ્રભુમાં પુત્ર સ્નેહ છે.

પુ. પ્ર. મ. ૧૬ शुद्धाः प्रेम्णातिदुर्लभाः

પ્રસંગ

૧. શ્રીગોવર્ધનનાથજી પાથો પાસેથી માંગીને ભાત આરોગ્યા.

સિ. મુ. ૧૮ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः **અનુગ્રહ**

૨. પાથો આવી ત્યારે મંદિર બંધ જોતાં શ્રીઠાકોરજીને ઘણા મહેણાં માર્યા. ‘‘પાથોને મંદિરમાં જતાં કોઈએ રોકવી નહિ’’ તેવી શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી, કેમ કે તે શુદ્ધ સ્નેહી છે.

ઉદ્‌ગાર વાકયો

૧. શ્રીનાથજી – આ તો તું મને પિરસી જા, હું બહુ જ ભૂખ્યો થયો છું.

૨. શ્રીગુસાંઈજી – બાબા, આ કોની પાસે માંગીને આરોગ્યા છો ?

૩. પાથો – અહીં તો તું હવે રાજા થઈને ઘરમાં બેઠો છે. કમાડ વાસીને આરોગે છે. જેથી કોઈ જોવા ન પામે. હવે તો તારી બહુ ઠકરાઈ થઈ, તેથી અમને કોણ ભીતર જવા દે !

તત્વબોધ

૧. શુદ્ધપ્રેમી ઉપર પ્રભુ વિના વિલંબે કૃપા કરે છે.

પુ. પ્ર. મ. ૧૬ शुद्धाः प्रेम्णातिदुर्लभाः **શુદ્ધ ભક્તો**

૨. જ્યારે સખ્યભાવ શ્રીઠાકોરજી રાખે ત્યારે મેડ મર્યાદા છૂટી જાય.

૩. સખ્યભાવ હોય કે ઉત્કટ સ્નેહ હોય ત્યારે પ્રભુને તેવા ભકતની ગાળ પણ મીઠી લાગે છે.

ો ોપા પુ ો

વાર્તા – ૫૯

(ધોબી જે પછી ઠાકુર થયો.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
શ્રીદેવી	**તામસ**	**ધોબી**	**ગોપાલપુર**

પૂર્વ પ્રસંગ

ગાંઠોલીનો આ ધોબી ગોપાલપુરમાં રહેતો અને શ્રીગુસાંઈજી પાસે નામ પામી શ્રીનાથજીના વસ્ત્ર ધોતો.

પ્રસંગ

૧ શ્રીનાથજીના વસ્ત્ર શિલા પર પછાડીને ન ધોતો તેથી શ્રીગુસાંઈજી બહુ જ પ્રસન્ન થયા. ત્યારે માંગવાનું કહેતા. મોક્ષ તથા ભગવાન સમાન ઐશ્વર્ય આ લોકમાં મળે તેમ માંગ્યું.

૨ રાજાના ઠાકોરજી કે જે ધોબી હતા તેમને શ્રીનાથજીના વસ્ત્ર સુંદર રીતે ધોઈ આપ્યા.

ઉદ્‌ગાર વાક્યો

૧. ધોબી – મહારાજાધિરાજ શ્રીગોવર્ધનનાથજીના શ્રીઅંગના વિનિયોગના વસ્ત્ર છે. તેને હું કેવી રીતે શિલા પર પછાડું ?

૨. ચાચાજી – તારા ઠાકોરજી તો અમારા શ્રીઠાકુરજીના ધોબી છે.

૩. ચાચાજી – જૂઓ ધોબીની કેવી માનતા ચાલી છે !

તત્વબોધ

૧. શ્રીઠાકોરજીના સંબંધી દરેક વસ્તુ અલૌકિક જણાવી.

સિ. મુ. ૩ परं ब्रह्मतु कृष्णो हि **પરબ્રહ્મ કૃષ્ણ**

૨. હીન અધિકારવાળા જીવની બુધ્ધિ હીન હોવાથી (સકામ) હીન ફળ જ માંગે. પુ. માર્ગીય સાયુજય ફળ મળ્યું.

બા. બો. ૧૬ जीवा स्वभावतो दुष्टा **જીવની દુષ્ટતા**

૩. અન્ય દેવના મંદિરમાં કુતૂહલ ખાતર પણ જવું ન જોઈએ.

વિ.ધૈ.આ. ૧૪ अन्यस्य भजनं तत्र स्वतोगमनमेव च,
प्रार्थना कार्यमात्रेऽपि तथान्यत्र विवर्जयेत् **અન્યાશ્રય**

૪. ગમે તે અનિષ્ટ થાય તો પણ પ્રભુ ઉપર વિશ્વાસ રાખવો.

વિ.ધૈ.આ. ૧૫ अविश्वासो न कर्तव्यः सर्वथा बाधकस्तु सः **અવિશ્વાસ**

ો ા

વાર્તા – ૬૦

(ધોબી ઠાકુરની સેવા કરનાર)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
રતિધામા	**રાજસ**	**ક્ષત્રિય**	**મારવાડ**

પૂર્વ પ્રસંગ

ચાચા હરિવંશજીના સંગથી તથા ઉપદેશથી તે શ્રીગુસાંઈજીના સેવક થયા. ધોબી ઠાકુરની સેવા છોડી દીધી.

પ્રસંગ

૧ સ્વપ્નમાં ધોબી–ઠાકુરની આજ્ઞા મુજબ બધો વૈભવ શ્રીનાથજીને પધરાવી તેમને ગોખમાં પધરાવી શ્રીનાથજીને પ્રસાદ ધરતા અને વૈષ્ણવોની ટહેલ કરતા.

ઉદ્‌ગાર વાક્યો

૧. ચાચાજી – તમે શ્રીગોકુળ જઈ શ્રીગુસાંઈજીના સેવક થાવ. પછી બીજી સેવા પધરાવી લાવો.

તત્વબોધ

૧. અધિકારી જીવને સેવક થઈને સેવા કરવાની તત્પરતા થાય.

૨. સેવા, સ્મરણ તથા સત્સંગ નિત્ય કરવા.

ચ. શ્લો. ૪ अतः सर्वात्मना शश्वद् गोकुलेश्वरपादयोः
स्मरणं भजनं चापि न त्याज्यमिति मे मतिः **સ્મરણ – ભજન**

૩. જે કંઈ આજ્ઞા પ્રભુ સુખાર્થે હોય તેને માથે ચડાવવી.

ન. ૨. ૭ सेवा कृतिर्गुरोराज्ञा बाधनं वा हरीच्छया **ગુરુઆજ્ઞા/ભગવદ્ સુખ**

૪. વૈષ્ણવોનો યથા યોગ્ય સત્કાર કરી દીનતાપૂર્વક પ્રેમપૂર્વક રાખી તેમનો અલૌકિક લાભ લેવો જોઈએ. પોતે લોકમાં હધિકારી હોવા છતાં વૈષ્ણવો પ્રતિ દાસભાવ રાખવો.

વૈષ્ણવથી કોઈ વાત છૂપાવવી નહિ. તેમનામાં વિશ્વાસ રાખવો. તેમની આજ્ઞા ઉથાપવી નહિ અકિંચન વૈષ્ણવોને દીનતાપૂર્વક મદદ કરવી.

વૈષ્ણવના સંગથી પ્રભુની સેવા કરતો થાય જ.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवर्त्विहि सहजं **સહજતા**

પ દ ો પ ા દ

વાર્તા – ૬૧

(જેમના પ્રેતનો શ્રીગુસાંઈજીએ ઉદ્ધાર કર્યો.)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
પટેલ દીકરો	**કામલતા**	**સાત્વિક**	**પટેલ**	**ગોધરા**
પટવારીની દીકરી	**રતિ**			

પૂર્વાવતાર પૂર્વે તેઓ કાન્યકુબ્જમાં બ્રાહ્મણ દંપતિ હતા. તેઓ સાત્વિક જીવન જીવતા હતા તથા સેવા કથા નિત્ય કરતા હતા, પણ પુરુષના મૃત્યુ પાછળ સ્ત્રીએ પણ પતિની ઈચ્છા મુજબ અન્નત્યાગ કરી દેહત્યાગ કર્યો, માટે પ્રેત થયા.

પૂર્વ પ્રસંગ પટેલ દીકરા અને પરવારીની દીકરીને બાળપણમાં પ્રીત હતી. પટવારીની દીકરીનું લગ્ન થતાં પટેલના દીકરાએ પ્રાણ તજયા. અને જ્યારે પટવારીની દીકરીને તેની જાણ થઈ ત્યારે તેને પણ પ્રાણ તજયા.

પ્રસંગ

૧ બન્નેના પ્રેતને શ્રીગુસાંઈજીએ કૃપા કરી ચરણસ્પર્શ આપી, નામમંત્ર આપી, ચરણોદક આપી, ઉદ્ધાર કર્યો, નિત્યલીલામાં ગયા.

ઉદ્‌ગાર વાકયો

૧. બન્નેને નિકુંજ દેશ અને તુલસીકુંજમાં લઈ જાવ. શ્રીઠાકોરજીની લીલામાં એમનો પ્રવેશ કરાવો.

તત્વબોધ

૧. દંપતિએ સાથે મળી સ્નેહપૂર્વક સેવા કરવી અને અનવસરમાં કથા વાર્તા કરવી.

ચ. શ્લો. ૪ अतः सर्वात्मना शश्वद् गोकुलेश्वरपादयोः
स्मरणं भजनं चापि न त्याज्यमिति मे मतिः **સ્મરણ – ભજન**

૨. સાત્વિક જીવન જીવવું જોઈએ.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૩. પોતાનો ગુજારો લૌકિક સંબંધે કરી નહિ પણ પ્રભુ સેવા થકી જ કરવાનો છે.

સિ. ૨. ૬ तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् **સમર્પણ**

૪. દેહનો વિનિયોગ પ્રભુસેવા અર્થે જ છે.

નિ. લ. ૧૮ श्रवणं कीर्तनं स्पष्टं पुत्रे कृष्णप्रिये रतिः **પ્રભુમાં વિનિયોગ**

૫. બલપૂર્વક દેહત્યાગ કરે તો લીલામાં અંતરાય થાય છે.

ા ુ ા ો

વાર્તા – ૬૨

(જે દયા ભવૈયાથી પણ રીઝ્યા નહિ.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
રાસરસિકા	**રાજસ**	**ક્ષત્રિય**	**ગુજરાત**

પૂર્વ પ્રસંગ શ્રીગુસાંઈજી તેમના ગામ પાસેથી પધારતા હતા ત્યારે તેને તેમના તેજપુંજ અગ્નિ સમાન દર્શન થયા, જેથી તે સેવક થયા અને તુરત જ શ્રી ગુસાંઈજીની કૃપાથી હૃદયમાં પ્રભુ લીલા સહિત બિરાજયા જેથી રસમાં છકયા રહેતા જેથી રાજકાજ દીવાનને સોંપી દીધું.

પ્રસંગ

૧ ભવૈયાના કોઈ ખેલથી રાજા રીઝયા નહિ પણ તેના વૈષ્ણવી વેશથી ઘણા પ્રસન્ન થઈ ઘણું સમાધાન કર્યું. ભવૈયાની અંદર રહેલી ચાર હત્યાઓ આ વેશને કારણે તેના દેહમાંથી બહાર નીકળી ગઈ. ત્યારબાદ તે ભવૈયો તે રાજાના સંગે સારો વૈષ્ણવ થયો.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं

ઉદ્‌ગાર વાકયો

૧. ભવૈયો – હું આ વેષ ઉતારું જ નહિ તો તમે શું કરશો ?

૨. હત્યાઓ – તો અમે તારી પાસે આવી જ નહિ શકીયે.

તત્વબોધ

૧. દૈન્યથી પ્રભુ પ્રસન્ન થાય.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૨. જે માર્ગ પર આગળ વધવું છે તે વિષય જાણવાની તત્પરતા જોઈએ.

૩. બ્રહ્મસંબંધ લીધા પછી સેવા કરવા માટેની તાલાવેલી જોઈએ.

સિ. મુ. ૨ चेतस्तत्प्रवणं सेवा तत्सिद्धयै तनुवित्तजा **તનુવિત્તજા સેવા**

ન. ૨. ૨ निवेदनन्तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः **સત્સંગ**

૪. વૈષ્ણવોની જે પ્રકારે બને તે સર્વ પ્રકારે દીનતાપૂર્વક સેવા કરવી તથા તેમનાથી સત્સંગ કરવો અને અન્યથી મૌન ધારણ કરવું.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૫. લૌકિકમાં સ્નેહ ન થવો જોઈએ.

ન. ૨. ૬ पुष्टिमार्गस्थितो यस्मात् साक्षिणो भवताखिलाः **સાક્ષીવત્**

૬. વૈષ્ણવોનો વેશ ભગવત્ સ્વરૂપ છે સન્માનીય છે.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૭. ભગવદીયના સ્પર્શમાત્રથી જીવના દોષ દૂર થઈ જાય છે અને ભગવદ્ ભાવનો સંબંધ થાય છે.

૮. મશકરીમાં પણ મન કર્મ વચનથી પાપ કરવા નહિ.

૯. ભાવના સ્વરૂપાત્મક છે.

સિ. મુ. ૩ परं ब्रह्मतु कृष्णो हि **પરબ્રહ્મ કૃષ્ણ**

દ ા ો

વાર્તા – ૬૩

(જેના વૈષ્ણવ વેશથી હત્યાઓ દૂર ભાગી.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
બહુરૂપિણી	**તામસ**	**ભવૈયા**	**ગુજરાત**

પૂર્વ પ્રસંગ બાળપણથી નાચગાન વેશપલટામાં કુશળ હતો જેથી દેશ વિદેશમાં ભવાઈ કરવા લાગ્યો. તેણે વૈષ્ણવ રાજાને ત્યાં વૈષ્ણવવેશ ધર્યો ત્યારે જ રાજા પ્રસન્ન થયો અને તેની હત્યાઓ શરીરથી બહારનીકળી. તે રાજાના સંગે ભલો વૈષ્ણવ થયો.

પ્રસંગ

૧ રાજાના ગામમાં જ રહી, રાજા સાથે સત્સંગ કરતો તથા પોતે સેવા કરતો, તેમ ગુજારો કરતો.

તત્વબોધ

૧. વૈષ્ણવ ધર્મથી અન્ય સર્વ તુચ્છ છે.

૨. વૈષ્ણવની પાસે પોતાનું હૃદય ખોલવું તો તે કલ્યાણનો માર્ગ જ બતાવે.
જ્યાં નિત્ય વૈષ્ણવનો સંગ મળે તેવા દેશમાં રહેવું.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

પ વાર્તા – ૬૪

(બ્રાહ્મણની માને કણબીથી ગલીત કોઢ મટ્યો.)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
બ્રાહ્મણ દીકરો	**ચનૌઠી**	**સાત્વિક**	**બ્રાહ્મણ**	**ગુજરાત**
બ્રાહ્મણ મા	**ચંદન**			
પટેલ કણબી	**ઉજીયારી**			

પૂર્વ પ્રસંગ

શ્રીગુસાંઈજી ગુજરાત પધાર્યા ત્યારે શરણે આવ્યો.

પ્રસંગ

૧ કણબી વૈષ્ણવની ધોતી ધોવાથી છાંટા ઉડતાં બ્રાહ્મણી સ્ત્રીનું તેટલું ગલીત કોઢવાળું અંગ સારું થઈ ગયું. પછી ચાચાજીની કૃપાથી શ્રીગુસાંઈજીના ચરણામૃતથી તેની બધી પીડા મટી ગઈ તથા શ્રીગુસાંઈજીના સ્નાનના જળવાળી માટીથી તો શરીર સુંદર થઈ ગયું.

ભ. વ. ૮ अतः स्थेयं हरिस्थाने तदीयैः सह तत्परैः
अदूरे विप्रकर्षे वा यथा चितं न दुष्यति **તદીયસંગ**

ઉદ્ગાર વાક્યો

૧. શ્રીગુસાંઈજી – શ્રીઆચાર્યજીનો પ્રતાપ બળ આવો જ છે. પણ વૈષ્ણવના સ્વરૂપને જાણવું જોઈએ.

તત્વબોધ

૧. વૈષ્ણવમાં ભગવાન જેવું જ સામર્થ્ય હોય છે.

ભ. વ. ૮ अतः स्थेयं हरिस्थाने तदीयैः सह तत्परैः
अदूरे विप्रकर्षे वा यथा चितं न दुष्यति **તદીયસંગ**

૨. દીનતાથી કાર્ય સિધ્ધ થાય.
૩. વૈષ્ણવના વસ્ત્રના છાંટાથી ત્રિવિધ તાપ દૂર થઈ શકે છે.
૪. દૈવી જીવ ઉપર પ્રભુ કૃપા કરીને કોઈ ભગવદીયનો સંગ મેળવી જ આપે છે.
૫. સ્વરૂપજ્ઞાન થાય, દીનતા આવે તો અપરાધ દૂર થાય.
૬. વૈષ્ણવમાં અપાર દયા હોય છે. તે કોઈનું દુઃખ દેખી શકતા નથી.
૭. વૈષ્ણવનો મેળાપ થાય તો તે ભગવાન સુધી પહોંચાડે છે.
૮. મોટા પોતાની બડાઈ ન કરતાં પોતાનાથી વડીલની બડાઈ કરતા હોય છે.
૯. વૈષ્ણવમાં જે પ્રતાપબળ છે તે શ્રીઆચાર્યજીનું જ કૃપાબળ છે.
૧૦. વૈષ્ણવનો મુખ્ય ધર્મ શ્રીઆચાર્યજીની માર્ગની રીત મુજબ સેવા – કથા કરવી.

। । । વાર્તા – ૬૫

(જે શ્રીનાથજીને મેવાડ પધરાવતાં રથની આગળ ચાલતી રહી.)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
	ભૃંગિની	**તામસ**	**ક્ષત્રિય**	**મહાવન**
ગંગાબાઈની મા	**અંતર્ગૃહતા**			

પૂર્વ પ્રસંગ

આ ગંગાબાઈની મા ખૂબ જ રૂપવાન હતી. પૈસાપાત્ર હતી. કોઈ વૈષ્ણવના ત્યાં શ્રીગુસાંઈજીના દર્શન થતાં તેમનામાં કામાસક્તિ થઈ. પણ શ્રીગુસાંઈજીએ તેનો મનોરથ સિદ્ધ ન કર્યો. પરંતુ જયારે તેનામાં દૈન્યભાવ આવી શ્રીગુસાંઈજીને પૂર્ણ પુરુષોત્તમ જાણ્યા ત્યારે સ્વપ્નમાં તેનો મનોરથ સિદ્ધ થયો અને તેનાથી તેને ગર્ભ રહ્યો તે દીકરીનું નામ ગંગાબાઈ. તેને શ્રીગુસાંઈજીએ નામ નિવેદન કરાવ્યું. તે ભલીભાંતિ સેવા કથા સ્મરણ કરતી, કીર્તનો બનાવતી. વૈષ્ણવોનું સમાધાન કરતી.

પ્રસંગ

૧ શ્રીનાથજી ગિરિરાજથી ઉતરીને મેવાડ તરફ ચાલ્યા ત્યારે ગંગાબાઈ સાથે હતાં. શ્રીઠાકોરજી સર્વ કાંઈ તેમને જ જતાવતા. શ્રીઠાકોરજીએ રસ્તામાં રથ અટકાવવીને કમળ માટે હઠ કરી, તે તેમને પુષ્કરના સરોવરમાંથી મંગાવી આપ્યા.

ઉદ્ગાર વાક્યો

૧. ગંગાબાઈ શ્રીનાથજીને – તમારા મનમાં શું છે ! અહીં બધાંનાં માથાં કપાવવાં છે ? પૃથ્વીપતિ અસુરોની ફોજો પાછળ આવી રહી છે અને તમે તો હઠ લઈને બેઠા છો. આગળ કેમ ચાલતા નથી ?
૨. શ્રીનાથજી – મને કમળ મંગાવી આપે તો રથ ચાલે.

તત્વબોધ

૧. અલૌકિકમાં લૌકિક બુધ્ધિ લાવવી નહિ.

બા. બો. ૧૬ जीवा स्वभावतो दुष्टा **જીવની દુષ્ટતા**

૨. શાસ્ત્રની ભગવદ્વિષય અવિરુદ્ધ આજ્ઞાનું અવશ્ય પાલન કરવું.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૩. વિષયાસક્ત હૃદયમાં પ્રભુ બિરાજતા નથી.
૪. પ્રભુને જે, જે ભાવે ભજે તે પ્રમાણે ફળ પામે છે. હીન મનોરથનું ફળ પણ હીન મળે છે. પણ મનોરથ પ્રભુ જાણીને થાય, અલૌકિક જાણીને કરાય.

૫. નિત્ય નિયમથી સેવા – સ્મરણ – વૈષ્ણવોનો સંગ, સમાધાન કરવું.

ચ. શ્લો. ૪ अत: सर्वात्मना शश्वद् गोकुलेश्वरपादयो:
स्मरणं भजनं चापि न त्याज्यमिति मे मति: **સ્મરણ – ભજન**

૬. વૈષ્ણવને ટેક જોઈએ.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૭. દીનતા તથા તાપભાવથી જ પ્રભુ પ્રસન્ન થાય છે.

નિ. લ. ૭ क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत्
तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहि: **વિરહભાવ**

। સ

વાર્તા – ૬૬

(જે રાસાઈમાતાનો ભક્ત હતો.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
કાલિન્દી	**રાજસ**	**ક્ષત્રિય**	**પંઢરપુર પાસે**

પૂર્વ પ્રસંગ રાજા જોતસિંગ રાસાઈ માતાનો ભકત હતો અને તે તેમની ઠાઠ – માઠથી સેવા–પૂજા કરતો હતો. તેમના પુરોહિતના દીકરાના સંગથી તેમને અનુભવ થયો કે રાસાઈ દેવી તો શ્રીવિઠ્ઠલનાથ (પંઢરપુર) ભગવાનના દાસોની પણ દાસી છે અને તે જ વિઠ્ઠલનાથ હાલ શ્રીગુસાંઈજીરૂપે બિરાજે છે. રાસાઈ દેવી શ્રીવિઠ્ઠલનાથને ત્યાં જળ ભરતાં દર્શન કરાવ્યા. જેથી રાજાને ભાન થતાં શ્રીગુસાંઈજીના સેવક થયા.

પ્રસંગ

૧ અડેલ જઈ શ્રીગુસાંઈજીના સેવક થઈ, સેવા પધરાવી લાવ્યા. શ્રીઠાકોરજી તેને સાનુભવ જતાવવા લાગ્યા.

તત્વબોધ

૧. વૈષ્ણવનો સંગ મળવો તે જ મહાભાગ્ય છે જેથી વૈષ્ણવોનો સદા સંગ કરવો.

ન. ૨. ૨ निवेदनन्तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनै: **સત્સંગ**

૨. દેવાધિદેવ તો માત્ર શ્રીકૃષ્ણ જ છે અન્ય દેવો તેમના દાસાનુદાસ છે અને તેના પ્રગટ સ્વરૂપે શ્રીગુસાંઈજી બિરાજમાન છે.

સિ. મુ. ૩ परं ब्रह्मतु कृष्णो हि **પરબ્રહ્મ કૃષ્ણ**
અં. પ્ર. ૮ सर्वं समर्पितं भक्त्या कृतार्थोऽसि सुखी भव **સમર્પણ**

૩. દૈવી જીવના હિત માટે વૈષ્ણવ હંમેશા પ્રયત્નશીલ હોય છે.

૪. પ્રભુ ભકતને વશ છે અને તેના કહેવા મુજબ પોતાનું સામર્થ્ય પ્રગટ કરે છે.

સિ. મુ. ૧૮ अनुग्रह: पुष्टिमार्गे नियामक इति स्थिति: **અનુગ્રહ**

૫. સ્વરૂપજ્ઞાન થતાં જ અત્યંત વિરહ થાય છે અને પ્રભુદર્શનની તાલાવેલી થાય છે.

નિ. લ. ૭ क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत्
तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहि: **વિરહભાવ**

૧૨૭

ા સ ાપુો ો દ ો વાર્તા – ૬૭

(જેણે વિધાતાને પણ મુંઝવી.)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
	સૌભાગ્યસુંદરી	**રાજસ**	**બ્રાહ્મણ**	**પંઢરપુર પાસે**

રાજાના બાળકો – લીલા, બીના, પ્રવિણા

પૂર્વ પ્રસંગ

સ્વપ્નમાં શ્રીવિઠ્ઠલનાથજીના અલૌકિક દર્શન થયા. તેથી પુરોહિતનો દીકરો પંઢરપુર ગયો. ત્યાં સ્વપ્ન જેવા દર્શન ન થતાં ઉપવાસ કર્યો, ત્યારે શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીગુસાંઈજીના સેવક થવા આજ્ઞા કરી. શ્રીગુસાંઈજી ત્યાં પધાર્યા ત્યારે આપે કૃપા કરી તેને સેવક કર્યો.

પ્રસંગ

૧ રાજાનો એક દીકરો ભાગ્યવશ શિકારી, બીજો બાંડીયા બળદવાળો કઠિયારો થયો હતો અને દીકરી વેશ્યા થઈ હતી. વૈષ્ણવ પુરોહિતના દીકરાના પ્રતાપબળે તેઓ ફરીથી રાજ પદને પામ્યા અને વિધાતાને પણ ઝૂકવું પડયું તથા વિધાતાની મર્યાદા પણ રાખી.

ઉદ્‌ગાર વાકયો

૧. શ્રીગુસાંઈજી – બ્રાહ્મણ હું તને જાણું છું. શ્રીવિઠ્ઠલનાથજીની તારા પર કૃપા થઈ છે.

૨. પુરોહિતના દીકરાએ વિધાતાને કહ્યું – તે કામ કરવાવાળા તો અમારા શ્રીગુસાંઈજી છે. એમના પ્રતાપથી બધું સારું જ થશે.

તત્વબોધ

૧. આર્તી – તાપથી પ્રભુ પ્રસન્ન થાય.

૨. સ્વપ્નમાં ભગવાનની આજ્ઞાને સત્ય માનવી, જે ભગવત્ સંબંધી હોય.

૩. લૌકિકમાં કોઈની સાથે વધુ બોલવું નહિ વહેવાર રાખવો નહિ. વૈષ્ણવોનો સત્સંગ કરવો.
પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૪. ભાગ્યમાં જે હોય તે થાય તેને ભગવદ્ ઈચ્છા માનીને ચાલવું. પ્રભુ ઉપર વિશ્વાસ જોઈએ.
વિ.ધૈ.આ. ૧ विवेकस्तु हरिः सर्वं निजेच्छातः करिष्यति **હરીચ્છા**

૫. હરિભક્ત વિધાતાથી પણ સર્વોપરી છે.
સે. ફ. ૨ फलं वा ह्यधिकारो वा न कालोऽत्र नियामकः **કાળની અબાધકતા**

૬. જે કંઈ બને તેને ભગવદીચ્છા માનીને ચાલવું.
વિ.ધૈ.આ. ૧ विवेकस्तु हरिः सर्वं निजेच्छातः करिष्यति **હરીચ્છા**

૧૨૮

ા વાર્તા – ૬૮

(તાદશીએ સાધારણને છોડયો નહિ.)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
તાદ્દશી	**કુંજાદેવી**	**સાત્વિક**	**બ્રાહ્મણ**	**ગુજરાત**
સાધારણ	**ગુંજાદેવી**			

પૂર્વ પ્રસંગ

તાદશી નાનપણથી સ્વભાવે વૈરાગી હતો. મોટો થતાં એક મર્યાદામાર્ગીય વૈષ્ણવ સાથે યાત્રાએ નીકળ્યો. તે મથુરામાં રોકાઈ ગયો. ત્યાંથી ગોકુળ જતાં રાવળમાં જ શ્રીગુસાંઈજીના દર્શન થયા. તે એક ઘડી સુધી દર્શન કરવામાં સ્થિર થઈ ગયો ત્યારબાદ તેને દીનતા તથા આર્તીપૂર્વક આપશ્રીને સેવક કરવા વિનંતી કરી. ત્યારે શ્રીગુસાંઈજીએ તેને તુરત સેવક કર્યો.

પ્રસંગ

૧ બીજા સાધારણ વૈષ્ણવને શ્રીગુસાંઈજીની આજ્ઞાથી તાદશી વૈષ્ણવનો સંગ પ્રાપ્ત થયો. દુ:સંગથી અભડાયો પણ તાદશીએ તેને છોડયો નહિ.

ઉદ્‌ગાર વાકયો

૧. શ્રીગુંસાઈજી – ફલાણા તું કયારે આવ્યો ?

૨. સા. વૈષ્ણવ – મહારાજ માર્ગનું સ્વરુપ સ્ફૂરે એવી કૃપા કરો.

તત્વબોધ

૧. જીવને તાલાવેલી – આર્તી તથા દીનતા જોઈએ તો પ્રભુ તરત કૃપા કરે.

૨. શ્રીગુરુની આજ્ઞા શિરોધાર્ય રાખવી.
અં. પ્ર. ૪ आज्ञेव कार्या सततं स्वामिद्रोहोऽन्यथा भवेत् **આજ્ઞા પાલન**

૩. માર્ગનું સ્વરુપ તાદશી વૈષ્ણવના સંગે સ્ફૂરે અને પ્રભુનું સ્વરૂપ આપશ્રીના અનુગ્રહથી સ્ફૂરે.
ન. ૨. ૨ निवेदनन्तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः **સત્સંગ**

૪. દુ:સંગ સહજ પ્રાપ્ય છે.
ભ. વ. ૭ त्यागे बाधकभूयस्त्वं दु:संसर्गात् तथान्नतः **બાધક સંગ–અન્ન**

૫. અહંકાર મહાબાધક છે.
વિ.ધૈ.આ. ૩ अभिमानश्च सन्त्याज्यः स्वाम्यधीनत्व-भावनात् **અભિમાન**

વાર્તા – ૬૯

ુ

(જેને શ્રીગુસાંઈજીએ જળ પીવડાવીને જીવાડી.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
સોહિની	**તામસ**	**મ્લેચ્છ**	**મથુરા**

પૂર્વ પ્રસંગ ઉનાળાની ગરમીના કારણે રસ્તામાં બેભાન થઈ ગઈ ત્યારે શ્રીગુસાંઈજીએ પોતાની ઝારીમાંથી જળ પીવડાવીને જીવાડી. પછી તો ગોકુળમાં દુકાન માંડીને ખૂબ ઓછી કિંમતે વૈષ્ણવોને મેવો વેચવા લાગી. આ પ્રકારે સેવા કરતી.

ઉદ્‌ગાર વાક્યો

૧. શ્રીગુંસાઈજી – ઝારી તો બીજી આવશે પણ ફરી આ મલેચ્છાણીના પ્રાણ ક્યાંથી આવશે ?
૨. કુંજરી – મહારાજ ! મેં કનૈયા સંબંધમાં સાંભળ્યું હતું પણ આજે મેં નરી આંખે તેમને ભાળ્યા.
૩. કુંજરી – મહારાજ ! મને આ ચરણો સિવાય બીજો કોઈ આશ્રય નથી.
૪. શ્રીગુસાંઈજી – હવે એને બીજું કાંઈ બાધક નથી.

તત્વબોધ

૧. જીવે જીવમાત્ર પ્રતિ કરૂણા રાખવી.
વૈષ્ણવોને દરેક પ્રકારે મદદરૂપ થવું.
સાચું બોલવું, તો પ્રભુ પ્રસન્ન થાય.
પુ. પ્ર. મ. ૨૧ **वैष्णवत्वंहि सहजं** **સહજતા**
૨. જૂઠણ મહાપ્રસાદથી અલૌકિક બુધ્ધિથાય.
૩. શ્રીઠાકોરજી માટેની વસ્તુ પૂરી કિંમત આપીને લેવી જોઈએ.
૪. પોતાનું ધન પ્રભુ અર્થ માટે જ છે.
સિ. મુ. ૨ **चेतस्तत्प्रवणं सेवा तत्सिद्धयै तनुवित्तजा** **તનુવિત્તજા સેવા**
૫. દીનતા અને આતુરતાથી જલ્દી કૃપા થાય.
૬. આપણા શ્રીઠાકોરજી તથા ગુરુના સમાન કે વિશેષ કોઈને જાણવા નહિ.
૭. શ્રીઠાકોરજી માટેની વસ્તુ ભાવાત્મક છે. માટે ખૂબ જ સારી રીતે જાળવણી કરવી.
૮. દેહ અને દ્રવ્ય બન્નેનો પ્રભુમાં અંગીકાર કરાવવો જોઈએ.
સિ. મુ. ૨ **चेतस्तत्प्रवणं सेवा तत्सिद्धयै तनुवित्तजा** **તનુવિત્તજા સેવા**
૯. જીવને અનન્ય આશ્રય જોઈએ.
વિ.ધૈ.આ. ૧૦ **ऐहिके पारलोके च सर्वथा शरणं हरि:** **શરણ**

વાર્તા – ૭૦

પ ા સ

(જેઓ યજમાનની સ્ત્રીને લૂંટીને મારવાથી બ્રહ્મરાક્ષસ થયા.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
નરો, વરો	**તામસ**	**બ્રહ્મરાક્ષસ**	**મહીકાંઠે**

પૂર્વ પ્રસંગ બન્ને રાક્ષસ હતા. વૈષ્ણવોને ખાવા માંગતા હતા. પણ ખાઈ ન શક્યા. ત્યારે શ્રીચાચાજી દ્વારા શરણે આવ્યા અને તેમનો ઉદ્ધાર થયો. પૂર્વે તે બન્ને બ્રાહ્મણ વૈષ્ણવો હતા. તેમને કોઈ વૈષ્ણવના ઘરે ઉતારો કર્યો પણ યજમાન સ્ત્રીના દાગીનાના લોભે તેને મારીને તેની પાસેથી દાગીના લૂંટી લીધા. રસ્તામાં તેમને પણ ઠગોએ મારી નાખ્યા, પછી તે બ્રહ્મરાક્ષસ થયા.

ઉદ્‌ગાર વાક્યો

૧. ચાચાજી – તમે શા માટે માર્ગ રોકીને ઊભા છો ? તમે અમને ખાઈ નહિ શકો. અમારા દેહમાં તો ચૌદ લોકનો નાથ બિરાજે છે.

તત્વબોધ

૧. વૈષ્ણવના સ્વરૂપમાં ભગવાન બિરાજતા હોવાથી તેને કોઈનો ભય નથી.
૨. વૈષ્ણવ કૃપાળુ હોય છે. અપકારનો બદલો ઉપકારથી આપે છે.
દીનતા જોઈએ.
ઘરે આવતા વૈષ્ણવનું બહુ સારી રીતે સમાધાન કરવું.
વૈષ્ણવના અપરાધથી પ્રેતયોનિ મળે છે.
વૈષ્ણવના દર્શન માત્રથી દોષ દૂર થાય છે.
પુ. પ્ર. મ. ૨૧ **वैष्णवत्वंहि सहजं** **સહજતા**
૩. શ્રીકૃષ્ણના નામના તાપથી પ્રેતદેહથી પણ મુક્ત થવાય છે.
૪. પ્રભુ પોતાના જનકને ક્યારેય વિસરતા નથી.
સે. ફ. ૭ **पुष्टौ नैव विलम्बयेत्** **પુષ્ટિ**
૫. શ્રીવલ્લભના સંબંધથી સદ્‌ગતિ થાય છે.
૬. જીવે ભૌતિક સંપત્તિમાં મોહ કરવો નહિ.

।   ો

વાર્તા – ૭૧

(જેમણે પ્રસાદમાં કીડા જોયા.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
મંગલા	**સાત્વિક**	**બ્રાહ્મણ**	**રાજનગર**

પૂર્વ પ્રસંગ

બાળપણથી વૈરાગી સ્વભાવના હતા. મા બાપ મરી ગયા. સ્ત્રી કંકાસી હતી જેથી ઘર છોડી દીધું. ભિક્ષા માગવા ભાઈલા કોઠારીને ત્યાં ગયા. ત્યાં શ્રીગુસાંઈજીના દર્શન થયા તથા નામ – નિવેદન પામ્યા.

પ્રસંગ

૧ દીકરીના નિષિદ્ધ દ્રવ્યથી રાજભોગ સમર્પનાર શેઠને ત્યાં કીડાવાળું ભોજન જોતાં કૃપાપાત્ર વૈષ્ણવ ઊઠી ગયો અને ચાલી ગયો પણ સાધારણ વૈષ્ણવે ભોજન લીધું. જેથી કૃપાપાત્ર વૈષ્ણવ તેની પાસે સેવા ન કરાવતો તેમજ તેને અડકતો પણ નહિ.

ઉદ્ગાર વાકયો

૧. શ્રીગુંસાઈજી – તમે બન્ને આમ ઠેકઠેકાણે કેમ ભટકો છો ? કંઈક ભગવદ ભજન કરો તો કૃતાર્થ થાવ.

૨. તાદશી વૈષ્ણવ – તેથી મારો ધર્મ રહ્યો. તેં માન્યું નહીં ઈંદ્રિય સ્વાદ કર્યો તેથી તારો ધર્મ ખોયો. પણ હવે તું મારી પાછળ પાછળ આવ. મને અડકીશ નહિ.

તત્વબોધ

૧. દીનતા જાણીને પ્રભુ શરણ સ્વીકારે છે.

વિ.ધૈ.આ. ૧૦ ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः **શરણ**

૨. ઉત્તમ ભગવદીયનો સંગ તથા શ્રીઆચાર્યજીના ગ્રંથોનો અભ્યાસ કરવામાં આવે તથા ગુરુ – વૈષ્ણવની ટહેલ કરવામાં આવે. તો માર્ગ સ્ફૂરાયમાન થાય.

ન. ૨. ૨ निवेदनन्तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः **સત્સંગ**

૩. ગુરુને પૂછવાથી જવાબ મળે માટે ઉત્કંઠા રાખવી.

૪. કૃપાપાત્ર વૈષ્ણવને શ્રીઠાકોરજી પોતાનો ભાવ જતાવે.

૫. સુપાત્ર વૈષ્ણવને ત્યાં જ પ્રસાદ લેવો.

ઉત્તમ ભગવદીયના (તાદશી) આદેશ મુજબ જ માર્ગ ઉપર ચાલવું.

પ્રસાદમાં મિષ્ટાન્ની ભાવના ન કરવી.

ગુરુઆજ્ઞા માનીને સામાન્ય વૈષ્ણવને છોડયો નહિ.

ગમે તેવા અપરાધીને પણ ભોજન તો કરાવવું જ.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૬. વૈષ્ણવ કૃતિથી વિરૂદ્ધ આચરણ હોય તેનાથી સેવા કરાવવી નહિ.

૭. દ્રવ્ય માટે દીકરીનું ભવિષ્ય બગાડયું નહિ તથા દીકરીનું દ્રવ્ય અધમ દ્રવ્ય છે તે પોતાના માટે વાપરવું નહિ. તથા બીજાના દ્રવ્યની સામગ્રી કરી મનોરથ કરી યશ કમાય તો શ્રીઠાકોરજી ગુસ્સો કરે.

સિ. મુ. ૧૬ लोकार्थी चेद् भजेत् कृष्णं क्लिष्टो भवति सर्वथा **લોકાર્થી**

૮. કોઈને કકળાવીને દ્રવ્ય લે તો શ્રીઠાકોરજી અપ્રસન્ન થાય.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૯. શ્રીગુસાંઈજીની મર્યાદા અનુસાર સેવા કરે તો જ શ્રીઠાકોરજી કાની માને અને અંગીકાર કરે.

ન. ૨. ૭ सेवा कृतिर्गुरोराज्ञा बाधनं वा हरीच्छया **ગુરુઆજ્ઞા/ભગવદ્સુખ**

૧૦. આવા અપરાધનું પ્રાયશ્ચિત્ત વિરહતાપ રાખવો, વૈરાગ્ય રાખવો, બહાર યશ પ્રગટ ન કરવો, જેથી નિંદા થાય.

સા ોદ ા ા ા

વાર્તા – ૭૨

(જેમણે વેશ્યાની છોકરીમાં દૈવીપણું જોયું.)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
બ્રાહ્મણ	**વ્રજદેવી**	**રાજસ**	**બ્રાહ્મણ**	**ગોધરા પાસે**
બ્રાહ્મણી	**ભામિની**			
વેશ્યાની છોકરી	**નૃત્યનિપૂણા**			

પૂર્વ પ્રસંગ નાનપણમાં રંગરાગનો ચસ્કો હતો. તેને કોઈક વૈષ્ણવના સંગે શ્રીગુસાંઈજીના શરણે જવાની પ્રેરણા થઈ.

પ્રસંગ

૧ તેમને બીજા એક વૈષ્ણવ સાથે પ્રીતિ હતી. બન્ને સાથે જળ ભરતા. તેને રસ્તામાં વેશ્યાના ઘરે તેની છોકરીમાં દૈવીપણું જોયું જેથી તેને ઘરે લઈ આવીને શ્રીઠાકોરજી સામે નૃત્ય કરાવ્યું. બીજા વૈષ્ણવે તેનામાં દોષ જોયો જેથી શ્રીઠાકોરજી ત્યાંથી પધારી જવા લાગ્યા.

પુ. પ્ર. મ. ૧૨ भगवद्-रूप-सेवार्थं **સેવા**

તત્વબોધ

૧. જીવને આતુરતા જોઈએ. (ગુસાંઈજીના શરણે જવા દિનરાત નાગજી ભટ્ટને ત્યાં જતો)

૨. વૈષ્ણવની બાહ્યકૃતિ જોઈ તેનામાં દોષ જોવા નહી.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૩. વૈષ્ણવતા ખાતર લોકલાજને કાને ધરવી નહી.

પુ. પ્ર. મ. ૨૦ लौकिकत्वं वैदिकत्वं कापटयात् तेषु नान्यथा **કાપટય**

૩. પોતાને જે રસ પ્રિય હોય તે પ્રભુમાં સમર્પવો.

સિ. ૨. ૬ तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् **સમર્પણ**

૪. પોતના દોષ માટે માફી માંગતા ખચકાવું નહિ.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

ા ો

વાર્તા – ૭૩

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
	નૃત્યનિપુણા	**તામસ**	**–**	**ગોધરા પાસે**

પૂર્વ પ્રસંગ આગળની વાતમાં છે.

પ્રસંગ

૧ શ્રીઠાકોરજી સમક્ષ નૃત્ય કર્યા પછી તે છોકરીને દેહભાન રહેવા લાગ્યું નહિ. જેથી વૈષ્ણવના ઘરે ભાગી આવે. શ્રીગુસાંઈજી પધાર્યા ત્યારે નામ નિવેદન કરાવ્યું. ત્યારબાદ શ્રીઠાકોરજી તેને સાનુભવ જતાવતા. મંદિરના કમાડ ખોલાવી હંસી–મજાક કરતા. માંચી ઉપર બેસી વાતો કરતા.

ઉદ્‌ગાર વાક્યો

૧. શ્રીઠાકોરજી વૈષ્ણવને – તું એના પર શા માટે ખિજાય છે ! એને તો મેં કહ્યું ત્યારે કમાડ ખોલ્યા છે.

તત્વબોધ

૧. આ માર્ગમાં અનુગ્રહ નિયામક છે.

૨. શ્રીઠાકોરજીની આજ્ઞામાં રહેવું.

૩. શ્રીઠાકોરજીના સુખ માટે લૌકિકની પડી રાખવી નહિ.

। । પ

વાર્તા – ૭૪

(જેમણે મોજડી ઉતાર્યા વગર શ્રીઠાકોરજીને ઘી સમર્પ્યું.)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
	ચારુમતિ	**રાજસ**	**ક્ષત્રિય**	**ગુજરાત**
વાઘાજીની સ્ત્રી	**ચારુમુખી**			

બીજા વૈષ્ણવ પુરૂષ–સ્ત્રી – ભક્તિની – આનંદિની

પૂર્વ પ્રસંગ વાઘાજીના ગામમાંથી શ્રીગુસાંઈજી પધારતા હતા ત્યારે તેમનું દિવ્ય સ્વરૂપ જોઈને બન્ને સ્ત્રી–પુરુષ શરણે આવ્યા.

પ્રસંગ

૧. વાઘાજીએ વૈષ્ણવને પ્રસાદ લેવા નોતર્યા હતા. અચાનક વાઘાજીને રાજાની અસવારીમાં જવું પડ્યું ત્યાં શ્રીઠાકોરજીએ તેમને જણાવ્યું કે તવાપુરીમાં ઘી થોડું છે ત્યારે પ્રેમના ભારમાં મોજડી ઉતાર્યા વગર શ્રીઠાકોજીને ઘી લાવીને સમર્પ્યું. તે પેલા વૈષ્ણવે જોયું તેથી પ્રસાદ લીધા વગર જતા રહ્યા. શ્રીઠાકોરજીએ તે વૈષ્ણવને તેની ભૂલ સમજાવી ત્યારે તે પ્રસાદ લેવા પાછા આવ્યા.

ઉદ્‌ગાર વાક્યો

૧. શ્રીઠાકોરજી – તવાપુરીમાં ઘી થોડુંક છે તેથી મારા ગળામાં ખૂંચે છે તે હું કેવી રીતે આરોગું ?

૨. વાઘાજી – અરે હું મોજડી પહેરી મંદિરમાં ગયો ! યોગ્ય ન કર્યું.

૩. શ્રીઠાકોરજી – તારા ધણીએ તો ઘેર આવી મહાપ્રસાદ લીધો અને પેલા સ્ત્રી–પુરુષ બન્ને જણ બે દિવસથી ભૂખ્યા છે. તેથી મારાથી અહીં રહેવાય તેમ નથી.

તત્વબોધ

૧. વૈષ્ણવના સંગે માર્ગની રીત – પ્રીત સ્ફૂરીત થાય.

ભ. વ. ૮ अतः स्थेयं हरिस्थाने तदीयैः सह तत्परैः
अदूरे विप्रकर्षे वा यथा चित्तं न दुष्यति **તદીયસંગ**

૨. વૈષ્ણવને નિયમથી પ્રસાદ લેવડાવવો.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૩. ઠાકોરજીની સુખની આજ્ઞા પ્રેરણા – સ્વરૂપ કે ભગવદીય થકી થાય તો તુરત તેનું પાલન કરવું.

અં. પ્ર. ૪ आज्ञेव कार्या सततं स्वामिद्रोहोऽन्यथा भवेत् **આજ્ઞા પાલન**

૪. વૈષ્ણવને પોતાની ચૂક થાય તો તેનો તાપ અવશ્ય થવો જોઈએ.

---

૫. પ્રભુને શ્રમ ન થાય માટે તેમની સારી રીતે સેવા કરવી.

સિ. મુ. ૧ कृष्णसेवा सदा कार्या **કૃષ્ણ સેવા**

પુ. પ્ર. મ. ૧૨ भगवद्–रूप–सेवार्थं **સેવા**

૬. નોતરેલા વૈષ્ણવને પ્રસાદ ન લેવરાવીયે ત્યાં સુધી પ્રસાદ ન લેવાય. તેમ કરે તો જ દાસભાવ સિદ્ધ થાય. તાપ–દીનતા આવે.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૭. પોતાના દોષનું સ્ફૂરણ થાય ત્યારે પ્રભુ પ્રસન્ન થાય.

પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૮. કોઈ વૈષ્ણવ આપણા કારણે અપ્રસન્ન થાય તો પ્રભુને રુચતું નથી.

૯. પ્રેમ ભગવદ્ સ્વરૂપ છે તેનાથી મર્યાદા ન છોડાય.

પુ. પ્ર. મ. ૧૬ शुद्धाः प्रेम्णातिदुर्लभाः **શુદ્ધ ભક્તો**

૧૦. ઠાકોરજીને ભોગ ધર્યો હોય ત્યારે વ્રજભક્તો પ્રભુને સામગ્રી આરોગાવે છે ત્યારે વૈષ્ણવને દૃષ્ટિ કરવાનો અધિકાર નથી.

૧૧. બીજાનો દોષ ન જોતાં, ટૂંકમાં પોતાનો દોષ જોવો.

૧૨. વૈષ્ણવની આર્તી શ્રીઠાકોરજી સહી ન શકે.

૬

વાર્તા – ૭૫

(સાહિબ કૈસે મિલે ?)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
રસિકપ્રિયા	**સાત્વિક**	**બ્રાહ્મણ**	**આગ્રા**

પૂર્વ પ્રસંગ શ્રીગુસાંઈજી આગ્રા પધાર્યા ત્યારે છજ્જામાં રાત્રે આપના દૂરથી અલૌકિક દર્શન થતાં બીજા દિવસે સેવક થઈ.

પ્રસંગ

૧. અકબરે બિરબલને પ્રશ્ન કર્યો, “ સાહેબ કઈ રીતે મળે ? ” તેનો યોગ્ય ઉત્તર તે આપી શકયો નહિ જેથી દીકરીની સલાહ મુજબ શ્રીગુસાંઈજી પાસે આવ્યાં. આપની સલાહ મુજબ અકબર પોતે આપને મળ્યો ત્યારે આપે જવાબ આપ્યો જેમ ‘તમે અમે મળ્યા તેમ.’

આપે પ્રસન્ન થઈને અકબરનું માન રાખવા ઘોડો માંગ્યો કે જેથી શ્રીનાથજી તથા નવનીતપ્રિયજીની સેવા વિના વિલંબે થાય.

સિ. મુ. ૧૮ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः

ઉદ્‌ગાર વાકયો

૧. બિરબલની દીકરી – ઈશ્વરની વાત ઈશ્વર જ જાણે. આનો જવાબ એમના વિના મળવાનો નથી.

૨. અકબરનો પ્રશ્ન – સાહેબ કઈ રીતે મળે ?

૩. શ્રીગુસાંઈજી – જેમ અમે અને તમે મળ્યા.

તત્વબોધ

૧. કથા જે સાંભળીએ તે હૃદયમાં કોતરી રાખવી જોઈએ.

પં. ૫. ૧ श्रीकृष्णरसविक्षिप्त – मानसारतिवर्जिताः
अनिर्वृता लोकवेदे ते मुख्याः श्रवणोत्सुकाः **ઉત્તમ શ્રોતા**

૨. શ્રીગુસાંઈજી ઈશ્વર છે તેવો પરમ વિશ્વાસ જોઈએ.

વિ.ધૈ.આ. ૧૫ अविश्वासो न कर्तव्यः सर्वथा बाधकस्तु सः **અવિશ્વાસ**

૩. પોતાને પ્રયોજન હોય ત્યાં સામે ચાલી ગુરુ પાસે જવું જોઈએ.

૪. પ્રભુ જીવને મળવા વિચારે તો સહેજે મળે, જયારે જીવ પ્રભુને મળવા વિચારે તો ઘણા ઉપાય કરવા પડે.

સિ. મુ. ૧૮ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः **અનુગ્રહ**

૫. માંગવું તે પણ પ્રભુ સુખ માટે.

વિ.ધૈ.આ. ૨ प्रार्थिते वा ततः किं स्यात् **પ્રાર્થના**

વાર્તા – ૭૬

(શંખાવલી માળાવાળો)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
બદામ	**તામસ**	**કણબી**	**ગુજરાત**

પૂર્વ પ્રસંગ શ્રીગુસાંઈજી દ્વારકા જતાં તેના ગામ પાસે મુકામ કર્યો ત્યારે સેવક થયો.

પ્રસંગ

૧. સંઘની સાથે શ્રીનાથજીના દર્શને ચાલ્યો. તેની પાસે ખરચી ન્હોતી તેથી વૈષ્ણવોની ટહેલ કરી પ્રસાદ લે. તેની પાસે કંઈ ન હોવાથી શંખાવલીના ફૂલની માળા શ્રીગુસાંઈજીને ભેટ ધરવા તૈયાર કરી જતન કરી રાખી અને ચિંતા કરે. તેનો ભાવ જાણી શ્રીગુસાંઈજીએ સામેથી પધારીને તેની માળા સ્વીકારી.

ઉદ્‌ગાર વાકયો

૧. શ્રીગુસાંઈજી – પેલી શંખાવલીની માળા લાવ.

તત્વબોધ

૧. ગુરુ સમક્ષ જતાં કંઈ પણ શક્તિ અનુસાર ભેટ ધરવી જોઈએ.

૨. નિઃસાધનતાના ભાવથી તથા તાપ – કલેશથી પ્રભુ જલ્દી પસન્ન થાય છે.

નિ. લ. ૭ क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत्
तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहिः **વિરહભાવ**

ુ ા ો
વાર્તા – ૭૭

(નાચત ઘાસમાં ગોપાળવાળો)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
ચારૂગોપ	**સાત્વિક**	**કણબી**	**ગુજરાત**

પૂર્વ પ્રસંગ સંઘ સાથે શ્રીનાથદ્વાર ગયો ત્યાં શ્રીગુસાંઈજીથી નામ – નિવેદન પામ્યો.

પ્રસંગ

૧. શ્રીગુસાંઈજીએ ગાયોની સેવા સોંપી. તેની સેવાથી પ્રસન્ન થઈ શ્રીઠાકોરજી તેને છાકમંડળીમાં લઈ જઈ પ્રસાદ લેવડાવતા.

૨. અડીંગમાં રાસ જોવા ગયો ત્યાં રાસધારી ગાતા ‘‘નાચત રાસમેં ગોપાળ’’ ત્યારે કણબીએ ‘‘નાચત ઘાસમેં ગોપાળ’’ તેમ પોતાની અનુભવવાણી ગાઈ.

સિ. મુ. ૧૮ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः **અનુગ્રહ**

ઉદ્‌ગાર વાક્યો

૧. સેવા એવો જ પદાર્થ છે, જે ગાયોની સેવા અંતઃકરણથી સારી રીતે કરે તેને શ્રીગોવર્ધનનાથજી અહીં જ દર્શન દે છે.

તત્વબોધ

૧. ગાયોની સેવા મન લગાવીને શ્રીઠાકોરજીની જેમ જ કરવી. તો શ્રીગોવર્ધનધર પ્રસન્ન થાય કારણ કે ગાયો વ્રજભક્તો છે. અને પ્રભુ વ્રજભક્તોને વશ છે.

ા ા ા ો
વાર્તા – ૭૮

(જેણે સ્વપ્નમાં જ શુળીનું દુઃખ ભોગવી લીધું.)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
	બિછિયા	**રાજસ**	**બ્રાહ્મણ**	**ગંગાકાંઠે**
બ્રાહ્મણની સ્ત્રી	**રામકટોરી**			

પૂર્વ પ્રસંગ જગન્નાથરાયજીમાં શ્રીગુસાંઈજીની ભાગવત કથા સાંભળતાં જ આપને મહાપુરુષ જાણી શરણે આવ્યો, નામ – નિવેદન પામ્યો. સ્વરૂપ સેવા પધરાવી આપી.

પ્રસંગ

૧. ગંગા કિનારે ઝૂંપડી બાંધી રહે અને ભિક્ષા માંગીને ગુજારો કરે.

૨. એક પંડિત બ્રાહ્મણ રાજસુખની ભાવનાથી મહાદેવજીનું તપ કરીને પારસમણી પામ્યો. ભગવત્ કૃપાથી પંડિત આ ગરીબ બ્રાહ્મણના ઘર પાસે આવ્યો અને રોકાયો. ત્યાં તેને શાસ્ત્રીય જ્ઞાનથી જાણ્યું કે આ વૈષ્ણવને બીજા દિવસે ચોરીના આરોપમાં રાજા શૂલી પર ચઢાવશે. પણ તેમાંનું કશું થયું નહિ. સ્વપ્નમાં જ તે વૈષ્ણવે તે દુઃખ ભોગવી લીધું.

૩. પંડિત બ્રાહ્મણને વૈષ્ણવ બ્રાહ્મણે આંગણામાં પડેલી શીલાને પારસમણી કરી બતાવી.

સે. ફ. વિ. सेवायां फलं त्रयम् अलौकिकः
सामर्थ्यम् सायुज्यम् सेवोपयोगि देहो वा वैकुंठादिषु

ઉદ્‌ગાર વાક્યો

૧. શ્રીગુસાંઈજી – તમે આમની સેવા કરજો, એમનાથી તમને ખૂબ સુખ મળશે.

તત્વબોધ

૧. જીવનું કર્તવ્ય ભગવદ્ સેવા, માર્ગની રીત પ્રમાણે કરવી.
સિ. મુ. ૧ कृष्णसेवा सदा कार्या **કૃષ્ણ સેવા**

૨. ગુરુની ટહેલ કરવી.
ન. ર. ૭ सेवा कृतिर्गुरोराज्ञा बाधनं वा हरीच्छया **ગુરુઆજ્ઞા/ભગવદ્ સુખ**

૩. સંસારી લોકોથી દૂર રહેવું.
ભ. વ. ૨ अव्यावृत्तो भजेत कृष्णं **અવ્યાવૃત્ત / અસંગ**

૪. પરિવારે બધાંએ મળીને સેવા કરવી.

૫. વૈષ્ણવના ભાવથી ગાયને પાતળ ધરીને પછી જ પ્રસાદ લેવો.
પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૬. પોતે મહેનત કરી કમાઈને શ્રીઠાકોરજીને ધરવું.
સિ. મુ. ૨ चेतस्तत्प्रवणं सेवा तत्सिद्धयै तनुवित्तजा **તનુવિત્તજા સેવા**

૭. આંગણે આવેલા અભ્યાગતને મહાપ્રસાદ જરૂર લેવરાવવો.
પુ. પ્ર. મ. ૨૧ वैष्णवर्त्वहि सहजं **સહજતા**

૮. આ માર્ગમાં ભાવના મુખ્ય છે. સ્વપ્નમાં પણ છોવાઈ જાય તો સ્નાનવિધિ કરવી.
સં. નિ. ૮ तत् भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते **ભાવના**

૯. સેવા સ્મરણ વખતે વ્રજભક્તોની અનેક લીલાની ભાવના કરવી. તેથી હૃદય શુદ્ધ થાય.
સિ. મુ. ૧૬ आत्मानन्दसमुद्रस्थं कृष्णमेव विचिन्तयेत् **માનસી દશા**

૧૦. વૈષ્ણવને લૌકિક ભોગથી મોહ પામતો નથી.
સે. ફ. ૨ उद्वेगः प्रतिबन्धो वा भोगो वा स्यात्तु बाधकम् **પ્રતિબંધ**

ગોપીનાથ દાસ ગોવાળ

વાર્તા – ૭૯

(શ્રીગોવર્ધનનાથજીની ગાયોના ગોવાળ)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
ગોવર્ધન ગોવાળ	**તામસ**	**સનાઢય**	**ગોપાલપુર**

પૂર્વ પ્રસંગ બાળપણથી જ શ્રીગુસાંઈજીના સેવક થયા.

પ્રસંગ

૧. શ્રીગોવર્ધનનાથે વ્રજવાસીની ભેંસ શોધી આપી.

૨. શ્રીનાથજીએ લાડુ ગ્વાલોને વહેંચ્યા અને બે નંગ ગોપીનાથદાસને પણ આપ્યા.
સિ. મુ. ૧૮ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः

૩. શ્રીનાથજીએ ગોપાળદાસ ભીતરીયા પાસે શ્રીગુસાંઈજીને સમાચાર મોકલ્યા કે તેમને ભૂખ લાગી છે. તે જાણી શ્રીગુસાંઈજી ભર ઉનાળે ખૂલ્લા પગે સ્વયં શ્રીઠાકોરજીને શીતલ સામગ્રી આરોગાવવા વનમાં પધાર્યા.
અં. પ્ર. ૪ आज्ञेव कार्या सततं स्वामिंद्रोहोऽन्यथा भवेत्

ઉદ્ગાર વાક્યો

૧. ગોપીનાથ ગ્વાલે શ્રીનાથજીને કહ્યું – મહારાજ ! એક ભેંસ ખોવાઈ ગઈ છે એ બતાવી દો.

૨. શ્રીઠાકોરજી – ગોપાળદાસ તમે જઈને શ્રીગુસાંઈજીને કહો કે મને ખૂબ ભૂખ લાગી છે.

૩. શ્રીગુસાંઈજી – શ્રીનાથજી કયાં બિરાજે છે ? એ મને બતાવ – એમને ભૂખ લાગી છે. તેથી હું છાક લાવ્યો છું.

તત્વબોધ

૧. શુદ્ધભાવ હોય તો ઠાકોરજી પ્રસન્ન થઈને બોલે.
પુ. પ્ર. મ. ૧૬ शुद्धाः प्रेम्णातिदुर्लभाः **શુદ્ધ ભક્તો**

૨. પ્રભુ સર્વ કંઈ કરવા સમર્થ છે.
ન. ૨. ૨ सर्वेश्वरश्च सर्वात्मा निजेच्छातः करिष्यति **સામર્થ્ય**

૩. પ્રભુના સુખમાં જ હંમેશા તત્પર રહેવું. પોતાન દેહનો વિચાર ન કરવો.
બા. બો. ૧૫ नियतार्थ–प्रदानेन तदीयत्वं तदाश्रयः **તદીયતા – તદાશ્રય**

૪. પ્રભુની સેવા જાતે જ કરવામાં આવે તો જ આપ પ્રસન્ન થાય છે.
સિ. મુ. ૨ चेतस्तत्प्रवणं सेवा तत्सिद्धयै तनुवित्तजा **તનુવિત્તજા સેવા**

ુ ા ા

વાર્તા – ૮૦

(જે મજૂરી કરતાં, માળા તિલક છૂપાવી રાખતા.)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
	મનોહારિણી	**સાત્વિક**	**કણબી**	**ગુજરાત**
	પ્રતિમા			

પૂર્વ પ્રસંગ ગુજરાતથી ગોકુળ આવી સેવક થયા.

પ્રસંગ

૧. શ્રીઠાકોરજીના મનોરથ માટે મજૂરી કરવા રહ્યા. પણ માળા તિલક છૂપાવી દીધા.
પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं

ઉદ્ગાર વાક્યો

૧. શ્રીગુસાંઈજી – શાબાશ, તમારો ધર્મ રહ્યો. વૈષ્ણવનો તો આ જ ધર્મ છે.

તત્વબોધ

૧. પોતાની કમાઈના ધનથી કરેલ મનોરથ થી જ પ્રભુ પ્રસન્ન થાય.
સિ. મુ. ૨ चेतस्तत्प्रवणं सेवा तत्सिद्धयै तनुवित्तजा **તનુવિત્તજા સેવા**
૨. પોતાની વૈષ્ણવતા પ્રગટ કરી તેનો લૌકિક લાભ ન લેવો.
સિ. મુ. ૧૬ लोकार्थी चेद् भजेत् कृष्णं क्लिष्टो भवति सर्वथा **લોકાર્થી**
૩. ઠાકોરજીને ભોગ ધરીને જ પ્રસાદ લેવો.
સિ. ૨. ૬ तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् **સમર્પણ**
૪. વૈષ્ણવતા જતાવીને મેળવેલ ધનનો મનોરથ શ્રીનાથજીને પ્રિય નથી.
સિ. મુ. ૧૬ लोकार्थी चेद् भजेत् कृष्णं क्लिष्टो भवति सर्वथा **લોકાર્થી**

ા

વાર્તા – ૮૧

(જે વૃક્ષ સાથે ભગવદ્ વાર્તા કરતો.)

	સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
	ભાવાદ્બોધિકા	**રાજસ**	**બ્રાહ્મણ**	**ગુજરાત**
વૃક્ષ	**પેંચુ (નંદજીનો ગોવાળ)**			

પૂર્વ પ્રસંગ શ્રીગુસાંઈજી દ્વારકા જતા હતા ત્યારે રસ્તામાં બ્રાહ્મણના ગામ પાસે મુકામ કર્યો ત્યારે સેવક થયો.

પ્રસંગ

૧. ફરી જયારે શ્રીગુસાંઈજી તે બ્રાહ્મણના ગામ પાસેથી નીકળ્યા ત્યારે બ્રાહ્મણના ગામમાં અન્ય કોઈ વૈષ્ણવ ન હોવાથી જે વૃક્ષ નીચે તેને બ્રહ્મસંબંધ મળ્યું હતું તે વૃક્ષને વૈષ્ણવ જાણી ત્યાં બેસીને ભાગવત, ગીતાજી વ. વાંચ્યા કરતો. તે વૃક્ષનો શ્રીગુસાંઈજીએ ઉદ્ધાર કર્યો.
સં. નિ. ૮ तत् भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते

ઉદ્ગાર વાક્યો

૧. શ્રીગુસાંઈજી – અહીં તારો ગુજારો કેમ કરીને ચાલે છે ?
૨. બ્રાહ્મણ – એકવેળા આપ અગાઉ પધાર્યા ત્યારે જે વૃક્ષ નીચે મુકામ કર્યો હતો ત્યાં આપે મને શરણે લીધો હતો. ત્યારે વૃક્ષે પણ નિવેદન સાંભળ્યું હતું અને આપના પૂર્ણ પુરૂષોત્તમના દર્શન કર્યા હતા. ત્યારથી આ વૃક્ષને વૈષ્ણવ જાણી તેની નીચે ભગવદ્ ગુણગાન કરું છું.
૩. બ્રાહ્મણ – મહારાજ હવે મને કેટલો વિલંબ છે !

તત્વબોધ

૧. વૈષ્ણવે અલૌકિક બુદ્ધિ રાખવી.
૨. વૈષ્ણવનો ગુજારો ધનથી નથી પણ સત્સંગથી છે. ભગવદ્ ગુણગાનથી છે.
સં. નિ. ૬ विषयाक्रान्तदेहानां नावेशः सर्वदा हरेः **વિષયી**
ન. ૨. ૨ निवेदनन्तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः **સત્સંગ**
૩. વિષયીને વૃક્ષનો જન્મ મળે.
સં. નિ. ૬ विषयाक्रान्तदेहानां नावेशः सर्वदा हरेः **વિષયી**
૪. ભગવદીયના સંગે ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય છે.
૫. પોતાના મૂળ સ્વરુપનું અને મૂળ લીલાનું અનુસંધાન રહેવું જોઈએ.

ો ા ા

વાર્તા – ૮૨

(જે માળા તિલક છૂપાવી ભિક્ષા માંગતો.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
મૌરશિરી	**સાત્વિક**	**ગોડિયા બ્રાહ્મણ**	**ગૌડદેશ**

પૂર્વ પ્રસંગ ગૌડ દેશમાંથી આવી વૃંદાવનમાં વસી ગયા.

પ્રસંગ

૧. શ્રીગુસાંઈજી વૃંદાવનમાં આવ્યા ત્યારે તેને શરણે લીધો. અને આજ્ઞા કરી કે જેવો છે તેવો જ દેખાજે. માલા – તિલક છૂપાવી રાખજે.
પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

ઉદ્‌ગાર વાક્યો

૧. શ્રીગુસાંઈજી – તું માળા તિલક કરી મજૂરી કરશે તો તને વૈષ્ણવ જાણી તારી વસ્તુ બધા ખરીદશે. તથા વૈષ્ણવ જાણી ભિક્ષા દેશે, તો તારી વૈષ્ણવતા વેચાશે તેથી તું આમ જ રહે એ સારું છે.

તત્વબોધ

૧. વૈષ્ણવતાને ગુપ્ત રાખવી.
પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૨. દેહના નિર્વાહ માટે ભગવદ્‌ભાવ પ્રગટ ન કરવો.
સિ. મુ. ૧૬ लोकार्थी चेद् भजेत् कृष्णं क्लिष्टो भवति सर्वथा **લોકાર્થી**

૩. શ્રીગુસાંઈજીએ કૃપા કરી વગર પૂછે ઉપદેશ આપ્યો.
સિ. મુ. ૧૮ अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः **અનુગ્રહ**

ા

વાર્તા – ૮૩

(જેણે કહ્યું, પૂતનાને મારી. હવે બિલાડીથી ડરો છો ?)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
અંગના	**રાજસ**	**ક્ષત્રિય**	**કાશી પાસે**

પૂર્વ પ્રસંગ ઘરનાં સર્વ રોગના કારણે મરી જવાથી દુઃખી હતી તે જાણી ગામના એક વૈષ્ણવે તેને શ્રીગુસાંઈજીના શરણે જવા કહ્યું. જેથી તે આપને શરણે આવી.

પ્રસંગ

૧. બાઈની સાથે જ બાળકૃષ્ણ પોઢયા છે ત્યારે રાત્રે બિલાડી લડવા લાગી ત્યારે પ્રભુ ડરીને બાઈની ગોદમાં વધુ ભરાવા લાગ્યા. બાઈના પ્રયત્ન છતાં બિલાડી લડતી રહી નહિ ત્યારે તેને પ્રભુને ઉપાલંભ આપ્યો કે પૂતનાને મારી અને હવે બિલાડાથી ડરો છો ? તે સાંભળતા જ પ્રભુએ સાનુભાવ જતાવવાનું બંધ કર્યું. પછી અનેક વિનવણી પછી બોલવા લાગ્યા.
સં. નિ. ૮ तत् भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते **ભાવના**

ઉદ્‌ગાર વાક્યો

૧. ક્ષત્રાણી “ મહારાજ ! લાલજી ! હું બહાર કંઈક કામે જાઉં છું. તમે ફલાણી સામગ્રી ઘરમાં છે તે આરોગજો કુંજાઝારીમાંથી પાણી પીજો...... ”

૨. મહારાજ, તમે તો પૂતનાને મારી, મોટા – મોટા દૈત્યોને પણ માર્યા ત્યારે બીધા નહિ અને હવે આ દુષ્ટ બિલાડીઓથી બીઓ છો !

તત્વબોધ

૧. સુખ દુઃખને ભગવદીચ્છા માનવી તથા સેવા કરવી.
ન. ૨. ૬ पुष्टिमार्गस्थितो यस्मात् साक्षिणो भवताखिलाः **સાક્ષીવત્**
વિ.ધૈ.આ. ૧ विवेकस्तु हरिः सर्वं निजेच्छातः करिष्यति **હરીચ્છા**

૨. વૈષ્ણવે જીવમાત્ર પર કરૂણા કરવી.
પુ. પ્ર. મ. ૨૧ वैष्णवत्वंहि सहजं **સહજતા**

૩. વૈષ્ણવનો સંગ મળી જાય તો પ્રભુ સુધી પહોંચાડે.

૪. આપણો સઘળો સમય માત્ર પ્રભુ સુખાર્થે જ છે.
સિ. મુ. ૧ कृष्णसेवा सदा कार्या **કૃષ્ણ સેવા**

૫. પ્રભુની સેવા બાળભાવે સાવધતાથી કરવી તથા પ્રીતિથી કરવી.

સિ. મુ. ૧ कृष्णसेवा सदा कार्या **કૃષ્ણ સેવા**

૬. પ્રભુના સુખાર્થે વિકળ – વ્યાકુળતા રહેવી જોઈએ અને પ્રભુ સુખ પામે તો જ પોતાના મનને પ્રસન્નતા થવી જોઈએ.

૭. પ્રભુ કોઈને કોઈ રીતે ભક્તને સુખ આપવા માંગે છે.

૮. સ્થાયીભાવમાં રસાભાસ થાય તો પ્રભુ અપ્રસન્ન થતાં, પ્રભુ સાનુભાવ જતાવતા બંધ થઈ જાય.

૯. જે ભાવથી પોષણ થતું હોય તે ભાવમાંથી બીજોભાવ કરવો નહિ કેમ કે પ્રભુ પણ તે ભાવથી ભાવીત થઈ ગયા હોય છે.

સિ. મુ. ૨૦ अन्यथाभावमापन्नः तस्मात् स्थानात् च नश्यति **અન્યથા ભાવ**

૧૦. પ્રભુને આ માર્ગમાં માહાત્મ્ય કરતાં સ્નેહ વિશેષરૂપે છે. ભક્તવત્સલ પ્રભુ ભક્ત સામે બોલે જ્યારે ઈશ્વર બોલે નહિ.

ભ. વ. ૩ ततः प्रेम तथासक्तिः व्यसनं च यदा भवेत् **ભક્તિ**

૧૧. પ્રભુ દીનતાને કારણે ગમે તેવા અપરાધ પણ માફ કરી દેશે.

વાર્તા – ૮૪

(જે શ્રીરામચંદ્રજીથી પૂંઠ ફેરવીને ઊભો રહ્યો.)

સખી	ભાવ	જ્ઞાતિ	ગામ
રમણી	**તામસ**	**બ્રાહ્મણ**	**મથુરા**

પૂર્વ પ્રસંગ વૈષ્ણવ કુટુંબમાં જન્મ્યો હોવાથી બાળપણથી જ નામ નિવેદન પામ્યો હતો.

પ્રસંગ

૧. વ્રજના દર્શન કર્યા પછી તેને શ્રીરઘુનાથજી કેવા હશે ! તે જોવાની પ્રેરણા શ્રીનાથજીએ કરી જેથી અયોધ્યા ગયો. પણ શ્રીરામચંદ્રજીની સન્મુખ આવતાં જ તેને પોતાની અનન્યતાનું ભાન થયું. જેથી શ્રીરામચંદ્રજીથી પૂંઠ ફેરવી ઊભો. આપે તેની પરીક્ષા કરવા તેને શરીરે કોઢ કર્યો. ત્યારે તેને કહ્યું મારી તો દૃષ્ટિ શ્રીનાથજી સિવાય અન્ય જગ્યાએ જાય તો તો મને કીડા પડવા જોઈએ આવી અનન્યતા જાણી શ્રીરઘુનાથજીએ તેનો દેહ સુંદર કરી દીધો.

વિ. ધૈ. આ. ૧૪ अन्यस्य भजनं तत्र स्वतोगमनमेव च,
प्रार्थना कार्यमात्रेऽपि तथान्यत्र विवर्जयेत् **અન્યાશ્રય**

ઉદ્‌ગાર વાક્યો

૧. વૈરાગી – મને ધિક્કાર છે, વ્રજથી નીકળી અહીં આવ્યો. શ્રીનાથજીના દર્શન કરી મારું મન બીજે ઠેકાણે ગયું !

તત્વબોધ

૧. આચાર્યજીના ગ્રંથોનું ચિંતન કર્યા કરવું જોઈએ.

ભ. વ. ૧ बीजभावे दृढे तु स्यात् त्यागात् श्रवणकीर्तनात् **શ્રવણ – કીર્તન**

૨. પોતાના પ્રભુ પ્રત્યે અનન્યતાનો ભાવ જોઈએ.

વિ. ધૈ. આ. ૧૪ अन्यस्य भजनं तत्र स्वतोगमनमेव च,
प्रार्थना कार्यमात्रेऽपि तथान्यत्र विवर्जयेत् **અન્યાશ્રય**

૩. પોતાથી દોષ થાય તો તે માટે અપાર દુઃખ થવું જોઈએ.

વિ.ધૈ.આ. ૧૦ ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः **શરણ**

૪. આપણો વિનિયોગ માત્ર આપણા પ્રભુ માટે છે.

નિ. લ. ૧૮ श्रवणं कीर्तनं स्पष्टं पुत्र कृष्णप्रिये रतिः **પ્રભુમાં વિનિયોગ**